
અંક : ૮

વર્ષ : ૧૭

ઓકટોબર ૧૯૬૦

આસો ૨૦૧૬



સને ૧૯૫૬ ની જુલાઈની ૨૧ મીની કાળ રાત્રીએ ભયંકર ભૂકંપથી અંજારની ભૂમિ પર જે ખાનાખરાબી થયેલ તેમાં શ્રી શાંતિનાથ ભ. ના જિનાલયને પણ ભારી નુકશાન થયેલું હતું. આનો મૂળ પાયામાંથી જીર્ણોદ્ધાર કરી તૈયાર થયેલ જિનાલયનું એક ભવ્ય દશ્ય છે. જિર્ણોદ્ધાર શિલ્પકારશ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરાની દેખરેખ નીચે થયો છે.

કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા

સંપાદક: સોમચંદ ડી. શાહ



# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને | સં. | ૫૬૯ |
| આધુનિક ગાંડપણ : | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૫૭૧ |
| ધર્મ કોણ પામી શકે ? : | શ્રી શ્રમણશિશુ | ૫૭૩ |
| કુલદીપક : | શ્રી સૂર્યશિશુ | ૫૭૫ |
| માનવજીવનનો સાર : | પૂ. પંન્યાસજી માનતુંગવિજયજી મ. | ૫૭૯ |
| મનન માધુરી : | શ્રી વિમર્શ | ૫૮૧ |
| સર્વયાતનાનો એક માત્ર પ્રતિકાર : | પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મ. | ૫૮૩ |
| શાસન બંધારણનાં મૂળ તત્વો : | પંડિત શ્રી પ્રભુદાસ બહેચરદાસ | ૫૮૯ |
| વહેતાં વહેણો : | શ્રી સમીક્ષક | ૫૯૨ |
| સંસાર ચાલ્યો જાય છે : | વૈદ્ય મો. ચુ. ધામી | ૫૯૭ |
| વેરાયેલાં વિચાર રત્નો : | શ્રી સુધાવર્ષી | ૬૦૫ |
| સંગ્રહ અને ત્યાગ : | શ્રી નવીનચંદ્ર મગનલાલ શાહ | ૬૦૯ |
| ધાર્મિક ટ્રસ્ટો પર નિયમન લાવતો ખરડો | શ્રી કેશવલાલ મ. શાહ | ૬૧૩ |
| જૈન સંઘને નમ્ર નિવેદન : | | ૬૨૧ |
| સમાચાર સાર : | સંકલિત | ૬૩૧ |


## ✻ નવા સભ્યોની શુભ નામાવલી ✻

રૂ. ૨૧, શ્રી જૈન સાહિત્યમંદિર પાલીતણા પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. સાહેબની શુભ પ્રેરણાથી

રૂ. ૨૫, શ્રી ઉપાશ્રય વાસવાળા જૈનસંઘ બરલુટ પૂ. આ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. શ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી મ. ની શુભ પ્રેરણાથી.

રૂ. ૨૫, શ્રી ધર્મનાથ જૈન પેઢી વિશલપુર પૂ મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મ. શ્રીની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી કે. મહેન્દ્ર સીલ્ક ફેબ્રીક્સ સુરત શ્રી માણેકચંદ ડાહ્યાભાઈ ચોકસીની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી મોહન પાર્શ્વનાથની જૈન પેઢી બાલી પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મ. શ્રીની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી ભીખમચંદજી ભગાજી શાહ બાલી પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ. શ્રીની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, એક સદ્‌ગૃહસ્થ મદ્રાસ પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી મ. શ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મ. શ્રીની શુભપ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી જૈનસંઘ માલણ પૂ. પં. મ. શ્રી સુંદરમુનિ મહારાજશ્રીની શુભપ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી વસનજી માલશીની કુાં. મુંબઈ શ્રી લખમશી પી. શાહની શુભપ્રેરણાથી

રૂ. ૨૦, શ્રી જૈનસંઘ ઇડર પૂ. પંન્યાસજી મ. શ્રી પ્રવીણવિજયજી મ. શ્રીના શિષ્યરત્ન પૂ. પં. મહારાજ શ્રી મહિમાવિજયજી ગણિવરની શુભપ્રેરણાથી

રૂ. ૧૧, જૈન તપગચ્છ સંઘ ભૂજ પૂ. મુનિરાજ સુબોધવિજયજી મ. ની શુભપ્રેરણાથી

રૂ. ૧૦, શ્રી મોહનલાલજી જૈન જ્ઞાન ભંડાર સુરત પૂ. મુનિરાજશ્રી લલીતમુનિ મ. શ્રીની શુભપ્રેરણાથી

રૂ. ૧૦, શ્રી જૈન સંઘ થરા પૂ. પંન્યાસજી પ્રભાવવિજયજી મહારાજની શુભપ્રેરણાથી

( અનુસંધાન ટાઇટલ ૩ જું )

# ઉઘડતે પાને

સમાજમાં શ્રધ્ધા, સાત્ત્વિકતા તથા સંસ્કારના પ્રચાર કાજે પ્રયત્ન કરતા 'કલ્યાણ'નો આ અંક શુભેચ્છકોનાં કરકમલમાં મૂકાશે તે દરમ્યાન વિક્રમનું જૂનું વર્ષ ૨૦૧૬ વિદાય લેવાની તૈયારીમાં હશે ! ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણનું જૂનું વર્ષ-૨૪૮૬ પૂર્ણ થશે ને નવું વર્ષ બેસશે; અનંતકાળ જ્યારે આમ ને આમ ચાલ્યો ગયો છે, ત્યારે એક વર્ષ કયા હિસાબમાં ? કાલના અનંતચક્રમાં એકવર્ષનો આંટો વિશાલ સ્વયંભૂરમણના જલરાશિ આગળ એક બિંદુ જેવો જ કહી શકાય !

દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવનાં નિર્વાણ કલ્યાણકના આ અવસરે આપણને તેઓશ્રીએ સ્વમુખે ફરમાવેલ ભાવિકાલના વિષમ સ્વરૂપની આજે ખરેખર ઝાંખી થઈ રહી છે. 'દેશો ખળભળતા રહેશે; અને સત્તાસ્થાને રહેલાઓ બધેથી પૈસા ભેગા કરવાની વૃત્તિ રાખશે. હિંસા, જુઠ તથા લોભ ઈત્યાદિ અધર્મો ફાલ્યા-ફૂલ્યા રહેશે' આ હકીકત ખરેખર આજે સ્પષ્ટ રીતે જોવાઈ રહી છે. આજે ભારતમાં કોંગ્રેસીતંત્રમાં કુદકે ને ભૂસકે હિંસા વધી રહી છે. સરકાર કેવલ પૈસા ભેગા કરવા પરદેશમાં માછલાઓ તથા પ્રાણીઓના અંગો ખોરાક તરીકે ધકેલી રહી છે, ને વર્ષ દરમ્યાન ક્રોડો રૂ. પેદા કરી રહી છે. જ્યારે એક સ્થળે નદીનું પૂર મર્યાદા લંઘે કે ક્રોડોનું નુકસાન એક જ ઝપાટે સરકારને આવે છે, આવાં તો ક્રોડોના નુકશાન સરકાર દરવર્ષે ભોગવી રહી છે. છતાં હિંસાનો વ્યાપાર ને માછલા આદિના ખોરાકનો પ્રચાર આજની સરકાર કરી રહી છે, તે એટલું જ કમનશીબ છે.

ધાર્મિક ટ્રસ્ટો પર નિયમન લાવતો જે ખરડો હાલ મધ્યસ્થ પાર્લામેન્ટે પ્રવર-સમિતિને સોંપ્યો છે, તે તો ખરેખર જૈનસમાજ પર તેના ધાર્મિક સ્વાતંત્ર્યને ગુંગળાવી નાંખવા દ્વારા અત્યાચારરૂપ છે. ટ્રસ્ટો પર કમિશ્નરની અમર્યાદિત સત્તા, અને સરકારનો દરેક બાબતમાં હસ્તક્ષેપ તેમજ ટ્રસ્ટના ઉદ્દેશ સિવાય ગમે તે કાર્યમાં ટ્રસ્ટના નાણાંનો ઉપયોગ, ટ્રસ્ટી તરીકે ગમે તેને નિયુક્ત કરવાની કમિશ્નરને સત્તા ઇત્યાદિ અનેક બાબતો એવી છે કે જે પરથી સ્હેજે એમ થઈ જાય કે, આ બીલ દ્વારા સરકારનો આશય ટ્રસ્ટીઓ તેના ઉદ્દેશને અનુરૂપ વ્યવસ્થિત કે પ્રામાણિક વહિવટ કરે તે છે, તે કહેવા કરતાં સરકારની કે બીલના ઘડવૈયાઓની મનોવૃત્તિ હિંદુઓના ધાર્મિક સ્થાનો, તેમજ તે સમાજની પવિત્ર મીલ્કતો પર જાણે અનુચિત હસ્તક્ષેપ કરવાની હોય તેમ અમને સમજાય છે.

આજે આપણી સર્વ કોઈની પ્રથમ ફરજ છે કે, ભારત સરકાર સમક્ષ સર્વ રીતે આ બીલની સામે વિરોધ પ્રદર્શિત કરવો. આજના લોકશાસનવાદમાં વિરોધ તે પણ સક્રિય વિરોધ પ્રદર્શિત કરવો તે સર્વ કોઇનો અબાધિત હકક છે. અમને અવશ્ય આશા

છે કે, જૈન સમાજના પત્રો આવી બાબતમાં પોતાનો સચોટ વિરોધ પ્રદર્શિત કરશે સમાજના ન્હાના-મોટા દરેક વર્ગે ગામે-ગામના સંઘોએ આવી બાબતોમાં સખ્ત વિરોધ ભારત સરકારને પહોંચતો કરવો. હિંદુસમાજને આ ધારો સ્પર્શતો હોવા છતાં હિંદુ-સમાજ કેમ લગભગ મૌન જેવો છે તે સમજી શકાતું નથી. ભારત સરકાર એટલી ડાહી છે કે, આવો કડક ધારો તેણે મુસ્લીમ કોમના ધર્મસ્થાનો કે તે કોમની ધાર્મિક મિલ્કતો પર ઠોકી બેસાડવાનો વિચાર નથી કર્યો. નહિતર આખા ભારતમાં શું પણ પાકીસ્તાન, ઈરાન, ઈરાક, ઈજીપ્ત તથા તુર્ક, અફઘાનીસ્તાન અને દુનિયાના મુસ્લીમ દેશોમાં ખળભળાટ જન્મ્યો હોત !

હિંદુ તથા જૈનસમાજની આ નબળાઇ ભારત સરકાર પિછાણે છે; માટે જ આ ખરડો લોકસભામાં રજૂ થઇ શકયો છે. હિંદુ તથા જૈન સમાજે પોતાની નબળાઈને ખંખેરીને ધર્મઝનૂનથી નહિ, પણ ધર્મ ધગશથી આ ધારો કાયદો ન બની જાય તે માટે સતત આંદોલનો ઉઠાવવા જોઇએ. 'કલ્યાણ' આવા પ્રશ્નોમાં સમાજના સત્ત્વ, સંસ્કાર, શ્રદ્ધા તથા ધર્મધગશને ઉપયોગી પ્રત્યેક પ્રવૃત્તિઓને ઉત્તેજે છે; તેમાં પ્રેરણા આપે છે, ને આપતું રહેશે તેની સર્વ શુભેચ્છકો નોંધ લે !

ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ કલ્યાણકના પ્રસંગે 'કલ્યાણ' સમાજને એક જ હકીકત પોકારી-પોકારીને કહે છે કે, જગતમાં ભગવાનનું શાસન, ભગવાનનો ધર્મ મંગલ છે, શરણ છે, તથા સર્વજનહિત માટે સતત પ્રયત્નશીલ છે. આ શાસનના પ્રાણભૂત જે કાંઇ સત્યો તત્ત્વો તથા રક્ષણીય મિલ્કતો છે; તેના રક્ષણ માટે સર્વ કોઇએ જાગતા રહેવું જોઈશે. તો જ વર્તમાનકાલમાં આપણે ગૌરવપૂર્વક જીવી શકીશું. દેશની આબાદિનો આધાર ધર્મશ્રદ્ધા તથા ધર્મ પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી ઉપર રહેલો છે, એ કદિ ભૂલવું જોઈતું નથી.

વિક્રમના વીતેલા વર્ષની સંધ્યાયે અને નૂતનવર્ષની મંગલ ઉષાના અવસરે આપણે એક જ ભાવના રાખીએ છીએ કે સર્વ કોઈ શ્રેયને સાધી મંગલમય બનો ! દુઃખ દારિદ્રય, અધર્મ, તથા પાપના સંતાપોથી સર્વ કોઇ પર બની સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા ધાર્મિકતાને પામો ! ને યશ, ઐશ્વર્ય, આનંદ તથા ધર્મભાવનાનાં વાતાવરણથી વિશ્વ ગાજતું રહો ! સર્વ કોઈ ઉર્ધ્વગતિગામી બનો ! 'કલ્યાણ' સર્વ કોઈનું આજના મંગલ અવસરે કલ્યાણ ઇચ્છે છે !

---

[ અનુસંધાન પેજ. ૫૭૨ થી ]

દિવસમાંથી કેવળ આવા પાંચ-દસ દિવસો ખાતર ધર્મપ્રચારના લલચામણા બહાને આ રીતના આધુનિક ગાંડપણને સ્વીકારવું એ કોઇપણ દષ્ટિએ ઉચિત નથી, આવકારદાયક નથી કે હેતુની સિદ્ધિ કરનારૂં પણ નથી.

અને જેને ધર્મ પામવો છે તે કંઈ ધ્વનિવર્ધક યંત્રો દ્વારા જ પામી શકે એવું કોઈ ચોકકસ માપ પણ નથી.

આજે રાજકીય સંસ્થાઓની વિરાટ સભાઓમાં ધ્વનિવર્ધક યંત્રો ગર્જતા હોય છે અને લોકો શું મેળવે છે? દેશોદ્ધારની કઇ કવિતા લોકહૈયાને સ્પર્શી શકી છે?

વર્ષ : ૧૭ ⊙ અંક : ૮

# કલ્યાણ

આસો ⊙ ૨૦૧૬

## આધુનિક ગાંડપણ

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

યુગબળના નામે અથવા તો સમયની સાથે તાલેતાલ મિલાવીને ચાલવાના બહાને અથવા તો ધર્મના પ્રચારના નામે કેટલીકવાર હેતુ ઉત્તમ હોય છતાં અનિષ્ટ તત્ત્વોને આવવાનો ભય રહે છે. ભય નહિ પણ ખરેખર અનિષ્ટ તત્ત્વ દાખલ થઇ જતું હોય છે.

આપણા સમાજ સામે કેટલાક સજ્જનોએ એક વિચાર રજુ કર્યો છે. એ વિચારનો આશય એ છે કે 'જૈન સાધુઓના પ્રવચન સમયે જો ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવાનું શ્રી સંઘ નક્કી કરે તો ધર્મનો, સદ્વિચારોનો અને સંસ્કૃતિના આદર્શનો પ્રચાર થઇ શકે.'

આ વિચાર પાછળ રહેલા હેતુનો કોઇ વિરોધ નહિ કરી શકે કારણ કે હેતુ ધર્મ-પ્રચારનો છે. જૈનજ્ઞાનના ઉત્કર્ષનો છે. લોકો જૈનદર્શને રજુ કરેલા સદ્વિચારો સાંભળી શકે એવો છે.

આ વિચારને સમ્મતિની મહોર મારવામાં આવે તો એનું પરિણામ ખરેખર હેતુની સિદ્ધિમાં આવે કે બીજું જ કંઈ આવે એ પ્રશ્ન ઉપેક્ષા કરવા જેવો નથી.

પહેલી વાત તો એ છે કે ધ્વનિવર્ધક યંત્ર હોય કે ન હોય પણ જ્યાં સુધી શ્રોતાઓનાં માનસમાં શિસ્ત અને શાંતિનો અભાવ હોય છે ત્યાં સુધી હેતુ કદિ પણ સિદ્ધ થઈ શકતો નથી. આપણા સમાજજીવનમાંથી શિસ્તની ભાવના લગભગ અદશ્ય થઈ છે અને કોઇપણ સામુદાયિક મેળાવડાઓમાં અથવા તો તત્ત્વજ્ઞ મુનિવરોના વ્યાખ્યાનોમાં આપણે કેવી રીતે વર્તતા હોઇએ છીએ ? અને દિવસે દિવસે કેટલા ઘોંઘાટ–પ્રિય થતાં જઈએ છીએ, તે હકિકત માટે પુરાવાઓ એકત્ર કરવા જવું પડે તેમ છે નહિં. આપણી આંખ સામે એ વસ્તુ વરસોથી જ પડેલી છે.

શ્રોતાઓ શિસ્ત અને શાંતિ કેળવતાં થાય તો ગમે તેવી વિરાટ સભામાં પણ વ્યાખ્યાતાનો બોલ સંભળાયા વગર ન રહે; કારણ કે આપણી વ્યાખ્યાનપીઠ બહુધા ઉપાશ્રયમાંજ હોય છે. અને ઉપાશ્રયની રચના પણ એવીજ હોય છે કે કોઇપણ વકતાનું પ્રવચન સાંભળનારાઓમાં શિસ્ત અને શાંતિપ્રિયતા હોય તો સર્વ સહેલાઇથી સાંભળી શકે.

બીજું એક ભયસ્થાન એ પણ પડયું છે કે હિતના નામે અથવા તો ધર્મપ્રચારના નામે એક નાની શી છૂટ લેવા જતા અમુક કાળ પછી એ કેડી પોતેજ રાજમાર્ગ બની જતી હોય છે.

અને પછી તો એ વિચાર પણ ઉભો થાય કે–જૈન સાધુઓ પગે ચાલીને પ્રવાસ કરે છે એમાં ઘણો સમય નકામો વેડફાઈ જાય છે અને જૈનધર્મના પ્રચારમાં મોટો અવરોધ ઉભો થાય છે. જૈન સાધુઓ આધુનિક વિજ્ઞાને નિર્માણ કરેલાં વાહનો દ્વારા પ્રવાસ કરે તો તેઓ ઘણા શહેરો–ગામડાંઓ અને કસ્બાઓમાં વસતી જૈન જનતાને ત્વરિત માર્ગદર્શન આપી શકે.

આવતી કાલે એવો પણ વિચાર આવે કે કેટલીક વખતે પ્રતિક્રમણની પવિત્ર ક્રિયામાં નથી ઉચ્ચારશુદ્ધિ જળવાતી, નથી શાંતિ જળવાતી કે નથી હેતુની સિદ્ધિ થતી. જો સ્પષ્ટ ઉચ્ચારવાળા પંડિતો દ્વારા પ્રતિક્રમણની રેકર્ડો તૈયાર કરીને જૈનસમાજ સમક્ષ મૂકવામાં આવે તો ઘેરઘેર ધર્મનો ઘોષ ગુંજતો જાય...અનેક જૈન પરિવારો પોતાના ઘેર બેસીને પવિત્ર એવું પ્રતિક્રમણ ખૂબજ શાંતિથી કરી શકે...વરસમાં કેવળ એકજ વાર પ્રતિક્રમણ કરનારાઓને પણ આવું આધુનિક સાધન હોય તો ઘેર બેઠા અવારનવાર આ મંગલ ક્રિયા કરવાની તક મળે.

અને આપણા ઉપવાસ, આયંબિલ કે બીજા વ્રતો એટલાં બધાં ક્લિષ્ટ છે કે એમાં કંઇક પરિવર્તન કરીને રજુ કરવામાં આવે તો ઘણા લોકો ઉપવાસ કરતાં અચકાય છે તેઓ સરલતાથી ઉપવાસ કરી શકે અને ઉપવાસમાં વિશેષ કંઈ નહિ તો ચા–કોફી કે એવું હળવું પ્રવાહી લેવા પુરતીજ છૂટ રાખવી જોઈએ, આવી નાની શી છૂટ રાખવા જતાં હજારો જીવોને તપનું આરાધન કરવા તરફ સહેલાઈથી વાળી શકાય છે.

આમ ધર્મના હિતના નામે આવાં અનેક પરિવર્તનો શકય બનાવી શકાય છે....સમયના તાલે તાલે ચાલવાનો ગર્વ પણ લઈ શકાય છે.

અને બીજું જે ભાઇઓને ધર્મપ્રચારનાં શુભ્ર હેતુ ખાતર ધ્વનિવર્ધક યંત્રનો વિચાર આવ્યો છે અને જે ભાઈઓને એ વિચાર પ્રત્યે સહાનુભૂતિ પ્રગટી છે તે ભાઇઓએ આવા સાધનો વસાવવા પાછળ રહેલા આર્થિક બોજનો કોઈપણ વિચાર કર્યો હોય એમ લાગતું જ નથી.

એક તરફ આપણો સમાજ ઉત્તરોત્તર આર્થિક ક્ષયરોગથી ઘેરાતો જાય છે. લોકોને પોતાનું જીવનધોરણ કેમ ટકાવી રાખવું એ એક વિરાટ પ્રશ્ન બની ગયો છે. અને બીજી રીતે પણ આપણા સ્થાપત્યો અને આપણા નિર્માણોને યથાવત્ જાળવી રાખવા જેટલું પણ આપણી પાસે આર્થિક બળ છે કે કેમ? એ એક કોયડો પડયો છે. અને આ સંયોગોની ઉપેક્ષા કરીને આપણે આવાં આધુનિક સાધનો પાછળ પાગલ બનવાની વૃત્તિ કેળવીએ તો એ તો આર્થિક બોજ સ્વર્ગનાં કોઇ દેવતાઓ આવીને ઉપાડવાનાં નથી. આપણે જ ઉપાડીને ચાલવાનું છે.

ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગથી પાપ થાય છે કે પુણ્યનો બંધ બંધાય છે એ સવાલ એક અલગ વાત છે. સંપૂર્ણ અહિંસામાં માનનારૂં એક દર્શન ઓછામાં ઓછી કેટલી હિંસાનો આશ્રય લઈ શકે એ સવાલ આપણા મુનિસમાજે વિચારવાનો છે. કારણ કે મન–વચન–કાયા વડે અહિંસક રહેવાનું એમનું વ્રત છે.

હું તો કેવળ એકજ દૃષ્ટિએ આધુનિક વિજ્ઞાને નિર્માણ કરેલા સાધનો સામે લાલબત્તી ધરૂં છું કે એ સાધનો આપણા સમાજ માટે આર્થિક દૃષ્ટિએ બોજા રૂપ છે અને આપણા મુનિવરોના નિયમિત થતાં વ્યાખ્યાનોમાં એટલા શ્રોતાઓ પણ હોતા નથી કે જેને સાંભળવા માટે ધ્વનિવર્ધક યંત્રોની ગરજ ઉભી થાય. માત્ર પર્યુષણ પર્વના દિવસોમાં મોટા ભાગના જૈનો પુણ્યોપાર્જનની આશાએ ઉપાશ્રયનાં દર્શન કરતાં હોય છે. તો પછી વરસના ત્રણુસો પાંસઠ

( અનુસંધાન પાન ૫૭૦ )

# ધર્મ કોણ પામી શકે ?

**શ્રી શ્રમણશિશુ**

⊙

ધર્મ કોણ પામી શકે? એ પ્રશ્ન અતિ-મહત્વનો છે. પ્રત્યેક મુમુક્ષુના વિચારનો તે સર્વ પ્રથમ વિષય છે. એ પ્રશ્નના ઉત્તરને જાણ્યા વિના ધર્મમાં પ્રવેશ દુઃશકય છે. એ પ્રશ્નના ઉત્તરને જાણ્યા પછી પણ તે ઉત્તર મુજબ જો અંતર (હૃદય) ન કેળવાય, તો પણ ધર્મ પ્રાપ્ત થતો નથી.

'ધર્મ કોણ પામી શકે-?' એટલે ધર્મની પ્રાપ્તિ માટે યોગ્ય કોણ ? અર્થાત્ ધર્મપ્રાપ્તિ માટેની યોગ્યતા કયાં વસે છે ?

ધર્મપ્રાપ્તિ માટે જોઈએ છે મનુષ્યનું હૃદય એટલે માનવતા. માનવતા ત્યાં જ હોઈ શકે કે જ્યાં સજ્જનતા હોય. સજ્જનતા એટલે મૈત્રીથી પરિપૂર્ણ હૃદય. બીજાને મદદ કરવા માટે જે હૃદય સદૈવ તત્પર હોય, જે હૃદયમાં સર્વ જીવો-ના હિતની ચિંતા નિરંતર વિલાસ કરતી હોય, તે છે મૈત્રીથી પરિપૂર્ણ અંતઃકરણ.

હૃદયમાં મૈત્રીના પ્રવેશ વિના ધર્મનો પ્રવેશ અશકય છે. બીજાને દુભવવાનો લેશ પણ વિચાર હૃદયમાં છે, તે હૃદય માનવનું હૃદય નથી. જેમાં સૌના હિતની ચિંતા છે, તે છે માનવનું પરમ હૃદય.

જયાં સજ્જનતા હોય, ત્યાં આગ્રહ ન હોય. આગ્રહ એટલે અશુભ-અકલ્યાણકારી કલ્પનાઓથી બંધાઈ ગયેલું હૃદય. જેનાં બારણા કલ્યાણ માટે બંધ છે, એવું હૃદય તે આગ્રહગ્રસ્ત હૃદય. તાત્પર્ય કે ધર્મપ્રાપ્તિ માટે હૃદય સરલ હોવું જોઇએ. જે હૃદયમાં સરલતા-ઋજુતા છે, તેમાં જ શુદ્ધિ થઇ શકે છે અને જે હૃદય શુદ્ધ છે, તેમાં જ ધર્મ રહે છે ?

સજ્જનતા, સરલતા, માનવતા વગેરેને હવે આપણે દૃષ્ટાંતો દ્વારા સ્પષ્ટ સમજી લઈએ.

એક ગામડામાં રાતના પ્રતિક્રમણ પછી સાધુના ઉપાશ્રયમાં એક ગરાસીઓ આવ્યો. એક સાધુ મહારાજના પગને સ્પર્શ કર્યો. એ એણે સ્પર્શથી એના આત્મામાંથી કેટલા અશુભ કર્મો ખરી પડયા હશે, અને કેવું સુંદર પુણ્ય બંધાયું હશે એ તો સર્વજ્ઞ ભગવંત જ જાણે. બાકી એ સ્પર્શની પાછળ જે અપૂર્વ ભાવ હતો, તે સ્પષ્ટ પ્રતીત થતો હતો.

સાધુ મહારાજે એની યોગ્યતા મુજબ એને ધર્મ સંભળાવ્યો. સાંભળતી વખતે તેનો હર્ષ તેનાં વચનો દ્વારા સ્પષ્ટ વ્યકત થતો હતો. તે વચ્ચે વચ્ચે પ્રશ્નો પણ પૂછતો. એના પ્રશ્નો સાવ સીધા અને બાળક જેવા હતા. એ પ્રશ્નો પાછળ હતું નિર્દોષ હૃદય, સાધુ મહારાજના એક એક વચને તેના હૃદય પર જાદુઇ અસર કરી. સાધુએ બતાવ્યું, તે બધું કરવા માટે તે તત્પરતા બતાવતો હતો. અડધા કલાક પછી તેણે વિદાય લીધી. તે તો આખી રાત બેસી રહે તેવો હતો, પણ કોઈક ઠેકાણે ભજનના કાર્યક્રમમાં તેને હાજર થવાનું હતું.

તે પછી તેનો બીજો ભાઈ આવ્યો, તે પણ પેલા ભાઈ જેવો જ. તે પણ ધર્મ સાંભળીને ગયો. તે પછી તેનો ત્રીજો ભાઇ આવ્યો. તે તો પૂર્વના બે કરતાં ચઢીયાતો. પરોપકાર તો તેના રોમરોમમાં વણાઇ ગયો હતો. સાધુ મહાત્માએ

તેના વર્તમાન જીવનમાં તે શું શું કરે છે, તે જાણવા કેટલાંક પ્રશ્નો કર્યાં. તેના ઉત્તરો સાંભળીને તો સાધુ મહાત્મા પણ ચકિત થઇ ગયા. ન્યાયસંપન્ન વૈભવ, દયાલુતા, મૈત્રી, સજ્જનતા વગેરે અનેક ગુણો તેના ઉત્તરોમાંથી ઝરતા હતા. તેના વૃદ્ધ પિતાએ તેને શિખામણ આપી હતી કે 'બેટા ! જગત પાસેથી તું કાંઈપણ લઇશ નહીં', તારી પાસે જે જે છે, તે બધું જગતની સેવામાં આપતાં જરાપણ અચકાઈશ નહીં !' સાધુ મહાત્માએ તેને પણ તેની યોગ્યતા મુજબ થોડો ધર્મ સંભળાવ્યો. સાંભળીને તે હર્ષિત થયો.

સવારમાં સાધુઓએ ત્યાંથી વિહાર કર્યો. ત્રીજો ભાઈ દોઢ માઇલ સુધી સાથે આવ્યો. આટલે દૂર આવ્યો છતાં તેને એમ લાગતું હતું કે હજી વધુ દૂર જવું જોઇએ ! તે તો કહે, હું સામેના ગામ સુધી આવું !'

★

ગરાસીઆમાં માનવતા વિલસતી હતી. એ માનવતા જોઈને ધર્મને પણ ત્યાં પ્રવેશ કરવાનું મન થઈ જાય ! એવા લોકો ઇચ્છે કે ન ઇચ્છે પણ ધર્મને ત્યાં આવવું પડે છે.

બીજા એક દૃષ્ટાંતને આપણે વિચારીએ.

એક ગામની બહાર એક ધર્મશાળામાં એક [જૈનેતર] મહાત્મા પુરુષ રહેતા હતા. તે ધર્મશાળા એટલે લગભગ એક આશ્રમ જેવી હતી.

એ મહાત્મા વસ્ત્રોમાં ફક્ત એક ધોતિયું અને બે ધાબળા જ રાખતા હતા. એક ધાબળાનો તે શય્યા તરીકે ઉપયોગ કરતાં અને ટાઢ હોય તો બીજો ઓઢવામાં વાપરતા, વધુ ટાઢ હોય તો બંને ઓઢી લેતા.

એક વખત રાત્રે તેમની ઓરડીમાં એક ચોર પેઠો. મકાનમાં બીજું કાંઈ નં હોવાથી તેની નજર તે મહાત્માના માથા નીચે વાળીને મૂકેલા ધાબળા પર પડી.

એકદમ ધાબળો ખેંચીને તે તો પલાયન થઇ ગયો. મહાત્મા બીજો ધાબળો લઇને તેની પાછળ દોડયા.

ચોર ગભરાયો. વેગથી દોડવા લાગ્યો. મહાત્મા પણ વેગથી દોડયા.

મહાત્માએ બૂમ પાડી " એ ! ઉભો રહે!"

મહાત્માથી ગભરાઈને ચોર ઉભો રહ્યો તેણે કહ્યું 'શું છે?'

મહાત્માએ પૂછયું, ધાબળો શા માટે લઇ જાય છે "

ચોર બોલ્યો, "મહારાજ મારી પાસે ઓઢવાનું સાધન નથી. ટાઢ બહુ છે?"

મહાત્મા બોલ્યા, "ભાઇ હું એજ માટે તારી પાછળ દોડયો છું. ટાઢ બહુ જ છે. લે આ બીજો ધાબળો પણ લેતો જા !"

મહાત્માના મુખમાંથી નીકળતા અમૃત વચનો સાંભળીને ચોર તો અવાક જ બની ગયો અને એકદમ મહાત્માના ચરણોમાં નમી પડયો!

આ હતી આર્ય ભૂમિની સજ્જનતા. આવા મહાત્માઓના હૃદયસિંહાસન ઉપર ધર્મરાજ પધારવા માટે સદૈવ તૈયાર હોય, એમાં આશ્ચર્ય જ શું !

જ્યાં ઉદારતા નથી, સજ્જનતા નથી, પરોપકારબુદ્ધિ નથી, બીજાઓના સુખ-દુઃખનો વિચાર નથી અને ઋજુતા નથી, તે હૃદયને ધર્મ સો ગાઉથી નમસ્કાર કરે છે ! જ્યાં ઉદારતા છે, સજ્જનતા છે, પરોપકાર છે, પારકાના હિતની સદૈવ ચિંતા છે અને બીજાના હિતથી પોતાનું હિત થાય છે,' એવો દૃઢ વિશ્વાસ છે અને સરલતા છે, તે હૃદયમાં ધર્મ પ્રવેશ પામે છે, વિકસે છે, સ્થિર થાય છે અને ત્યાં રહીને તે સૌનું કલ્યાણ કરે છે !

# કુલ દીપક

કલ્યાણની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી સૂર્યશિશુ

**પૂર્વ પરિચય :** રૂપસેનકુમાર જંગલના મૂલીયાને સૂંઘીને વાનરરૂપ કરી કનકપુર પહોંચે છે. ને માલણદ્વારા વાનરરૂપે રાજકુમારી કનકવતીના આવાસમાં જાય છે; રાજકુમારી તેના પરની પ્રીતિથી ખીંચાઇને તેને રાખે છે. વાનર મૂલીયા સૂંઘીને કુમારરૂપે પ્રગટ થાય છે. રાજકુમારી પોતાના પ્રિયતમને જોઇને પોતાના પૂર્વકૃત અકાર્ય માટે ક્ષમા માંગે છે, રૂપસેનકુમાર ગંભીરતા તથા ધૈર્ય ગૂમાવીને ડંખ રાખીને રાજકુમારીને મૂલીયા સૂંઘવા આપે છે. કુમારી વાનરી બને છે. કુમાર તેને રાજભવનમાં સ્થંભ સાથે સાંકળથી બાંધીને કંથા આદિ વસ્તુઓ લઇ ત્યાંથી નીકળી જાય છે.

**હવે વાંચો આગળ :**

⊙

કુમારી કનકવતીનાં પ્રાસાદની પરિચારિકા પ્રાસાદનાં દરેક દ્વારો ખુલ્લા કરતાં કરતાં કુમારીના શયનખંડ સમીપ આવી તો દ્વાર ખુલ્લા હતા અને કુમારીની શય્યા ખાલી પડી હતી. શયનખંડમાં કુમારી દેખાતા ન હતાં. પરંતુ ત્યાં એક સ્થંભે બાંધેલી વાનરીને જોઈ. પરિચારિકા વિચારવમળમાં લથડી.

'અહીં કુમારીને બદલે શૃંખલાબદ્ધ વાનરી કયાંથી ? અને વાનર અદૃશ્ય ! એકાએક આ શું ? કુમારી બા કયાં ગુમ થયા છે ? આમ વિચારી મહેલના એક એક સ્થાન તપાસ્યા પરંતુ કનકવતીનો કયાંય પત્તો ન મળ્યો.'

તે કારણથી વિહ્વળ થયેલી દાસીએ સર્વ વૃત્તાન્ત રાજાને જણાવ્યો કે, 'કનકવતીકુમારી આજ સવારથી મહેલમાં દેખાણા નથી પરંતુ તેને સ્થાને એક મર્કટી સ્થંભ સાથે બાંધેલી છે.'

રાજા વગેરેએ ત્યાં આવીને જોયું ત્યારે મનમાં ખેદ થયો. તેનાં મનમાં અનેક તર્કો ઉપસ્થિત થવા લાગ્યા. આ કોઈપણ શાકિનીએ છળ કર્યું હશે ? કોઈની પણ દુષ્ટ દૃષ્ટિનું કારણ ? અથવા કોઈ હૈયાના નિસાસા કે પાપનું ફલ ? અગર કોઈ દુષ્ટે મંત્રબળથી વશ કરીને વાંદરી બનાવી લાગે છે. નહિતર વૈરીદેવના વૈમનસ્યથી વાંદરીપણાને પામી હશે ?

આ પ્રમાણે મનતરંગોને સ્થિર કરી ન શકયો અને કુમારીનાં અદૃશ્યપણાના કારણને શોધી ન શકયો. લાડીલી કુમારી કનકવતીની ગેરહાજરીથી વ્યાકુલ થયેલા રાજવી કનકસેને સારા ય શહેરમાં તપાસ કરાવી, પરંતુ કયાં ય પણ તેણીની તલાશ હાથ ન લાગી. એથી રાજાએ સર્વ દાસદાસીઓને પૂછયુ; 'ગઈ કાલે અત્રે કોઈ આવ્યું હતું ?

'સદૈવ પુષ્પો લઈને આવતી માલણ પુષ્પો આપવા માટે આવી હતી. અને તે તેની સાથે એક વાનર લાવી હતી. તે સિવાય અન્ય કોઈજ આવ્યું ન હતું.

'અમે ફકત આટલી જ હકીકતથી વાકેફગાર

છીએ. અન્ય કાંઇપણ જાણતા નથી. હાલ તમો જુઓ છો તે અમે નિહાળીએ છીએ.

વાનરીની આંખમાંથી માનવની જેમ આંસુ પડતા હતા. અને દીન વદને સર્વ તરફ દયામણી નજરે જોતી હતી. હાથના ઇશારાથી કંઈક કહેવા ઇચ્છતી હતી. પરંતુ લાચાર ! કારણ મૂકપણાથી વાણીઝરણાંનો સ્રાવ બંધ પડી ગયો હતો. એના હરેક હાવભાવ મનુજ જાતિને મળતા આવવાથી રાજાનો સંશય વધ્યો. કુમારી કનકવતી પ્રખર પાપ ઉદયે કોઇકની અદૃષ્ટ અવ-કૃપાનો ભોગ થઈ પડી છે.

ચિંતાતુર દિલે રાજાએ સભામાં આવી બુદ્ધિસાગર મંત્રીને કુમારીનું સ્વરૂપ કહ્યું. સર્વ બિના સાંભળતા જણાય છે કે માલણે જ આ અકાર્ય કર્યું લાગે છે. માલણનાં જ આ કામણ-ટુમણ છે.

એથી માલણને રાજસેવકો સભામાં બોલાવી લાવ્યા. રાજ આદેશને આધીન તે માલણ ભય વડે ધ્રુજતી ધ્રુજતી સભામાં આવી. ખરેખર પ્રવાસ સમાન વૃદ્ધાવસ્થા નથી. ગરીબાઈ સમાન પરાભવ નથી. મરણ સમાન ભય નથી અને ક્ષુધા સમાન વેદના નથી.

ક્રોધાયમાન થયેલ રાજાએ એકદમ ઉચ્ચ સ્વરે કહ્યું; દુષ્ટા ! ગામમાં તો બીજા ઘણાં માણસો છે. છતાં મારા જ ઘરમાં તને કુકર્મ કરવાનું સૂઝયું ? રાજધાનને હલાલ ન કરી શકી ?

કંપિત દેહ અને સ્વરે માલણે ઉચ્ચાર્યું'; કૃપાનિધિ ! હું તો કાંઈપણ જાણતી નથી'.

રાજાએ કહ્યું; 'તેં જ ગઇકાલે કનકવતીને વાંદરો આપ્યો હતો તે વિષયમાં આ સર્વ દાસીઓ સાક્ષીરૂપ છે.

માલણે કહ્યું: 'મેં કનકવતીબાને હઠથી વાનર આપ્યો નથી તેમને ઘણી ઘણી ના કહ્યા છતાં પોતાનો દુરાગ્રહ ચાલુ રાખ્યો. એ વાંદરો મારી વાડીનો રખેવાળ તેમજ બાળકોને અને માળીને અતિપ્રિય હતો, પરંતુ હું કુમારીબાના વચનને નકારી શકી નહિ. એક દિવસ મારા ઉદ્યાનમાં ઘણા યોગીઓ દેશાંતર કરતાં સ્થિરવાસ રહ્યા હતા. તેઓ તેને ત્વરિત ગમનના કારણે ભૂલી જવાથી અહિં મૂકી ગયા છે, તે ચતુર અને ખાહોશ હોવાથી અમારા જીવનનિર્વાહના આધારરૂપ ઉદ્યાનના રક્ષક તરીકે રાખી લીધો. એથી હું અધિક બાતમી જાણતી નથી. પરંતુ ગઇકાલે તે વાનરને કુમારીના આવાસે કૌતુકથી લઇને ગઈ હતી. તે વાનરને જોઇ તમારી પુત્રીએ માંગ્યો. એમના હઠાગ્રહ અને સ્નેહના વશથકી મારે તે વાનર કુમારીને સોંપવો પડયો.

રાજાએ ઉગ્ર બની કતરાતી વાણીએ કહ્યું; દુષ્ટાચારિણી ! મારી પુત્રી તારી પાસે વાનર શા માટે માંગે ? ખરેખર તું પાપિણી ! મૃષાવાદી અને દુષ્ટહૃદયી છો, માટે તું સ્તેનશિક્ષાને પાત્ર છો.'

રાજાનાં એક એક વચન માલણના હૃદયને આરપાર વીંધી ગયાં. વચનશરના વજ્રાઘાતથી પીડાતી માલણ ચિંતવે છે; 'અ...હા...હા....હા. મારા ઉપર આજે દૈવ રોષાયમાન થયું છે. દોષ ન હોવા છતાં દોષતાનો આરોપ મારાં શિરે પ્રાપ્ત થાય છે. જ્યારે મનુષ્યનું ભાગ્ય પરવારે છે ત્યારે અણચિંતિત આફત તેના માથાપર ક્યારે અવતરી પડે છે !

બુદ્ધિસાગર મંત્રીએ નમ્રવચને રાજાને કહ્યું સ્વામિ ? આ માલણનો કાંઈપણ અન્યાય નથી ફોગટ શા માટે આપ આમ કરો છો ? પૂર્વે પણ આપે અવિચારીપણે આરક્ષકોને રક્ષણ આપનાર, દયાના ભંડાર એવા વૈદેશિકની હત્યાનું પાપ ઉપાર્જન કરેલ; અવિચારીપણે કરેલું કાર્ય પશ્ચાત્તાપનું નિમિત્ત બની જાય છે, તે સાંભળી રાજાએ કહ્યું; 'તમારૂં કથન સત્ય છે. પણ જ્યારે કુમારી પુનઃ સાક્ષાત્ સ્વરૂપે પ્રત્યક્ષ થાય ત્યારે મારા જીવને શાંતિ વળશે. તેથી તેને માટે કાંઈપણ ઉપાય કરો.

'હે સ્વામિ! આપ ધૈર્ય ધરો. માલણે જે વાંદરાનું સ્વરૂપ કહ્યું તે સત્ય જ છે. યોગીઓ મંત્રયંત્રાદિમાં સુજ્ઞાત હોય છે. જેથી જણાય છે કે તેઓ કદાચ વાંદરાને મૂકી ગયા હોય? તે ધૂર્તો વિદેશાંતર કરે છે અને મંત્રતંત્રાદિ વગેરેના પ્રભાવથી લોકોને પોતાનામાં મુગ્ધ બનાવી આખરે છેતરી જાય છે. તેઓ ઘણું કરીને અસત્યવાદી ઉન્માદી અને માંસાહારી હોય છે. એઓનો વિશ્વાસ કરવો કટારી સરખો છે. કયારેય વાગીને લોહીનો પ્રવાહ ચાલુ થાય તે ખબર પડે નહિ. તાકીદે આપણે બનતી તપાસ કરીશું.

એ પ્રમાણે કહી મંત્રી વિસર્જન થયા. રાજા કુમારી માટે અથાગ પ્રયત્ન કરે છે. ભગત ભૂવા નિમિત્તકો વગેરે પાસે વિવિધ પ્રકારે અખતરા કરાવ્યા. માદળીયા, દોરા ધાગાં વિગેરે કરાવ્યું. પણ કુમારી કનકવતીનું વાનરીરૂપ પરિવર્તન પામતું નથી.

કુમારી સારી થશે એ આશાના તાંતણે ગુંથાયેલ રાજા ઝાંઝવાના નીરને પણ સત્ય માની લે છે. કોઇપણ વ્યક્તિ ઉપાય બતાવે તો તેને અવગણતો નથી. પણ સહર્ષ વધાવી લઇ તેનો પ્રયાસ આદરે છે.

છતાં વિધિની મહેર જણાતી નથી. તેથી રાજાનું લક્ષ્ય બુધ્ધિસાગર મંત્રીના વચનો પ્રતિ ચોંટે છે. મનપ્રદેશમાં સંશયનો ધુમ્મસ છવાઇ જાય છે. બસ યોગીઓનું આ કર્તવ્ય છે. એઓની તપાસ કરવી જોઇએ.

બુદ્ધિસાગર મંત્રીને જણાવ્યું કે, 'જ્યાં જ્યાં યોગીઓ વસતા હોય ત્યાં ત્યાંથી તેઓ નગરમા આવે. મંત્રીએ સેવકોને ફરમાન આપી દેશવિદેશ રવાના કરી દીધાં. તેઓ દેશ દેશ ભમી ભમીને હજારો યોગીઓને નગરમાં બોલાવી લાવ્યા. સર્વને રાજાએ એક વાડીમાં રાખ્યાં.

દેશ વિદેશાંતરથી આવેલા સર્વ યોગીઓ પરસ્પર વિચારે છે કે, 'રાજા આપણું કેવા પ્રકારનું ગૌરવ કરશે? રાજાની જન્મતિથિ કે કાંઇ મહોત્સવ છે? નહીંતર પ્રત્યેક સ્થાનેથી યોગીઓને આમંત્રે નહિ.? શું અશ્વમેધ યજ્ઞ છે કે રાજયજ્ઞ! કાંઈ પણ માહિતીનો અંશ જણાતો નથી રાજાએ શા માટે બોલાવ્યા હશે? સર્વ યોગીઓ વિચારમાં પડયા.

દિવસ જતાં એક દિવસ રાજાએ યોગીઓને પૂછયું 'યોગીશ્વરો! તમે વિદેશાટન કરનારા છો કૌતુક મત્રતંત્રાદિને જાણવામાં વિચક્ષણ છો. તેથી કાંઇ પણ ઉપાય કરો કે જેથી વાનરીરૂપે બનેલી મારી પુત્રી સારી થાય. એ કારણે જ સર્વને અહીં બોલાવ્યા છે!

સર્વ યોગીઓ રાજાનાં વચન સાંભળી સ્તબ્ધ થઈ ગયા; 'આપણી ધારણા હતી કે રાજ તરફથી માનસન્માન પ્રાપ્ત થશે. પરંતુ અહીં તો આપણી કસોટી આવી પહોંચી.

'હવે શું કરવું! દીન બનેલા સર્વ યોગીઓએ રાજાને કહ્યું 'રાજન્! અમે ભિક્ષા વડે નિર્વાહ કરીએ છીએ અને પ્રભુનું નામ લઇએ છીએ. અમોને તો વીંછી ઉતારવાનો મંત્રેય આવડતો નથી.

જો અમે કોઈ પણ કળામાં પ્રવીણ હોઇએ તો તે કળાનો તમારી સમક્ષ પ્રકાશ કેમ ન કરીએ? ખ્યાતિ અને માન સન્માન કોને ન ગમે? આલમમાં કીર્તિ માટે મરણીયા બને છે. કીર્તિની તૃષ્ણા પ્રાપ્ત કરવા તન, મન અને ધનનો અથાગ વ્યય પણ મામૂલી બની જાય છે.

રાજાએ કહ્યું; 'અરે! આટઆટલા યોગીઓનું જૂથ શા માટે ભેગું કર્યું છે? એક પણ વીરચતુર નથી? તમારી યોગસિદ્ધિનો પ્રભાવ કયાં અદૃશ્ય થયો? યોગધર્મે વૈધવ્ય આવ્યું છે? પરોપકારને બદલે સ્વાર્થકર્મની મહત્તા યોગધર્મમાં ફેલાઈ ગઈ છે શું?

યોગીઓએ કહ્યું; 'અમારી પ્રત્યે બીજો વિચાર નહિ કરતાં' અમે નિર્દોષ છીએ અને સત્ય જ કહીએ છીએ. સૂર્ય પ્રતાપી હોવા છતાં તેની પ્રતિભાને ફક્ત એક નાનું રાહુનું વિમાન પણ એક કાળે આવરી લે છે. કાળને આધીન ભાવોની પરાવૃત્તિ થતી જાય છે. સર્વ તત્વો, ઉત્પત્તિ, વૃદ્ધિ અને ક્ષયમય રહેલા છે. તો અમારી શી વાત! આપ તો ગંભીર અને અને સુજ્ઞ છો.'

ત્યારે રાજાએ સેવકોને પૂછયું; સેવકો ! શું તમે અહિં સર્વ યોગીઓને લાવ્યા છો ?

સેવકોએ કહ્યું; 'મહારાજાધિરાજ ! ફક્ત એક યોગી વિના સર્વ અહીં પધાર્યા છે. કહ્યું; 'તે યોગી કયાં છે ? મેં બોલાવ્યો છતાં ન આવ્યો.'

'હે સ્વામી ! તે યોગી કંથા ધારીને ચૌટા મધ્યે ધ્યાન ધરી રહ્યો છે. અને ગરીબોને દીનાર આપે છે. ચારે તરફ માનવવૃંદે તેને ઘેરી લીધો છે. તે યોગી મંજુલ વાણીથી કંઇક સંભાષણ કરી રહ્યો છે.

આ સાંભળી ક્રુદ્ધ રાજાએ કહ્યું; ગુમાની ? મારો અનાદર કરે છે ? . કયાં સુધી ? એને મારવો જ જોઇએ. જેથી એની ગર્વશિલાના ભૂકેભૂકકા થઈ જાય.'

આવા કોપયુકત વચનો સાંભળી મંત્રીએ કહ્યું 'વિદ્યાસિદ્ધ યોગી ઉપર કોપ કરવો અસ્થાને છે. અસાધારણ જન પ્રતિ કોપનું ફળ જાણ્યું છે ? એની દુવાથી આપની ઉન્નતિ કેમ ન થાય ?

મંત્રીશ્વરના વચનથી રાજા ઢીલા પડી ગયા ને કહ્યું; 'મંત્રી ! તમે જાવ અને તે યોગીની માહિતી લઈ આવો.'

યોગીની વિદ્યાસિદ્ધિએ રાજા પર આકર્ષણ કર્યું, જેના પ્રતાપથી ક્રોધ વૈશ્વાનરે ભાગી પાતાળના ઊંડા અવકાશમાં સ્થાન લઈ લીધું કે જેથી શોધ્યો જડે નહિ. અને રાજા યોગીની માહિતીથી જ્ઞાત થવા ઉત્સુકતાએ મંત્રીશ્વરની પ્રતીક્ષામાં સભર બન્યા.

નગરજનને પોતાની વાણીમાં મુગ્ધ બનાવી ખ્યાતિના ખેલકર્તા આ યોગીધુરંધર કેવા હશે ?

(ક્રમશઃ)


## જીર્ણોદ્ધારમાં સહાય કરો !

**કારવણ** (મીંયાગામ) દેરાસરનાં જીર્ણોધ્ધારનું કામ લગભગ પાંત્રીસથી ચાલીશ હજારનું છે. જે કામ હાલ ઝડપથી ચાલી રહ્યું છે. તો આ કાર્યમાં શ્રી સંઘો, દેરાસરજીના ટ્રસ્ટીઓ તેમજ સદ્-ગૃહસ્થોએ સારી રકમ આપી લાભ લેવા વિનંતી છે. પૂ. શ્રમણ સમુદાયને આ જીર્ણોદ્ધારના કાર્યમાં યોગ્ય ઉપદેશ આપવા વિનંતિ છે.

**રૂા. ૨૫૧) આપનાર દાતાનું નામ તખ્તી ઉપર લખવામાં આવશે.**

મદદ મોકલવાનું સ્થળ :—

**શેઠ કલ્યાણચંદ ધરમચંદની પેઢી**

વાયા–મીંયાગામ મું : **કારવણ**

## શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

'પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષ પત્રો મળેલા છે, જૈનશાસનસમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

" **ઝવેરભાઇ ગોવિંદ**

ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—**પાલીતાણા**

# માનવજીવનનો સાર કયો ?

## પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી ગણિવર

દેવદુર્લભ માનવજીવન કેવલ કમાવા કે ખાવા માટે નથી: આજે જીવન કેવલ ધન માટે મોટે ભાગે જીવાઇ રહ્યું છે. જીવન માટે ધન કે ધન માટે જીવન ? તે પ્રશ્ન આજે ભલ-ભલાનાં જીવનમાં અટવાઇ રહ્યો છે, તે પરિસ્થિતિમાં વાસ્તવિક રીતે જીવન શાના માટે છે? તેનો સાર શું ? એ હકીકતનો આ લેખમાં જવાબ પ્રાપ્ત થાય છે. ટૂંકો પણ આ લેખ જીવન વિષે સાચી પરિસ્થિતિ જણાવી જાય છે. જે સર્વ કોઇએ વાંચવા જેવો છે.

⊙

"ત્યાગીને ધનદૂષણ, ગૃહસ્થીને ધન-ભૂષણ," અથવા "ત્યાગીની શોભા નિર્ધન-પણામાં અને નિઃસ્પૃહીપણામાં, અને ગૃહસ્થની શોભા સઘળી ધન હોય તો" આ જાતિના વ્યવહારવચનના અવલંબને, પ્રાયઃ દુનિયાની પ્રવૃત્તિ ચાલે છે.

ગૃહસ્થજીવનમાં ધનની પગલે પગલે જરૂરીઆત, એ વાત બરાબર હોવા છતાં, પણ એમાં વિવેક કરવાની આવશ્યકતા છે. આર્ય-જીવનમાં મુખ્યતા ધનની કે ધર્મની ? એ વાતનો વિવેક કરીને જે સમજણપૂર્વક જીવે તેને શાંતિ મળે. ધનની **આવશ્યકતા** અને **મુખ્યતા** આ એનો ભેદ સમજવો જરૂરી છે.

ધનની મુખ્યતાવાળું જીવન, અશાંતિભર્યું, નાસ્તિક જેવું, અનાર્યપણાના આલંબનવાળું કહેવાય.

ધર્મની મુખ્યતાવાળા જીવનમાં ધનની ધર્મને બાધા ન પહોંચે એ રીતે ઉપાર્જના હોય, જેથી તેને ધર્મની હાજરી, ધનપ્રાપ્તિમાં પગલે પગલે ખોટા માર્ગે જતાં અટકાવે. હૈયામાં બેઠેલો ધર્મ એને સમજાવે કે, **ધન માટે જીવન નથી, પણ જીવન માટે ધન છે.** ધન વિના પણ ત્યાગી પુરુષો સુંદર જીવન જીવે છે. આપણામાં ત્યાગી થવાનું સામર્થ્ય આવ્યું નથી, એથી ધનની જરૂરીયાતવાળા નિર્માલ્ય અને પાપમય ગૃહસ્થ જીવનમાં ગોંધાવું પડયું છે. જો અંતરમાં એવું બળ પેદા થઈ જાય તો, આ પાપના કીચડથી ભરેલા ગૃહસ્થ જીવનથી પર થઇને, ધનની આવશ્યકતા વિનાના પરમશાંતિમય નિસ્પૃહી જીવનને સ્વીકારીને આ લોક તથા પરલોકનો અનુપમ આનંદ અનુભવીયે.

આ ભાવો અંશે પણ હૈયામાં ન આવે, તેનું ગૃહસ્થ જીવન, મોટા ભાગે આ લોકના ધન, સત્તા અને પ્રતિષ્ઠા મેળવવા માટે વિધ-વિધ પ્રકારની દોડધામમાં જાય.

આને માટે, આર્યદેશના મહાપુરૂષોએ, ધર્મ, અર્થ, કામને વ્યવસ્થિત પણે સેવવાની રીતો બતાવી છે. પુરુષાર્થ ચાર કહ્યા છેઃ—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમાં મોક્ષ પુરુષાર્થ એ સર્વ પુરુષાર્થનું અંતિમ સાધ્ય છે. એના સાધન માટે ધર્મ છે. એટલે મોક્ષ માટે પુરુષાર્થ કરવા ઇચ્છનારે, ધર્મ પુરુષાર્થને જ સેવવો જોઇએ. દુનિયા પુરુષાર્થ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ માટે કરે છે. જગતના જીવોને અર્થ અને કામ માટે મહેનત કર્યા વિના ચાલતું નથી. નાના મોટા સર્વ પ્રાણીઓ અર્થ—કામની ધૂનમાં લાગી પડયા છે.

જેને પૂછો તેનો એકજ જવાબ છે કે, 'ભાઇ, બધી મહેનત, આટલા સાચા ખોટા, આટલી માયાજાળ, બધું કમાવા અને ખાવા માટે છે. આમાં કમાવા શબ્દમાં અર્થની વાત

છે. અને ખાવાના પેટામાં કામના ભણકારા છે. વાત વિચારવા જેવી એ છે કે, આવું ઉત્તમોત્તમ માનવજીવન એ ફક્ત કમાવા માટે, એટલે ધનની ગુલામી માટે અને ખાવા માટે, એટલે શરીરની તથા કુટુંબની ગુલામી માટેજ છે કે બીજી કોઇ વસ્તુ માટે હોવું જોઈએ?

આ પ્રશ્નનો ઉત્તર આપણને પ્રાચીન મહર્ષિઓના રચેલા ઉત્તમ ધર્મશાસ્ત્રોમાંથી બહુજ સુંદર અને સચોટ મળે છે.

તે ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે, 'માનવ ભવમાં ભલે જીંદગીના અંત સુધી કમાવા–ખાવાની મહેનત કરવી પડે, પણ એટલા માટેજ આ કિંમતી જીંદગી નથી પણ આત્મહિત માટે છે.'

આત્માની વિચારણા એના ઉદ્ધાર અથવા વિકાસની ચિંતા વિના માનવજીવનમાં ખાસ કંઈ તત્ત્વ રહેતું નથી. "હું આત્મા છું, પરલોકમાંથી આવ્યો છું, પરલોકમાં જવાનો છું, પૂર્વની કરણીના ફળો અહીં ભોગવું છું અને અહીંની કરણીના ફળો આગળ ભોગવવાં પડશે, કાંઇ લઈને આવ્યો નથી, કાંઈપણ લઈ જવાનો નથી."

આવા વિચારો જેના અંતરમાં સચોટ દઢ થઇ ગયા હોય, અને વારંવાર એના ઉદ્ગાર એની વાણીમાં ઉતરતા હોય, જીવનની દરેક કરણીમાં આ વાતો યાદ આવતી હોય; એવા જીવો ધનની અને ભોગની ઉપાસના વખતે પણ જાગતા હોય "આ શ્રેષ્ઠ માનવજીવન ધર્મનેજ માટે છે, ખાવું–પીવું ફક્ત જીવનને માટે છે, ધન ફક્ત વ્યવહારમાં ઠીકઠાક જીવાય, દીનતા ન કરવી પડે, એટલા પૂરતું જ જીવનમાં ઉપયોગી છે."

આવા ભાવો હૈયામાં રમે, તે જીંદગી પસાર થતી જાય તેમ, ધન અને ભોગથી અલગ થવાની વિચારણામાં હોય.

અનંતભવો અર્થ–કામની ઝંઝટમાં ગુમાવ્યા, આ ભવનો મોટો ભાગ એજ પંચાતમાં ગયો, હવે શકયતા હોવા છતાં, જીવ મોહમૂઢ બનીને, ધનના માટે ધાયા કરે, ભોગના ચુંથણામાં રમે, એ એના માટે શરમની વાત કહેવાય.

શ્રી વીતરાગદેવના શાસનની ઉત્તમ છાયા પામી નિવૃત્તિપ્રધાન બની, આરંભ–પરિગ્રહના પાપથી ભરચક બનતી દુનિયા વચ્ચે, સાચી નિવૃત્તિનો આનંદ લઈ, તત્ત્વજ્ઞાનની રમણતામાંજ બાકીનું જીવન વીતાવી દેવાના દઢ નિર્ણય પૂર્વક, પ્રભુના માર્ગની આરાધનામાં પ્રસન્નતા–પૂર્વક આગળ વધવું એજ હિતાવહ છે.


## ધી ગ્રેટ માલવા સ્ટોર્સ

સ્ટેશન રોડ, મલાડ – વેસ્ટ

**મુંબઇ**

દરેક દવાઓ વ્યાજબી ભાવે મળશે.

**એક વખત પધારી ખાત્રી કરો**

**અમારે ત્યાંથી**

દરેક પ્રકારની આયુર્વેદિક તથા એલોપેથીક
— જેવી કે, —
ઝંડુ ફાર્મસી, ઝંડુ વૈદ્યનાથ આયુર્વેદ ભવન, ડો. બર્મન વગેરે કમ્પનીઓની દવાઓ ઉચિત મૂલ્યથી મળે છે.

# મનન માધુરી

શ્રી વિમર્શ

⊙

## વિશ્વના વિધાન

વિશ્વનાં વિધાન અને તત્ત્વ પોતાની મેળેજ કામ કરે છે. માત્ર મનુષ્ય પોતાના કાર્યનું ઘમંડ રાખે છે. મનુષ્ય માને છે કે હું બીજાને સુખ આપું છું. માણસ ગમે તેટલી વીજળી ઉત્પન્ન કરે અને તેમાંથી ગમે તેટલા દીવા પ્રગટાવે, છતાં એક ચંદ્ર જેટલો પ્રકાશ આપે તેટલો પણ નથી લાવી શકતો. સૂર્ય અને ચંદ્રનુ કાર્ય મનુષ્ય વડે કદી થઇ શકતું નથી. સૂર્ય અને ચંદ્ર જે રસકસ આપે છે, તે મનુષ્યે ઉત્પન્ન કરેલી વિજળીથી કદી મળી શકતાં નથી.

વિશ્વ બીલકુલ નિયમ મુજબ જ ચાલે છે. લીમડા માટે લીમડાનું જ બીજ જોઇએ. ઘઉં માટે ઘઉંનું જ બીજ જોઇએ. તેમ સુખ માટે સુખનું જ બીજ જોઇએ. સુખ તમને જોઇએ છે, તો બીજાને સુખ આપો. આંધ્ર પ્રદેશમાં એક વૈજ્ઞાનિકે ઉંદર મારવાની ગોળીઓ શોધી કાઢી. ચાર પાંચ વર્ષ પહેલાંની આ વાત છે. લાખો ગોળીઓ ખેતરોમાં નખાઇ ગઇ. સવારે મરેલા ઉંદરોના ઢગલે ઢગલા થઇ ગયા. એ વૈજ્ઞાનિકને માનપત્ર અપાયું. ફુલહારથી એને દાટી દેવાયો. છાપામાં એનું નામ અને ફોટો પણ આવી ગયા. લોકોએ સામુદાયિક કર્મ બાંધ્યું. હીરોશીયા ઉપર એટમ બોંબ(Atom Bomb) પડયો. બધાનો નાશ એકી વખતે શાથી? આવા કોઇ સામુદાયિક કર્મને જ કારણે. આંધ્રમાં બીજા વર્ષે રેલ આવી ખેતરોના પાક તણાઇ ગયા. કુદરતના અટલ નિયમો કાર્ય કર્યે જ જાય છે. ખેડુતો રોટલા વિનાના થઇ ગયા. એમને ભીખ માગવાનો વખત આવી ગયો.

## વિજ્ઞાનની માન્યતાઓ

વિજ્ઞાન રોજ પોતાની માન્યતાઓ બદલે છે. મૂળ તત્ત્વો (Elements) પહેલાં ૨૨ મનાતા પછી ૯૩ થયાં હવે તો એટમ Atom અને ઇલેકટ્રોન્સ (Electrons) ની વાત આવી તે કહે છે કે દરેક વસ્તુ સરખી છે, માત્ર એના ઇલેકટ્રોન્સ (Electrons) ની સંખ્યા અને ગતિ જુદી જુદી છે પારો (Mercury) અને સોનું (Gold) મૂલ દ્રવ્ય એક જ છે. માત્ર તેના ઇલેકટ્રોન્સ (Electrons) ની ગતિ અને સંખ્યા જુદી જુદી દિશામાં છે. જૈનદર્શન પહેલેથી જ કહે છે કે બધું પુદ્ગલ દ્રવ્ય જ છે. માત્ર પરમાણુઓની સંખ્યા અને રચના ભિન્ન ભિન્ન પ્રકારની થાય છે.

અંધકાર એ પ્રકાશનો અભાવ છે એમ નૈયાયિકો અને વૈજ્ઞાનિકો કહેતાં. જૈનોનું તત્ત્વાર્થસૂત્ર એ વાતની ના પાડે છે. તે કહે છે કે અંધકાર એ પણ પુદ્ગલ પરમાણુઓ જ છે અને તે ઘ્રાણેન્દ્રિયનો વિષય છે. માંકડ રાત્રે બહાર નીકળી પડે છે એ અંધકારના પુદ્ગલોની ગંધથી. એ ગંધ આપણે કેમ ગ્રહણ કરી શકતા નથી એ વાત આજે ઘણા મોટા અશ્રાવ્યધ્વનિ (Super-sonics) અને ઘણા નીચા અશ્રાવ્યધ્વનિ (Ultra-sonics) ના જમાનામાં સમજાવવી પડે તેમ નથી. આકાશમાંથી બોમગોળાનો વરસાદ (Bombardment) વરસાવતી વખતે અવાજ ન સંભળાય

એ માટે એક અંશ વધારી દઇને એને અશ્રાવ્ય બનાવી દેવાતો. પછી એ શબ્દો આપણા કાન પાસેથી પસાર થઇને જતાં હોય છતાં આપણે તેને પકડી શકીએ નહિ તેનું નામ (Super sonic) કહે છે. તેમ અંધકારના પુદ્ગલની ગંધ (Supra Smell) માટે સમજવું. તે પુદ્ગલોની ગંધ તીવ્ર હોવાથી આપણી ઘ્રાણેન્દ્રિય ગ્રહણ કરી શકતી નથી.

## શિસ્તનું મહત્વ

**શિસ્તનું મહત્વ**–બચપણમાં બે મિત્ર સાથે ભણે છે. એક સ્ટેશને માસ્તર બને છે. એક ગવર્નર જનરલ થઇને આવે છે. તેનું નામ રેડીયાર Rediar છે. તે ગવર્નર આજના જેવા નહિ. તે કાળમા ગવર્નર આવે તે પહેલાં ગાડીઓ–ટ્રેનો કલાકોથી અટકાવી દેવામાં આવતી. ભૂમિ પર ગાલીચાઓ પથરાતા. થાંભલે થાંભલે પોલીસ ઉભી રહેતી. એ રીતે અંગ્રેજો પોતાના શાસન પ્રત્યે પ્રજાને નમતી રાખતા હતા. રેડીયાર ગવર્નર થઇને આવે છે, એ વાતની સ્ટેશન માસ્તર થયેલ મિત્રને ખબર પડી. એને હર્ષ થાય છે. તાર કરીને સ્ટેશન પર પોતાની સાથે ચા પીવા માટે વિનંતી કરે છે. એ સ્ટેશને ગવર્નરની ટ્રેન થોભે છે. સ્ટેશન માસ્તર ગાંડો–ઘેલો થઇ જાય છે રેડીયાર Rediar રેડીયાર Rediar કહીને ગવર્નરને ભેટી પડે છે. દોસ્ત રેડીયાર! તું તો બહુ મોટો થઇ ગયો ઘણો આગળ વધી ગયો. સાથે ચા પીએ છે. પછી ટ્રેન ઉપડે છે. તે વખતે ગવર્નરનો લશ્કરી મંત્રી Military Secretary પોલીસને હુકમ કરે છે કે આ સ્ટેશન માસ્તરને પકડી લ્યો. પોલીસ હાથકડી પહેરાવે છે. સ્ટેશન માસ્તર કહે છે કે આમ કેમ? આ ગવર્નર મારા મિત્ર છે. પોલીસ કહે છે, એ હશે પણ અમને મીલીટરી સેક્રેટરીનો હુકમ છે. પોલીસ પકડી લે છે. સ્ટેશન માસ્તર બીજા તાર કરાવે છે. પોતે સેક્રેટરીને બોલાવીને પૂછે છે. એ કહે છે સાહેબ એણે શિસ્તનો ભંગ કર્યો છે. આપની સાથે વાત કરતાં રેડીયાર Rediar રેડીયાર Rediar એમ બોલતો હતો Your Excellancy શબ્દ નહોતો વાપરતો. આપની સાથે શિસ્ત ન વાપરનારને મારે પકડવોજ જોઇએ. મારી એ Duty ફરજ છે. હવે આપ એને માફી આપી શકો છો. ગવર્નરનો તાર જાય છે, ત્યારે સ્ટેશન માસ્તર છુટે છે. શિસ્તનું આટલું મૂલ્ય છે.

રાણી વીક્ટોરીયાનો પતિ એકવાર રીસાઈ જાય છે. ત્યારે વીક્ટોરીયા પતિને હુકમ કરે છે અને કહે છે કે–ઈંગ્લાંડની રાણી તમને બહાર જવા આજ્ઞા કરે છે. (Queen of England Commands you to come out) અને એ હુકમને તેના પતિએ તાબે થવું પડે છે.

રાજા જ્યોર્જના મૃત્યુ વખતે રાણીએ પોતાની દીકરી એલીઝાબેથને તારથી ખબર આપ્યા. વડાપ્રધાન ચર્ચીલે વાંધો લીધો. આ તાર નહિ થઇ શકે ભાષા સુધારો. એલીઝાબેથ Eliizabeth ને ખબર આપો એમ નહિ લખાય. પણ રાણીના નામ આગળ હર મેજેસ્ટી ધી કવીન એલીઝાબેથ [Her majesty the queen Elizabeth] ને ખબર આપો, એમ લખવું જોઇએ પતિના મરણથી મૂર્છા ખાઇને પડેલી રાજરાણીની આટલી ભૂલ ચલાવી લેવા લંડનનો વડો પ્રધાન ચર્ચીલ તૈયાર નથી. આ ઉપરથી અંગ્રેજોમાં શિસ્તનું મૂલ્ય કેટલું છે? તે સમજાશે.

⊙

**સંથારીયા તથા ગરમ ધાબળા**

હેન્ડલુમના પ્યોર ઉનના ધાબળા, ધાબળી, સંથારીયા, આસન, કટાસણાં, તેમજ સુતરના ધાબળા વગેરે માટે.

મળો યા લખો

**પટેલ વલ્લભદાસ માધાભાઇ**

બસ ઓફીસ પાસે, **સાવરકુંડલા**

# સર્વ યાતનાનો એક માત્ર પ્રતિકાર

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર

વર્તમાનકાલમાં કેવલ ભૌતિકવાદનો જ પ્રચાર વધી રહ્યો છે, પણ આજના ભૌતિક યુગે અનેક અનર્થો, યાતનાઓ તથા રીબામણો ઉભી કરી છે, જ્યારે પૂર્વકાલમાં આધ્યાત્મિકવાદની છાયામાં જે સુખ, સંતોષ, સ્વસ્થતા અને શાંતિ હતા. આ પરિસ્થિતિમાં આજે જરૂર છે, આધ્યાત્મિક માર્ગ પર પ્રસ્થાન કરવાની. આ હકીકતને અનુલક્ષીને પૂ. મહારાજશ્રી અહિં મનનીય વિચારધારા રજૂ કરે છે.

⊙

એક લેખકે ઠીક જ લખ્યું છે, કે-જીવન એક સ્વપ્ન જેવું કેમ છે! એટલા જ માટે કે જેવી રીતે સ્વપ્નમાં ઘણું બધું જોયું. સુખના અનુભવ જેવું પણ કર્યું અને પૈસા પરિવાર-પ્રતિષ્ઠાનું સ્વામિત્વ પણ જાણે ભોગવ્યું, પરંતુ આંખ ખુલી જવા પર એમાંનું કશું રહેતું નથી. બરાબર એજ રીતે જીવનમાં ઘણું બધું જોવા અનુભવવા અને ભોગવવા પછી આંખ બંધ થવા પર એમાંનું કશું રહેતું નથી. આમ આંખ ખુલવા-બંધ થવા જેટલું સ્વપ્ન અને જીવનમાં અંતર છે.

આજ આપણે વિજ્ઞાનના યુગમાં આવી ઉભા છીએ. વિજ્ઞાને કેટલીયે શોધ અને યાંત્રિક અનુકૂળતાઓ સુલભ કરી છે. છતાંય જીવનની ઉપરોકત અંતિમ સ્થિતિમાં કોઈ પણ પરિવર્તન એ કરી શકયું નથી. ત્યારે વિચારવા જેવું છે, કે-જ્યારે જીવનનો અંત આવા પ્રકારનો જ છે, તો પછી કઈ પ્રકારની ભૌતિક સગવડો કયા સારભૂત અંતિમ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે છે?

Man has changed this earth chemically, Physically, geologically and in many other ways to his hearts desire. He has strived his best to conceive a lot of researches, inventions and discoveries pertaining matter. But it is very sorroful to say that when all these efforts seem to be one he eve of being fruitful, there is a complete ignorance of the ultimate goal of all these. Man knows much about matter but know little about himself and the ultimate purpose of all his working and strivings when it is unknown. For what purpose should all this strivings be done. The natural consequance is that all his efforts to be frustrated and he has to be lost off in an unknown place to suffer hardly the ill-fruits of his present material life as well as varied ill-immotions and passions underlying the material attachment.

ભાવ એ છે, કે- આજના કોઈ પ્રકારના સંશોધન અને શોધોનો અંતિમ ઉદ્દેશ્ય જ અજ્ઞાન છે. પૃથ્વી આદિ પંચ ભૂતના સંબંધમાં ઘણું બધું જાણનારો વૈજ્ઞાનિક પોતાની જાતના સંબંધમાં, પોતાના આત્માના વિષે કંઈ જ નથી જાણતો. એટલા માટે એ નથી જાણતો કે પોતાની બધી પ્રવૃત્તિ શા માટે? કયા અંતિમ ધ્યેયથી કરી રહ્યો છે?

બસ, ભૌતિક ઉન્નતિ અને આધ્યાત્મિક

અંધકારનું આખુંય જીવન એક દિ' સ્વપ્નની જેમ ઉડી જશે અને પોતાના આત્માને કોઈ અગમ અગોચર પ્રદેશમાં ફેંકાઈ જવાનું થશે અને ત્યાં પોતાની અહિંની ભૌતિક જીવનચર્યા અને લોભક્રોધાદિ દુષ્ટવૃત્તિઓનું ભયંકર દુઃખમય ફળ ભોગવવાનું આવી બનશે.

કેવળ ભૌતિક જીવનથી આટલું જ નથી કે માત્ર પરલોક દુઃખદ બને છે. પરંતુ આ જન્મ પણ ભૌતિક વ્યામોહવશ તૃષ્ણા, ચિન્તા, સંતાપ, ક્લેશ, કલહ, ઇર્ષ્યા, અસૂયા, માનાકાંક્ષા વગેરે કેઈ પીડાઓથી વિડંબિત રહે છે. આ આજે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ભૌતિક સગવડો જેટલી વધી છે એટલી જ અગવડ અને દુર્દશાઓ વધતી ચાલી છે. શું મનુષ્ય આ વધાવવા ચાહે છે? શું આંતર હૃદય આના પ્રત્યે વિરોધ નથી ઉઠાવતું? અવશ્ય ઉઠાવે છે. એ જ એની અનિષ્ટતામાં પ્રમાણ છે.

હવે જો આધ્યાત્મિક યુગનો ઇતિહાસ જોવામાં આવે તો માલુમ પડે કે આટલી અગવડ, આટલી હેરાનગતિ, પીડા અને સંતાપ વગેરેની વિડંબના નહોતી તેથી એ ફલિત થાય છે કે સર્વ પ્રકારની યાતનાઓનો એક માત્ર ઉપાય ભૌતિકતા છે, અને એક માત્ર પ્રતિકાર આધ્યાત્મિકતા છે.

જીવનની સામે બે માર્ગ ઉભા છે, એક દુઃખમય દુઃખદાયી ભૌતિક ઉન્નતિનો, અને બીજો સુખશાન્તિમય અને સુખદાયી આધ્યાત્મિક અભ્યુદયનો માર્ગ. આપણે ચાહીએ તે માર્ગ અખત્યાર કરી શકીએ છીએ. આધ્યાત્મિક ઉદયના માર્ગ પર ચાલવા માટે જીવનમાં સ્વાર્થત્યાગ, પરાર્થપ્રવૃત્તિ, મૈત્રી, કરુણા, પ્રમોદ, માધ્યસ્થ્યની ભાવનાઓ, દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્મા અને ત્યાગી ગુરુઓની ઉપાસના. દયા, દાન, ત્યાગ-તપસ્યા, અહિંસા-સત્ય, વગેરે સદાચારો, જીવાજીવાદિ તત્ત્વજ્ઞાન, વગેરેની સાધના કરવી જરૂરી છે.

આધ્યાત્મિક જીવનમાં, ભૌતિક જીવનથી વિપરીત, અંતિમ ઉદ્દેશ્ય સિદ્ધ છે. તે એ કે આપણા આત્મારૂપી સુવર્ણને વિવિધ આધ્યાત્મિક વિચાર-વાણી-વર્તન દ્વારા શુધ્ધ કરતાં કરતાં અંતમાં જઈને એને સંપૂર્ણ શુદ્ધ કરી દેવો, જેથી એ વીતરાગ, સર્વજ્ઞ થઈ અનંત આનંદમય મોક્ષાવસ્થામાં શાશ્વત કાલ માટે આરૂઢ થઈ જાય


## ઉપયોગી અનુપમ પ્રકાશનો

૧ **રાજેન્દ્રકોષ** : ભાગ સાત મૂલ્ય રૂ. ૧૩૦-૦૦ ખર્ચ સાથે

આ સાત ભાગનું વજન ૬૦ પૌન્ડ છે. આજે છપાવવા જઇએ તો ખર્ચના રૂ ૫૦૦, થાય છતાં કિંમત રૂ. ૧૩૦) માં ગુરુદેવની આજ્ઞાથી આપવામાં આવે છે.

૨ **શાંત સુધારસ ભાવના** : ૧-૦૦

૩ **ગચ્છાચાર પયન્ના** : સંસ્કૃત છાયા સાથે ગુજરાતી વિવેચન યુકત મૂલ્ય : ૨-૦૦

૪ **સૂક્ત મુક્તાવલી** : સંસ્કૃત કિંમત ૨-૦૦

૫ **શ્રી ચંદરાજ ચરિત્ર** : ,, ,, ૨-૦૦

૬ **કામઘટ કથા** : ,, ,, ૧-૦૦

૭ **દ્રષ્ટાંત શતક** : ,, ,, ૧-૨૫

પોષ્ટેજ તથા રેલ્વે ખર્ચ અલગ સમજવું.

મંત્રી, ઉદેચંદ ચોપડા

**શ્રી ભૂપેન્દ્રસૂરિજી જૈન સાહિત્ય સમિતિ**

વાયા-એરણપુરા **આહોર** (રાજસ્થાન)

માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે

**ખાસ પ્રભાવના માટે**

## રેડીયમ તથા પ્લાસ્ટીકના

**પ્લાસ્ટીકનો સેટ** જેમાં સ્થાપનાચાર્ય, સાપડી માળા, બોકસમાં તૈયાર મળશે. મૂલ્ય રૂ. એક. વધુ માટે મળો અગર લખોઃ-

**સુનલાઇટ પ્રોડકટસ**

૫૯/૬૭ મીરઝા સ્ટ્રીટ—મુંબઇ-૩

# શાસન બંધારણનાં મૂળતત્ત્વો

પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

'જૈનશાસન સંસ્થા વિષેની મહત્ત્વની વિચારણા' એ શિર્ષકતળે લેખકશ્રીનો એક લેખ ગત પર્યુષણાંકનાં ૪૦૭ પેજ પર પ્રસિદ્ધ થયેલો, તેનાં અનુસંધાનમાં આ લેખ અહિં પ્રસિદ્ધ થાય છે. જૈનશાસનનાં તથા કોઇપણ શાસન સંસ્થાના મૂળભૂત તત્ત્વો વિષે આ લેખ ઉપયોગી પ્રકાશ પાથરે છે.

૧. શ્રી શાસન સંસ્થાના બંધારણનું મૂળ, પ્રભુની આજ્ઞા, ઉત્સર્ગ, અપવાદ, મિશ્ર, વગેરે પ્રકારની આજ્ઞા છે. અનુયાયીઓના મત ઉપર બંધારણનો આધાર નથી. અનુયાયિઓના આજ્ઞાનુસાર અભિપ્રાયને સ્થાન છે. પરંતુ અંગતમતને સ્થાન નથી.

અનુયાયીઓ સભ્ય કે સદસ્ય નથી. અનુયાયી ઉપાસક, શિષ્યો છે. તેથી તેઓના અંગત મતને સ્થાન ન હોય, એ સ્વાભાવિક છે.

૨. શ્રી તીર્થંકર મહાજનોની આજ્ઞામાં શ્રી ગણધરો, આચાર્યો, વગેરે મહાજનો તેમના પ્રતિનિધિઓ સમજવાં તેઓની આજ્ઞામાં અન્ય સાધુ-સાધ્વી મહાજનો.

તેમની આજ્ઞામાં સ્થાનિક શ્રાવક, શ્રાવિકા, મહાજનો, અને તેઓની આજ્ઞામાં સ્થાનિક ગામો, અને શહેરોના અનુયાયીને દોરવણી આપનારા નગરશેઠો, જગતશેઠો, અને સંઘાગ્રણીઓ વગેરે; ચક્રવર્તી રાજા, શરાફો, અને સમાજ તથા કુટુંબના અગ્રેસરો ઇત્યાદિ.

આ પ્રમાણે ઉપરથી પ્રતિનિધિત્વ ગોઠવાયેલું છે, જેથી મહા-પુરૂષોએ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્તિ કર્યા પછી તેનો બીજાને લાભ આપવા શાસન સ્થાપીને વિનિયોગ, કરવામાં આવ્યો છે. તેનો અમલ ધર્મગુરુ વગેરે દરેક મહાજનો કરાવે છે. જેમાં નિઃસ્વાર્થભાવે સર્વનું કલ્યાણ સમાયેલું છે. સર્વજ્ઞપણાથી ગોઠવાયેલી એ વ્યવસ્થા જ એવી છે, કે-તે પ્રમાણે વર્તવાથી બીજા દોષો વચ્ચે વિઘ્નો કરે છતાં એકંદર સર્વનું હિતજ થાય.

પોતાના એકના જ અંગત સ્વાર્થ માટે જગતની ગોરી પ્રજાએ લોકશાસન ડેમોક્રેસીની વ્યવસ્થા વ્યાપક કરી છે. અને મોટા ખર્ચે શિક્ષણ આપીને કેટલાક દેશોના કેટલાક લોકોને લોકશાસન માટે તૈયાર કરીને તેઓનો ઉપયોગ કરે છે.

૬. તેમ કરવામાં ન આવે તો આજ્ઞાપ્રધાન શાસનથી તેઓને વધારે લાભ ન મળે.

૭. લોકશાસનનું નેતૃત્વ તેઓનું હોવાથી આજ્ઞા-શાસન તુટી પડતાં તમામ માનવોના તમામ પ્રકારના જીવન તત્ત્વો ઉપર સંપૂર્ણ રીતે તેઓનો કાબુ, સત્તા, માલીકી, અધિકાર, સ્થાપિત થતા જાય આ સૂક્ષ્મ અને ભયંકર રહસ્ય આજ્ઞા-શાસન ઉઠાડી દઇ લોકશાસન સ્થાપવામાં રહેલું છે.

૮. આજ્ઞાપ્રધાન વ્યવસ્થામાં યોગ્યતા પ્રમાણે ઘટતી રીતે સૌનું કલ્યાણ ગોઠવાયેલું છે. ત્યારે લોકશાસન વ્યવસ્થામાં માત્ર કામચલાઉ અને દેખાવ પુરતું છે. અને તેમાં બીજી પ્રજાઓ અને ઘણાં પશુ વગેરે જીવોના અકલ્યાણ સાથે; પરિણામે એક જ પ્રજાનો સ્વાર્થ ગોઠવાયેલો છે, તેથી ભવિષ્યમાં તે જ પ્રજા જગતમાં રહેતી થાય. બીજી પ્રજાઓની લગભગ સીધી કે આડકતરી થોડી કે ઘણી હિંસા જ ચાલુ હોય.

આ ઉપરથી શાસન એટલે બંધારણીય વ્યવસ્થા તંત્ર એ મુખ્ય અર્થ નક્કી થાય છે.

## બીજા શાસન

૧. રાજ્ય-શાસનો, આર્થિક-શાસનો, સામાજિક શાસનો અને સંપૂર્ણ માનવી પ્રજાના શાસનો પણ આજ્ઞા ઉપર નિર્ભર હોવાથી તેઓના સંચાલકોને ખસેડીને લોક-શાસન નામે બહારનું શાસન પ્રવેશા-

વવામાં આવે છે. જેથી લોક-શાસન અને તેના સંચાલકો ઠામઠામ બેસી જાય.

૨. માટે ધર્મગુરુઓ, મહાજનો, રાજાઓ, સામાજિક આગેવાનો, કુટુંબના આગેવાનો, વગેરે આજ્ઞાપ્રધાન બંધારણોને રદ કરાવીને દૂર રાખવાની ગોઠવણ કરવામાં આવે છે. અને વ્યક્તિવાર મતાધિકાર આપીને તેઓને આગળ કરવામાં આવે છે.

૩. ચુંટણી, મતાધિકાર, ડેમોક્રસી વગેરે થાય છે, આમ છતાં તે નવા બંધારણ દ્વારા તે સત્તાઓ અને આજ્ઞાને જ પ્રવર્તિત કરવામાં આવે છે. આ સૂક્ષ્મ રહસ્ય છે.

ડેમોક્રસીને આગળ કરવા આજ્ઞા-પ્રધાન વ્યવસ્થા હઠાવવામાં આવે છે.

૪. લોક-શાસન ડેમોક્રસી પરિણામે ગોરી સિવાયની મુખ્ય ત્રણેય હિન્દુ, ઇસ્લામ, ચીની, અને બીજી પ્રજાઓના નાશ માટે ગોઠવાયેલ છે.

૫. વર્તમાન પત્રો, શિક્ષણ, કાયદાઓ, મનોરંજક સાધનો દ્વારા પોતાના હિતના વિચારોનો પ્રચાર કરવામાં આવે છે. અને પછી જે વિચારનો અમલ કરાવવો જે વખતે શક્ય હોય તેનો અમલ કાયદાઓ દ્વારા, બહુમતને ધોરણે કરાવવામાં આવે છે. જે વખતે જે બાબતને બહુમતિ મળે તેમ હોય, તે જ બાબતો જાહેરમાં અને ધારા-સભામાં લાવવામાં આવતી હોય છે. આ પણ એક અદ્દભુત રહસ્ય છે. અને તેને બહુમતિ મળે તે માટે અનેક યોજનાઓ અને મોટા ખર્ચાઓ સીધા કે આડકતરા ઉપાડાતા હોય છે.

## સંસ્થા અને બંધારણ

૧. કોઇપણ કાર્ય સંસ્થા વિના સ્થાયી અમલમાં લાવી ન શકાય.

૨. અને બંધારણ વિના સંસ્થા સંભવે નહિ. કેમકે સંચાલકો બંધારણ વિના સંસ્થા ચલાવી શી રીતે શકે?

૩. વ્યક્તિ સાથે બીજી વ્યક્તિ કોઇ પણ એક ઉદ્દેશથી જોડાય કે તુરત ગુરુ અને શિષ્ય, રાજા અને મંત્રી, પિતા-પુત્ર, પુરૂષ અને સ્ત્રી, ધની અને ધનાપેક્ષી, વગેરેથી અનેક સંસ્થાઓ જન્મ પામે છે.

૪. કોઇવાર એક વ્યક્તિથી પણ સંસ્થા ચાલે છે. પરંતુ દરેકમાં પાંચ અંગ તો હોય જ છે. જેમ કે દુકાન વિષયમાં-(૧) દુકાન સંસ્થા, (૧) કમાણી કરવી ઉદ્દેશ; (૩) સંચાલક દુકાનદાર; (૪) માલ ખરીદી, વેચાણ, નાણાની લેવડ-દેવડ, દુકાનના સંચાલનના, વેચાણના, ભાવ-તોલ વગેરે નિયમો અને (૫) મૂડી. એ પાંચ અંગો વિના તો તે ઉદ્દેશની સફળતા ન જ થાય.

૫. બંધારણના તત્ત્વો કેટલાક કુદરતને આધીન હોય છે; કેટલાક સંચાલકો માટેના હોય છે; કેટલાંક ઉદ્દેશ અને પરિણામ સાથે સંબંધ રાખતા હોય છે; કેટલાંક પ્રચારક નિયમો હોય છે; કેટલાંક રક્ષકને વિઘ્નથી બચવાના નિયમો હોય છે, કેટલાક બીજાને લાભ આપવાના, બીજા સાથે સંબંધ બાંધવાને લગતા હોય છે. કેટલાંક મૂડી અને મિલકતોના રક્ષણ, વહિવટ સંચાલન, વૃધ્ધિ વગેરેને લગતા નિયમો હોય છે.

૬. લગભગ નિયમો નીચેની બાબતોને લગતા હોય છે. ઉદ્દેશ, સાધ્ય, હેતુ, પરિણામ, પ્રયોજન, પ્રચારકો, આંતરિક વહિવટ, બહારનો વહિવટ, સત્તાધીશો, અધિકારીઓ, કર્મચારીઓ, સહાયકો, સંસ્થાના ઉત્પાદક-ઉત્પાદકો, સ્થાપનાના સ્થળ-કાળ, સત્તાઓની મર્યાદાઓ, અધિકારીઓની ફરજો, ઉપર ઉપરની નિયંત્રણા, કાયમી નિયમો, કામચલાઉ નિયમો, સ્થાવર-જંગમ મિલકતો, ગુપ્ત તથા પ્રગટ મિલકતો, ભાવ-મનોગમ્ય મિલકતો, અનુયાયિઓ, સભ્યો, પ્રતિનધિઓ, પ્રવેશક નિયમો, બહિષ્કારના નિયમો, શિસ્તભંગની શિક્ષાના નિયમો, પ્રાયશ્ચિતો, દંડો, બીજી સંસ્થાઓ સાથે સંબંધના નિયમો, તેનાથી જુદા પડવાના નિયમો, દરેક બાબતોમાં ઉત્સર્ગ નિયમો, અપવાદ નિયમો, વિધિ નિયમો, નિષેધ નિયમો, વિકલ્પ નિયમો, પ્રચારના સાધનો,

તેના પ્રકારો સંગ્રહ કરી શકાય તેવા બંધારણીય નિયમો, તેની સાથે બુદ્ધિથી સમજવા જેવા નિયમો, જુદા-જુદા સંબંધિત પદાર્થોના વૈજ્ઞાનિક ગ્રંથોના સંગ્રહ, બંધારણીય નિયમોનો ગ્રંથ સંગ્રહ, આગળ પાછળની હકીકતોની નોંધો, નાણુ પ્રકરણીય અને મિલ્કતોના વહીવટી ચોપડા ઈત્યાદિ સાધનો અને તેના નિયમો, તે તૈયાર કરનારાઓના મુખ્ય અને પેટા નિયમો, બંધારણ અને (વિજ્ઞાની) વિજ્ઞાનના અભ્યાસી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના નિયમો, શિક્ષણ વિભાગના નિયમો, વાંધો પડે ત્યારે પતાવટના કામ ચલાવવાના નિયમો, ન્યાય તોળવાના નિયમો, ન્યાય, ધર્મ, નીતિ, વગેરે તમામ ઉપયોગી શબ્દોની વ્યાખ્યાઓ, વ્યકિતને સ્થાન, તેનાં સ્વાતંત્ર્યની મર્યાદા, ફરજીઆત અને ઐચ્છિક નિયમો, જાહેર અને પ્રસિદ્ધિખાતું, લોકપ્રિયતા પ્રાપ્ત કરવાની યોજનાઓના નિયમો, સભા મળવાના નિયમો, ના કામ-કાજના નિયમો, કામ-ચલાઉ સંસ્થા, પેટા સંસ્થા, સ્થાયી સંસ્થા ઇત્યાદિને લગતા નિયમો, અભિપ્રાય, આજ્ઞા, હુકમ,-સૂચના, ખાસ આજ્ઞા વગેરેના પ્રસારણના નિયમો, સભા બોલાવવાના ધોરણો, ઠરાવ, પ્રસ્તાવ, તેમાં સુધારા-વધારા, ધોરણસરપણું, બિન ધોરણ-સરપણું, તેના નિયમો, કર-દાન, ભેટો, ઇનામ, પ્રભાવના, વાત્સલ્યો, સત્કાર, સન્માન, ભકિતના નિયમો, પદવીદાન, લાયકાત, વિગ્રહો, આંતર ઘર્ષણો, અધો ઘર્ષણો, હરીફાઈથી બચવું, આંતર કલહોને રોકવાના નિયમો, સ્થાનિક-પેટા સંસ્થાઓ વ્યાપક મુખ્ય સંસ્થાઓ તેના પેટા ભેદો પસંદગી, કાર્યવાહકો અને તેઓના મિલનના નિયમો. અસાધારણ સભા, મેળાવડા, નવા અને જુના ઠરાવોની સ્થિતિ, ઠરાવોનું ચાલુપણું, રદબાતલપણું, રક્ષક સાધનો તેના ઉપયોગના નિયમો, મુખ્ય-પ્રશ્નો પેટા પ્રશ્નો, ઉદ્દેશની બહારના સવાલો, ખર્ચ કરવાના નિયમો, નાણા મેળવવાના નિયમો, મિલ્કતોની રક્ષા, યુધ્ધ, લડાઇ, સંધિ, વિગ્રહ, આશ્રય, ફાટફૂટ, ભેદ, નીતિ, કટોકટી, વખતે બચવાના ખાસ નિયમો મંત્રણાઓ અને તેના નિયમો, મિત્રો-હિતચિંતકો-નિયમ ચિંતકો નિયમ શોધકો - નિયમોના અભ્યાસી - લડાયક વર્ગ-સંસ્થા હિત ખાતર યુક્તિ-પ્રયુકિતના નિયમો, છુપી તપાસ-છુપી રક્ષા-છુપી શોધો દરેક નાની મોટી પેટા અને મુખ્ય સંસ્થાઓની ક્ષેત્રમર્યાદાઓના નિયમો.

આ રીતે સંસ્થા અને તેના બંધારણને લગતા અનેક પ્રકારના નિયમોનો અનિવાર્ય સંબંધ હોય છે. આ કારણે તેનું એક વિશાળ સાહિત્ય બની શકે છે. આ નિયમોની સૂચિ લગભગ સર્વ સંસ્થાઓને માટે લગભગ સર્વસામાન્ય લાગુ પડે તેવી છે.

આથી દ્વાદશાંગી ઘણું જ વિશાળ શાસ્ત્ર છે.

આ ઉપરથી જૈન શાસન સંસ્થા, તીર્થ સંસ્થાનું બંધારણ કેવા પ્રકારનું ચાલ્યું આવે છે? તેના નિયમોપનિયમો કેવા પ્રકારના છે? તેનો નિર્દેશ કોઇક અવસરે!

[સંપૂર્ણ]

Telegram-BIBIELECT

Telephone-30795

FOR EVERYTHING & ANYTHING

IN

ELECTRICALS

CONTACT

★

M/s B. B. Electric Auto Stores

98-Princess Street, BOMBAY 2.

# વહેતાં વહેણો

નોંધ અને ચર્ચા

શ્રી સમીક્ષક

## ધાર્મિક મિલ્કતોનાં સ્વાતંત્ર્યને રૂંધનારો ખરડો:

ભારતની લોકસભામાં રજુ થયેલ, અને હમણાં સીલેકટ કમિટીને સોંપાયેલ 'ધાર્મિક-ટ્રસ્ટ નિયમન ખરડો' એ ખરેખર જૈનસમાજની ધાર્મિક મિલ્કતો માટે અતિશય ખતરનાક છે. પ્રવર સમિતિએ આ ખરડાને અંગે જનતા પાસેથી તા. ૨૧-સપ્ટેંબર-૬૦ સુધી નિવેદન પત્રોની માંગણી કરી છે. સમગ્ર ભારતના હિંદુઓનાં ધાર્મિક સ્થાનોને સ્પર્શતા આવા ખરડાને માટે હજુ તો સમાજમાં-દેશમાં તે ખરડો કે ખરડાની કલમો સર્વકોઇના જાણવામાં ન આવી હોય ત્યાં આટલી ટુંક મુદ્દતમાં જનતા એને અંગે પોતાનાં નિવેદનપત્રો કઈ રીતે મોકલાવી શકે ? સમિતિની મિટીંગ તા. ૧૦-ઓકટોબરમાં મળનાર છે. બાદ આ સમિતિ પોતાનો રીપોર્ટ લોકસભા સમક્ષ નવેમ્બરમાં રજુ કરે તેમ સંભવિત છે. આ ખરડો લોકસભા તથા રાજ-સભામાં રજુ થયેલ, બાદ તે પ્રવર સમિતિને સોંપાયેલ છે, આ સમિતિમાં ૩૦ સભ્યો લોકસભાના છે, અને ૧૫ સભ્યો રાજસભાના છે. આ ખરડો વાંચતાં અને તેને અંગે વિચારતાં સ્પષ્ટપણે એમ લાગ્યા વિના રહેતું નથી કે, 'ભારત સરકાર જો આ ખરડો પસાર કરે તો હિંદુસમાજ કે જૈનસમાજની ક્રોડોની ધાર્મિક સ્થાવર તથા જંગમમિલ્કતો જ તે દિવસે સરકાર હસ્તક ચાલી જવાની;' આ ખરડાની જોગવાઈ જોતાં કોઈપણ ધર્મશીલ પ્રામાણિક માણસ પણ પોતાના ધાર્મિક સ્થાનોનો વહિવટ સુખપૂર્વક ચલાવી શકે તેમ અને તેવું નથી. આ ખરડાને ઉપર-ઉપરથી જોતાં એ હકીકત સ્પષ્ટ રીતે જણાય છે કે,-

'આ ખરડામાં જો કે હિંદુ શબ્દ વપરાયો નથી, પણ ખરડામાં સૂચવાયેલા અપવાદો જોતાં આ ખરડો મુખ્યત્વે હિંદુઓના અને જૈનોના ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડે છે. એટલે આપણાં જૈનમંદિરો, ઉપાશ્રયો, ધાર્મિકક્રિયા કે ધર્મ-ક્રિયા માટે વપરાતાં કોઈ સ્થાનકો, આયંબિલ-ખાતા, પાઠશાળા કે એવાં કોઇપણ ધાર્મિક-સ્થાનો, ધાર્મિક મિલ્કતો આ કાયદામાં આવી જાય છે. એવા દરેકને રજીસ્ટર કરાવવા પડશે, તેમાં આવકની કોઇ મર્યાદા નથી.'

તદ્દુપરાંત સરકાર નિયુકત ચેરીટી કમીશ્નરની સત્તા આ ખરડાથી ઘણી જ અમર્યાદિત અને આપખુદ રહે છે, કે જેનો કોઇ પાર નથી. જેમકે, 'પાંચ હજારની જેની વાર્ષિક આવક હોય તેણે તેનું વાર્ષિક બજેટ તૈયાર કરીને કમીશ્નરને મોકલવાનું, તેમાં ઓછા-વત્તું ખર્ચ કરવાની તથા કાપકૂપ કરવાની સત્તા કમીશ્નરની રહેશે,'

'વાર્ષિક પાંચહજારથી વધુ આવકવાળા ટ્રસ્ટને હિસાબ કમીશ્નર જે ઓડીટર નિયુકત કરે તેની પાસે જ ઓડીટ કરાવવો પડશે. ને તેનો ખર્ચ ટ્રસ્ટે આપવો પડશે. ટ્રસ્ટની યોજનામાં ફેરફાર કરવો કે ટ્રસ્ટની સ્કીમને રદ કરવાનો અધિકાર કમીશ્નરને રહેશે, ૨૫ હજારથી વધુ આવકવાળાં ટ્રસ્ટો માટે કમીશ્નર જે માણસને નિયુકત કરે તેને જ હિસાબનીશ તરીકે રાખવાનું ફરજીયાત, આ અને આના જેવા અનેક અમર્યાદિત હકકો કમીશ્નરને રહે છે. એટલે કે, ધાર્મિક ટ્રસ્ટની સર્વોપરી સત્તા કમીશ્નરની આ ખરડાથી રહે છે ટ્રસ્ટના ઉદ્દેશ મુજબ રકમ ખર્ચવી? ન ખર્ચવી કેટલી ખર્ચવી ? બધું કમીશ્નરનાં હાથમાં.' કોઇ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડી હોય તો તેનાં સ્થાને અન્ય ટ્રસ્ટીને નિયુકત કરવાનો અધિકાર પણ કમીશ્નરને રહે છે, પછી તે જૈન હોય કે જૈનેતર, આસ્તિક હોય કે નાસ્તિક.

આ રીતે સમગ્ર દ્રષ્ટિયે જોતાં જૈનસમાજના સંખ્યાબંધ ધર્મસ્થાનોની સ્વતંત્રતા આ ખરડાથી અનેક રીતે રૂંધાઇ જવાની છે. કોઇપણ ધર્મશીલ શું પણ ગૌરવપ્રિય વ્યક્તિ તેની ગમે તેટલી ધાર્મિકભાવના કે સેવાવૃત્તિ હશે તો યે ટ્રસ્ટી થવાનું પસંદ નહિ કરે, તે પરિસ્થિતિ આ ખરડો પસાર થતાં નિર્માશે, એ નિ:શંક છે. એક તો આજનો કાલ કપરો છે. લોકોની આર્થિક પરિસ્થિતિ ઘસાતી જતી છે, તેવા કાલમાં માંડ-માંડ પોતાના વ્યાપાર-વ્યવસાયોમાંથી નિવૃત્તિ મેળવીને ધાર્મિક ભાવનાથી કે ફરજ સમજીને ધાર્મિકમિલકતો તથા ધર્મસ્થાનોનો જે લોકો વહિવટ કરી રહ્યા છે, તે લોકો પણ ખરડામાં સૂચિત કરેલી કલમો પ્રમાણે આ બધી કટાકૂટમાં પડવા રાજી કઇ રીતે થાય ? આજે પોતાનો ઘર-સંસાર આબરૂ પૂર્વક મહામુશ્કેલીયે લોકો ચલાવતા હોય ત્યાં વાતે વાતે આજના સરકારી તંત્રની તુમારશાહીના જમાનામાં કમીશ્નરની પાસે દોડી જવાનું એને માટે કઈ રીતે શકય બને ? મિલ્કત સમાજની, ધર્મસ્થાનો સમાજનાં અને તેનો વહિવટ કેમ કરવો ? કયાં કરવો ? કયારે કેટલો કરવો ? મિલકતની ફેરબદલી કેમ કરવી ? ખર્ચ કેમ કરવો ? કયારે કરવી ? કયારે ના કરવી ? ટ્રસ્ટી કોને નીમવો ? આ બધી બાબતોમાં ટ્રસ્ટીને કમીશ્નરની સૂચના મુજબ કરવાનું રહે છે. આ બધી હકીકતો વિચારતાં આ ખરડો ધાર્મિક ટ્રસ્ટો પર સર્વ સત્તાધીશ તરીકે કમીશ્નરને નિયુકત કરવાને માટે જ જાણે તૈયાર કરાયો હોય તેમ લાગે છે.

## ખરડામાં ભેદભાવ બીન કોમવાદી સરકાર કેમ રાખે છે ?

એટલે આ ખરડાની કલમો જોતાં ભારત સરકારને એમ લાગ્યું છે કે, 'હિંદુઓ તથા જૈનોમાં જ પોતાની ધાર્મિક મિલકતોની વ્યવસ્થા કરવાની લાયકાત જાણે રહી નથી, અને કોઈપણ ધાર્મિક મિલ્કતો કે ધર્મસ્થાનોનો સ્વતંત્ર વહિવટ કરવાને જૈનો કે હિંદુઓ યોગ્ય જ નથી રહેલ, માટે સરકારને હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા લાગી છે. આથી કેવલ હિંદુ તથા જૈનોના ધાર્મિક સ્થાનો માટે આ ખરડો તૈયાર કરે છે. ભારતમાં વસતા કરોડો મુસ્લીમો, લાખ્ખો પારસી તથા શીખોને આ ખરડો સ્પર્શતો જ નથી, તેમજ ભારતમાં ગણાતા ને અબ્જો રૂા જેના સંરક્ષણ માટે ભારત સરકાર, પ્રજાના કરવેરામાંથી ખર્ચી રહેલ છે તે જમ્મૂ તથા કાશ્મીરને પણ આ ખરડો સ્પર્શતો નથી આ કેવો ભેદભાવ? ભારત સરકાર જો નિષ્પક્ષ તથા નિર્ભય રીતે રાજ્ય કરવા ઇચ્છતી હોય તો તેનો દરેક મુસદ્દો, તેનો દરેક ખરડો કે દરેક કાયદો ભારતીય પ્રજાજન તરીકે દરેક ભારતીય નાગરીકને સ્પર્શતો હોવો જોઇએ તેમાં ભેદભાવ કોઈ રીતે ચલાવી લેવાય નહિ ! હિંદુ કે મુસ્લીમ, પારસી કે શીખના ભેદભાવો રાખનારી વર્તમાન સરકાર સંપ્રદાયવાદ કે કોમવાદનો વિરોધ કઈ રીતે કરી શકે ? જે ધર્મનો જે ઉદ્દેશ હોય તે ટ્રસ્ટનો જે ઉદ્દેશ હોય તેને વફાદાર રહીને ટ્રસ્ટી તેનો વહિવટ પ્રમાણિકપણે કેમ કરે? આજ વસ્તુ ભારત સરકાર કે કોઇપણ પ્રાંતીય સરકારને તપાસવાની રહે છે, આ ઉદ્દેશને અનુરૂપ જે કાંઇ કાયદો કે કલમો રજૂ થાય ને નક્કી થાય ત્યાં સુધી સરકાર વ્યાજબી રીતે વર્તે છે, એમ કેમ કહી શકાય? તે સરકાર કે ધારાસભ્યોએ પસાર કરેલો આ ઉદ્દેશ મુજબનો ખરડો ન્યાયી છે તેમ કેમ કહી શકાય. બાકી અત્યારે જે ખરડો પ્રવર સમિતિને સોંપાયો છે. તે ખરડો કોઈપણ રીતે પસાર ન જ થવો જોઈએ, જો તે ખરડો પસાર થશે તો ભારતમાં વસતી કોડોની સંખ્યામાં રહેલી હિંદુ પ્રજાને તથા જૈનસમાજ જેવી શાંત, વ્યાપારી તથા દરેક રીતે સર્વને સહકાર આપનાર ધર્મ પ્રેમી પ્રજાને ભારે અન્યાય થઇ જશે, ને તેના ધાર્મિક સ્વાતંત્ર્યનો તેમ

જ વ્યકિત સ્વાતંત્ર્યનો સ્વાભાવિક હક્ક કે અધિકાર ઝુંટવાઈ જશે. એ વસ્તુ નિર્વિવાદ છે.

## 'ખરડો ના જોઈએ'નું આંદોલન જગાવો.

જૈનસમાજે આ તકે, ફીરકા કે ગચ્છભેદના પ્રશ્નને ગૌણ કરીને શ્વેતાંબર, દિગંબર તથા સ્થાનકવાસી, તેરાપંથી દરેકે દરેક ફીરકાના જૈન માત્રે આ તકે એક થઇને ગામે-ગામ, શહેરે શહેર સર્વ કોઈએ, તેમજ પૂ. પાદ આચાર્ય-દેવાદિ ધર્મધુરંધર મુનિપુંગવોએ પૂ. સાધ્વીજી વર્ગે આ પ્રસંગે બધા પ્રશ્નો ગૌણ કરીને લાગણીપૂર્વક આ એક જ જીવન મરણનો પ્રશ્ન ગણીને કોઇપણ રીતે આ ખરડાની સામે તન, મન તથા ધનથી વિરોધ ઉઠાવવો જરૂરી છે. આ અવસરે ચૂપ બેસી રહેવું પાલવે તેમ નથી. ચતુર્વિધ સંઘે આ ખરડો કાયદાનું રૂપ ન લે તે માટે પોતાની સઘળી શકિતઓ, લાગવગ, તાકાત, તેમજ જે કાંઇ સામર્થ્ય છે, તેનો પૂરે-પૂરો ઉપયોગ કરવાની આજે જરૂર છે. ધર્મ જેને વ્હાલો છે, ધર્મસ્થાનોરૂપ પવિત્ર મિલકતો જેને પ્રાણરૂપે છે, તે બધાયે આજે એકત્ર થઇ તે 'ખરડો ન જોઇએ, ના જોઇએ'ના પોકારોથી વાતાવરણને ગજવી દેવાની જરૂર છે. આજે લોહીને ઠંડું રાખવાની જરૂર નથી, પણ ગરમ કરવાની જરૂર છે. અત્યારસુધી દેરાસરોમાં કે ઉપાશ્રયોમાં જઇ પૂજા, ભકિત કે પ્રતિક્રમણ, પૌષધો કરનારા વર્ગને કહેવાનું રહે છે કે, તમારી ધર્મારાધનાનો કસોટી કાલ આજે આવી રહ્યો છે; જે કાંઇ સત્ત્વ, જે કાંઇ આરાધકભાવ કે જે કાંઈ તપ-જપ કરીને કલ્યાણ સાધના કરી છે, તે બધાયનો હવે સદુપયોગ કરીને તાકાત કેળવો, શાસનદેવને પ્રાર્થના કરો, વાતાવરણમાં એવી કાંઈ વિશુદ્ધિ પ્રગટાવો કે આપણી અજ્ઞાનતા, શિથિલતા, વિરાધના કે બેદરકારી, આ કે તેવા પ્રકારની ક્ષતિઓના કારણે ધર્મસ્થાનોની પવિત્ર મિલ્કતો પર જે કારમો કોરડો વીંઝાઈ રહેવાની તૈયારીઓ ચાલી રહી છે, જેઓના તરફથી આપણાં ધાર્મિક સ્થાનો પર આપત્તિ આવી રહી છે, આપણા ધાર્મિકસ્થાનો પરના આપણા વ્યાજબી ઉચિત તથા પ્રામાણિક હક્કો તથા અધિકારો પર, તેનાં સ્વાતંત્ર્યપર જે અનધિકાર અન્યાયી હસ્તક્ષેપ નંખાઇ રહ્યો છે, તે બધાયને સદ્‌બુદ્ધિ સૂઝે, તેઓ પોતાના પગલાના અન્યાયીપણાને ઓળખે ને આપણી વ્યાજબી, ન્યાયી વાતને સાંભળે, સમજે ને વિચારે, તથા સમજી, વિચારી આ આપખુદ ખરડો પાછો ખેંચી લે. આ અવસરે સમાજના પ્રત્યેક ન્હાના કે મોટા સર્વ કોઇની ફરજ છે કે આ ખરડાના વિરોધમાં જોરશોરથી તન, મન, ધન, શકિત, સામર્થ્ય તથા લાગવગનો ઉપયોગ કરી આ ખરડાને કોઇપણ ભોગે કાયદાનું રૂપ લેતો અટકાવે. ભારતની લોકસભામાં કે કોઈપણ પ્રાંતીય સરકારની વિધાન સભામાં આ ખરડો આવતો અટકે એ માટે સર્વ કોઈએ કોઈપણ જાતના અન્ય મતભેદો કે સંકુચિત વિચારણાઓને આ તકે બાજુયે મૂકીને તાત્કાલિક એકજ કામે લાગી જવું જોઈએ કે 'આ ખરડો ના જોઇએ, બસ ના જોઇએ.'

આનંદની વાત છે કે, અમદાવાદ, મુંબઈ તથા કલકત્તા તેમજ દીલ્હી જેવા શહેરોમાં આ ખરડાની વિઘાતકતા ધ્યાનમાં લઈ સમાજના આગેવાન તથા પ્રતિષ્ઠિત વર્ગો તરફથી, તેમજ પૂ. પાદ આચાર્યદેવાદિ શાસન પ્રભાવક ધર્મ ધુરંધર મહાપુરુષોની દોરવણી નીચે વ્યવસ્થિત વિરોધ સભાઓ યોજાઈ રહી છે, ખરડાના વિરોધનાં આંદોલનો સમાજમાં, સંઘમાં, તેમજ ગામે-ગામ, શહેરે-શહેર અને એ રીતે દેશવ્યાપી જાગતા થવા જોઇએ, જબરજસ્ત પ્રચાર સાધનો કામે લગાડવાં જોઈએ. આજે અને અત્યારે જાગતા રહેવાની, ખબરદાર રહેવાની જરૂર છે. આજે જૈન સમાજની પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઉભો થયો છે, તેના ગૌરવનો, તેનાં અસ્તિત્વનો તથા

તેના જીવન-મરણનો આ એક વિરાટ પ્રશ્ન ઉભો છે.

આજે બેદરકાર રહે, ગાફેલ રહે, કે શું કરીએ ? બીજા ઘણા કરવાવાળા છે. આપણે શું ? આપણે બીજા ઘણાં કામો છે ? ઈત્યાદિ વિચારોને આધીન થઈ જો કોઈપણ પૂ. પાદ આચાર્યદેવાદિ આ પ્રશ્નમાં મૌન રહેશે, કે ઉપેક્ષા દાખવશે તો તે સમાજની, સંઘની કમનશીબી લેખાશે. અત્યારે આપને પ્રતિષ્ઠા, ઉદ્યાપન ઉપધાન કે સંઘ, અઠ્ઠાઇ મહોત્સવો કે શાંતિસ્નાત્ર મહોત્સવોના શાસનપ્રભાવક કાર્યો કરવા-કરાવવાનાં છે, એ વાત જેટલી શાસન માટે અગત્યની છે, તેટલી જ અગત્યની શાસન માટે, અરે ખુદ આપના પોતાના માટે તેટલી જ અગત્યની આજે આ વસ્તુ છે, તે આપશ્રીને અમારે યાદ કરાવવાનું ન હોય! સર્વ કોઇએ ન્હાના-મોટા, જવાબદારીવાળા કે વિનાના કોઈ જાતના ભેદ રાખ્યા વિના આ ખરડા માટે દરેક રીતે પોતાની શકિત કામે લગાડીને જ્યાંસુધી આ ખરડો પાછો ન ખીંચાય ત્યાં સુધી ઝંપીને બેસવાનું નથી જ.

યાદ રાખજો આ ખરડો વિઘાતક છે; ધાર્મિક મિલકતોની વ્યવસ્થા માટે સરકાર આપણા પર ઉપકાર કરીને આવા ખરડાઓ લાવી રહી છે, એવી ભ્રમણા રખે રાખતા, આ ખરડાની એકપણ કલમ પાસ ન થાય તે રીતે જાગતા રહેજો ! આપણાં ધાર્મિક સ્થાનોનાં કે મિલકતોની અવ્યવસ્થા, ગોટાળા કે ગેરવહિવટોને ચલાવી લેવા નથી માંગતા, તેને દૂર કરવા, ને ધાર્મિક ઉદ્દેશ મુજબ ધાર્મિક સ્થાનોનો વહિવટ કે મિલ્કતોની પ્રામાણિકપણે વ્યવસ્થા થાય તેવા ખરડાઓ સરકાર લાવતી હોય તો તે હકીકત જુદી છે, આ તો ધાર્મિકસ્થાનો પર, ધાર્મિક મિલ્કતો પર કારમો અત્યાચાર અચરાઇ રહ્યો છે, કોઇપણ ધર્મશીલ વ્યકિત ધાર્મિકસ્થાનોનો કે મિલકતોનો વહિવટ સ્વમાન રીતે ન કરી શકે, તે સ્થિતિ આજે સર્જાઈ રહી છે. ધાર્મિક ઉદ્દેશને કે ધર્મ સિદ્ધાંતો મુજબની વ્યવસ્થા-ટ્રસ્ટશીપની સામે આજે આક્રમણ આવી રહ્યું છે, માટે જ અમે ફરી ફરીને સમાજના સર્વ કોઈ વર્ગને સંઘના સર્વ કોઈ ન્હાના-મોટા અંગને એક જ હકીકત કહી રહ્યા છીએ કે, આ ખરડાની સામે તમે તમારો સક્રિય વિરોધ નોંધાવો જોરશોરથી આંદોલનો ઉઠાવો, તેમજ તન, મન અને ધનની શકિત ખરચીને એક જ પ્રશ્નમાં સર્વ કોઈ આજે લાગી જાવ ! 'આ ખરડો કોઈ પણ રીતે ન જ રહેવો જોઇએ, જવો જ જોઇએ એ રીતે માનસિક તાકાત શ્રદ્ધાપૂર્વક ધર્મની લાગણીથી કેળવો તે માટે પૂ પાદ આચાર્યદેવાદિ તરફથી તેમજ જવાબદાર સંઘના આગેવાન કાર્યકરો તરફથી કે વિરોધ માટે સક્રિય કામ કરવા નીમાયેલી સમિતિઓ તરફથી જે કાંઈ અપીલો, નિવેદનો કે વિજ્ઞપ્તિઓ આવે તેનો ગામે-ગામના, દેશે-દેશના શ્રી સંઘોએ અવશ્ય અમલ કરવો !

## આપણા માટે જીવન-મરણનો પ્રશ્ન છેઃ

આજે આપણા માટે મહત્ત્વનો, જીવન-મરણનો પ્રાણપ્રશ્ન આવ્યો છે; આપણાં ગૌરવનો, પ્રતિષ્ઠાનો, તથા ધર્મારાધના, ધર્મભાવના તેમજ ધર્મરક્ષા માટે ખૂબજ કસોટીનો કાળ આવ્યો છે. સર્વ કોઇ જાગો, અન્યોને જગાડો ને આ ખરડાના સક્રિય વિરોધમાં જે કાંઈ તમારી શકિત, તાકાત, સામર્થ્ય છે, તેનો ઉપયોગ કરી, ખરડો કાયદાનું રૂપ લેતો અટકે તેના માટે બધું કરી છૂટો! જૈનસમાજ શૌર્યશાલી છે, તેનો ભૂતકાળ ગૌરવવંતો છે, તેને હાથમાં લીધેલા કાર્યોમાં તેને અત્યાર સુધી સફલતા મલી છે, એ માટે અમને જરૂર શ્રદ્ધા છે કે જૈન સંઘ આ કાર્યમાં પાછો નહિ જ પડે! તેના આગેવાનો પૂ. પાદ આચાર્યાદિ મુનિવરો, ચતુર્વિધ સંઘ તેની ધર્મભાવના, શ્રદ્ધા, સંયમ, તપ, જપ આદિની આરાધના,

તથા તેની શકિત આ કાર્યમાં અવશ્ય સહાયક બનશે, શાસનદેવ પણ આપણને જરૂર સહકાર આપશે ! માટે સર્વ કોઇએ પોતાની ફરજ સમજીને આ કાર્યમાં આજથી જ લાગી જવું જોઈએ !

શિથિલતા, ઉપેક્ષા કે બેદરકારી આમાં નહિ ચાલે ! આવતી કાલનો ઇતિહાસ આપણને ફીટકાર દે; કે આપણાં શિરે નામોશી ન મૂકે તે માટે આ અવસરે સર્વ કોઈ પોતાનાં કર્ત-વ્યધર્મનું ગૌરવપૂર્વક પાલન કરશે, ને પોતાનાં અંગત સ્વાર્થોનું, અંગત માના-પમાનોનું બલિદાન દઈ, આ અવસરે એકદિલે એક રાહે ખરદાના વિરોધમાં સઘળું જોમ ખર્ચશે એની અમને પૂરીપૂરી શ્રદ્ધા છે !

⊙



## વીશ વર્ષ સુધી જૈન ઔષધાલય તથા વિદ્યાલય ચલાવો !

કોઇ પણ દાતા શ્રીમાન અથવા જૈન સંઘ મળીને રૂા. ૩૧૦૧ એકવાર આપે તો ૨૦વર્ષ સુધી વૈદ્યનો પગાર, સર્વપ્રકારની દવાઓ તથા વિદ્યા-લય અમારા તરફથી ચલાવવામાં આવશે. ૩૬૪૪ રૂા. નો રીઝર્વ સ્ટોક પણ આપી દેશું. ૮ કલાક ઔષધાલય અને બે કલાક ધાર્મિક આયુર્વેદિક અભ્યાસ ચાલશે. ૨૦ વર્ષ સુધી ચલાવવાની ગેરંટી સ્ટેમ્પ પર કરી આપવામાં આવશે. મકાન, ફર્નીચર આપના તરફથી રહેશે. પત્રવ્યવહાર કરો તથા બોલાવો.

— સીરનામું —

**મેનેજર, ભરત આયુર્વેદ ભવન**

**લલીતપુર (ઝાંસી) ઉ. પ્રદેશ**



# સંસાર ચાલ્યો જાય છે!

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા :** રથમર્દન નગરીમાં આવેલી યોગિની સુલસાએ ઋષિદત્તા પર યુવરાજ કનકરથને તથા સર્વ કોઈને દુર્ભાવ જાગે તે માટે ભયંકર કાવત્રું યોજ્યું છે. રોજ રાત્રે નિદ્રાધીન રાજભવનના પ્રહરીઓની તે પોતાની મંત્ર શક્તિથી હત્યા કરે છે. ને ઋષિદત્તાના ગાલને લોહીથી લાલ કરી, માંસનો ટુકડો તેની શય્યામાં ફેંકીને તે પાછી જાય છે. એક પછી એક આમ આઠ વિશ્વાસુ પ્રહરીઓની હત્યાથી રાજા હેમરથ ઉદ્વિગ્ન બને છે ને મેલી વિદ્યાના સાધકોનું આ કાર્ય છે એમ માની મંત્ર-તંત્રવાદી તથા અપરિચિત પ્રવાસીને તે નગર બહાર જવાનો આદેશ કરે છે.

આ બાજુ : સુલસા પોતે રાજા પાસે જઈને યુવરાજના પત્ની ઋષિદત્તા વિષે રાજાના મનમાં વ્હેમ મૂકે છે. પોતે રાજાના આમંત્રણથી રાજભવનમાં જાય છે. ને રાજાને તથા સર્વ કોઈ ને ઋષિદત્તા માટે દુષ્ટ ભાવ જાગે તે પ્રકારનું કાવત્રું પોતાની મંત્રશકિતથી કરવા તે રાત્રે તે રાજભવનની બહાર નીકળે છે. **હવે વાંચો આગળ.**

## પ્રકરણ ૧૯ મું

## પંખી સપડાયું !

સુલસા જ્યારે પોતાનું કામ—છેલ્લી હત્યા કરીને રાજભવનના અતિથિગૃહમાં દાખલ થઇ ત્યારે રાત્રિના ત્રીજા પ્રહરની અંતિમ ઘટિકા ચાલી રહી હતી.

તેણે જોયું હતું કે મુખ્ય દ્વાર પાસે ઉભેલો પ્રહરી તૈયાર થઇને ઘટિકાયંત્ર સામે જોઇ રહ્યો હતો.

અને તેણે એ પણ જોયું હતું કે મહારાજાના મહેલ સામેના ચોકમાં એક રથ તૈયાર થઇને ઉભો હતો. રથમાં મહામંત્રી બેઠા હતા અને સારથી મહારાજાના આગમનની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

આ બધું જોઇને સુલસા ખૂબજ પ્રસન્ન બની હતી. આજ પોતાનું કામ પાર પડશે એવી તેણે શ્રદ્ધા રાખી હતી.

સુલસા જયારે પોતાની શય્યા પાસે આવી ત્યારે બાજુની શય્યા પર રાહ જોઇને બેસી રહેલી કુબ્જા એમને એમ બેઠી બેઠી નિદ્રાધીન થઇ ગઇ હતી.

કુબ્જા સામે જોઇને સુલસા અદૃશ્યપણાથી મુક્ત થઇ અને કુબ્જાને જગાડયા વગર એમ ને એમ પોતાની શય્યામાં પડી. પણ આટલા સંચારથી કુબ્જા જાગી ગઇ. ખૂણામાં બળતી દીપમાલિકાના આછા પ્રકાશમાં તેણે સુલસા સામે જોયું અને આશ્ચર્ય-ભર્યા સ્વરે કહ્યું: 'ક્યારે પધાર્યાં ?'

'હમણાજ આવી.'

'મને જરા ઝોલું આવી ગયું હતું.' કહીને કુબ્જા ઉભી થઇ અને સુલસાની શય્યા પાસે આવી.

સુલસાએ કહ્યું: 'કુબ્જા, તું હવે સૂઇ જા. આનંદથી સૂઇ જા. આજ મારૂં કામ પતી ગયું છે.'

કુબ્જાએ સુલસાના પગ પર હાથ મૂકીને દબા-વતાં દબાવતાં કહ્યું: દેવી, આજ શું બન્યું ?'

'આજ મહારાજા જાતે ત્યાં જઇ રહ્યા છે. જો રથનો અવાજ સંભળાય છે !'

'હા.'

'એ રથમાં જ મહારાજા પોતે યુવરાજના ભવન તરફ જાય છે. તેઓ થોડી જ વારમાં ત્યાં પહોંચી જશે. અને પોતાના એકના એક પુત્રની પત્નીનું ભયંકર કૃત્ય નજરે નિહાળશે.' સુલસાએ આનંદભર્યા સ્વરે કહ્યું.

કુબ્જાએ બે પળ પછી કહ્યું: 'દેવી, તો તો પછી આપણે જઇ શકીશું ને?'

'હા. પરિણામની ખબર આજને આજ પડી જશે.'

'કદાચ.'

'શું?'

'હમેશની માફક યુવરાજ પોતાની પત્નીનું મોઢું સ્વચ્છ કરશે અને માંસનો ટુકડો ફેંકી દેશે તો?'

સુલસા ખડખડાટ હસી પડી અને હસતાં હસતાં બોલી: 'હજી કોઇ જાગૃત નહિં થયું હોય. હજી મેં નિદ્રા પાછી નથી ખેંચી.'

'તો પછી.'

'હું થોડીજ વારમાં નિદ્રા પાછી ખેંચી લઇશ. ત્યારે મહારાજા ત્યાં પહોંચી ગયા હશે. મુખ્ય દ્વારમાં મહારાજાને કોઇ શક નહિં આવે. કારણ કે આજ એક કમનસીબ માળીને ખતમ કર્યો છે. એનું શબ પણ ઉપવનમાં પડયું છે.'

કુબ્જા કંઇ બોલી નહિ.

થોડીવાર પછી સુલસાએ યુવરાજના ભવનમાં મૂકેલી નિદ્રા પાછી ખેંચી લીધી.

એ વખતે મહારાજાનો રથ મુખ્ય દ્વાર પાસે પહોંચી ગયો હતો અને બધા દ્વારપાળો હડબડ થતા ઉભા થઇ ગયા હતા.

મહારાજા અને મહામંત્રીને આટલા વહેલા આવેલા જોઈને બધા દ્વારપાળો આશ્ચર્યમાં પડી ગયા.

મહામંત્રીએ કહ્યું: 'યુવરાજ કયાં છે?'

'એમના શયનગૃહમાં.' એક દ્વારપાળે કહ્યું.

મહારાજાએ રથમાંથી નીચે ઉતરતાં પ્રશ્ન કર્યો 'આજે કોઇનું ખૂન થયું છે?'

'ના મહારાજ.'

'તમે બધા બરાબર જાગતા હતા?'

'હા કૃપાવતાર. બે ઘડી કોઇ કોઇને નિદ્રા આવી ગઇ હશે.' એક દ્વારપાળે કહ્યું.

મહારાજા અને મહામંત્રી બંને ચાલીને ભવન તરફ ગયા.

ભવનના મુખ્ય દ્વારપાળો જે ભવનના પ્રાંગણમાં બેઠાં હતા. અને થોડી પળો પહેલાંજ સજાગ બન્યા હતા. તેઓ મહારાજાને જોઇને આશ્ચર્ય સાથે ઉભા થઇ ગયા.

મહારાજા અને મહામંત્રી કશું બોલ્યા વગર સીધા શયનગૃહ તરફ ગયા.

શયનગૃહનુ બારણું અટકાવેલું હતું. બહાર બે પરિચારિકાઓ થોડી પળો પહેલાં જાગૃત થઇને બેઠી થઇ હતી.

મહારાજાને આ રીતે એકાએક આવેલા જોતાં જ બંને પરિચારિકાઓ સફાળી ઉભી થઇ ગઇ. નમસ્કાર કરીને એક તરફ ઉભી રહી ગઇ.

મહામંત્રીએ કહ્યું: 'યુવરાજને જાગૃત કરો.'

એક પરિચારિકાએ તરત દ્વાર પર ટકોરો માર્યો. અંદરથી યુવરાજનો ઉત્તર આવ્યો: 'કોણ?'

'મહારાજાધિરાજ પધાર્યા છે.'

'અત્યારે?' કહેતાને કનકરથ એકદમ પોતાની શય્યામાંથી બેઠો થઇ ગયો.

ઋષિદત્તા પણ પોતાની શય્યામાંથી બેઠી થઇ ગઇ.

પરિચારિકાએ બારણાને જરા ધકકો માર્યો. દ્વાર ખુલી ગયું.

મહારાજા અને મહામંત્રી બંને એમ ને એમ અંદર દાખલ થયા.

યુવરાજ નમસ્કાર કરીને પિતા સામે ઉભો રહ્યો. પણ મહારાજાની નજર પોતાની પુત્રવધૂ પ્રત્યે હતી. ઋષિદત્તા શય્યા પાસેજ ઉભી હતી. એના મોઢા પર લોહીના ડાઘા હતા.

મહારાજા કશું બોલ્યા વગર ઋષિદત્તાની શય્યા પાસે ગયા અને તેનું ઓસીકું ઉઠાવ્યું. ઓશીકા

તળે માનવ માંસનો એક તાજો ટુકડો પડયો હતો.

મહારાજાએ યુવરાજ સામે કરડી નજરે જોઇને પ્રશ્ન કર્યો; 'કનકરથ, આ શું છે?'

'બાપુ આ અંગે અમે કશું જાણતા નથી. રોજ સવારે આ રીતે માંસનો એક ટુકડો મળી આવે છે.'

'તો પછી આ વાત તેં આજ સુધી કેમ ન કહી?'

'આવું દુષ્ટ કૃત્ય કોણ કરી જાય છે અને કેવી રીતે કરે છે તે જાણવાનો હું પ્રયત્ન કરતો હતો.'

'હં...' કહીને મહારાજાએ ઋષિદત્તા સામે જોયું અને કહ્યું: 'તમારૂં મોઢું દર્પણમાં જોઇ લ્યો! મોઢાપર લોહીના ડાઘ છે કે નહીં?'

ઋષિદત્તાએ વિનમ્ર સ્વરે કહ્યું: 'બાપુજી આ રીતે હંમેશા મારૂં મોઢું લોહીથી ખરડાયેલું હોય છે. મને ખબર પણ નથી પડતી કે આમ કેમ બનતું હશે!'

'જુઓ, તમે મારાં પુત્રવધૂ છો. તમે જે કંઇ સત્ય હોય તે કહી દો...'

'કૃપાવતાર, મેં જીવનમાં કદી અસત્યનો આશ્રય લીધો નથી હું સત્ય કહું છું કે આ અંગે હું કશું જાણતી નથી.'

મહામંત્રીએ મહારાજા સામે જોઇને કહ્યું: 'મહારાજ! આપણે પ્રથમ કોઇની હત્યા થઇ છે કે નહિં તેની તપાસ કરાવીએ."

'હા...' કહીને મહારાજાએ ઋષિદત્તા સામે જોઇને કહ્યું: 'પુત્રી, આજ સૂર્યોદય પછી બે ઘટિકામાં તમારે સત્ય હકિકત જાહેર કરવાની છે. આ રાજાજ્ઞા છે.'

ઋષિદત્તાએ પોતાના સ્વામી સામે એક નજર કરી. કનકરથે કહ્યું: 'પિતાજી, આપની પુત્રવધૂ ગંગા જેવી નિર્મળ અને પવિત્ર છે.'

'ન્યાય અને તપાસમાં લાગણીને મહત્ત્વ ન હોવું જોઇએ. સંભવ છે કે પત્ની પ્રત્યેના મોહના કારણે તું સત્યથી બેખબર રહ્યો હોય! હવે આપણે નીચે જઇએ અને આ માંસનો ટૂકડો કયા કમ ભાગીનો છે તે તપાસીએ.' કહી મહારાજા તરત પાછા વળ્યા.

એની પાછળ યુવરાજ અને મહામંત્રી પણ શયનખંડની બહાર નીકળ્યા.

ઋષિદત્તા ગંભીર વિચારો સાથે દિગ્મૂઢ બનીને ત્યાં ને ત્યાં ઉભી રહી. એના મોઢાપર દેખાતા લોહીના ડાઘ સ્વચ્છ કરવાનું પણ તેને યાદ ન આવ્યું.

એક પરિચારિકા અંદર આવી અને જેનો ચહેરો હંમેશ સદ્યઃ પ્રસ્ફુરિત શતદલ સમો લાગતો હતો તે ઋષિદત્તાને કરમાયેલા વદને ઉભેલી જોઇને દાસી પ્રથમ તો અચકાણી. પછી મૃદુ સ્વરે બોલી: 'મહાદેવી...'

ઋષિદત્તાએ ભાવહીન નજરે દાસી સામે જોયું. દાસીથી બોલાઇ જવાયું: 'મહાદેવી દાંતમાંથી રક્તશ્રાવ થયો હોય એમ લાગે છે.'

'ઓહ!' કહીને ઋષિદત્તા તરત સ્નાનગૃહ તરફ ગઇ તેના મનમાં અનેક વિચારો આવી રહ્યા હતા. પોતે આ હત્યાઓથી સાવ અનભિજ્ઞ છે...મોઢાપર લોહીના ડાઘ કોણ કરી જાય છે અને માનવમાંસનો ટૂકડો ઓશિકા તળે કોણ મૂકી જાય છે એ પ્રશ્ન આજ પણ ગાઢ અંધકાર જેવો જ રહ્યો છે. જીવનમાં કદી કોઇનો અપરાધ કર્યાનું યાદ નથી. કોઇનું મન દુભવ્યાનું પણ સ્મરણ નથી. તો પછી આમ કોણ કરતું હશે? શું પૂર્વ ભવની કોઇ શત્રુતા હશે? આ અંગે હું કશું જાણતી નથી. મહારાજાને સત્ય વાત શું કહેવી? જે વસ્તુનો ખ્યાલ નથી અથવા સંશય પણ નથી તે વસ્તુ કઇ રીતે કહેવી?

આવા અનેક વિચારો વચ્ચે સપડાયેલી ઋષિદત્તાએ મોઢું ધોઇને સ્વચ્છ કર્યું. ત્યાર પછી તે નીચે જવા તૈયાર થઇ.

હજી તે પોતાના ખંડમાંથી બહાર નીકળે તે પહેલા જ એક પરિચારિકાએ આવીને કહ્યું: 'મહાદેવી, ગજબ થઇ ગયો.'

'શું થયું!'

'આપણા ઉપવનના એક વૃદ્ધ માળીની કોઇએ હત્યા કરી છે.'

'ઓહ! આવું ભયંકર પાપ કોણ કરતું હશે? નિર્દોષ માનવીના પ્રાણ કોણ હરતું હશે? અને આ બધું...' કહેતાં કહેતાં ઋષિદત્તાના હૈયામાં વેદનાનો એક વેગ આવી ગયો અને વાક્ય અધુરૂં રાખીને તે બહાર ન જતા એક આસન પર બેસી ગઇ.

દાસીએ નજીક આવી કહ્યું: 'દેવી, કેમ આપ આટલા ઉદાસ બની ગયાં?'

'મહારાજાધિરાજ શું કરે છે?'

'બધા ઉપવનમાં શબ પાસે ઉભા છે.'

'ત્યારે હત્યા ઉપવનમાં કરવામાં આવી છે?'

'હા...મહારાજાધિરાજે બધા ચોકિયાતોને બોલાવ્યા છે...આપ ત્યાં પધારો છો?'

'ના....મારા સ્નાનની વ્યવસ્થા કર.' ઋષિદત્તાએ કહ્યું.

હજી સૂર્યોદય નહોતો થયો પણ થોડી પળોમાં જ થશે એમ જણાતું હતું.

નીચે ઉપવનમાં મહારાજા અને મહામંત્રી બધા ચોકિયાતો વચ્ચે ઉભા હતા અને આવા સખ્ત ચોકી પહેરા નીચે હત્યારો કયાંથી આવ્યો હશે? એ પ્રશ્નની ચર્ચા કરી રહ્યા હતા.

પરંતુ બધા ચોકીયાતો એ એક જ વાત જણાવી કે કોઇ પણ અજાણી વ્યકિત રાજમહેલમાં પ્રવેશી શકેલ છે જ નહિં.

સામાન્ય રીતે હત્યા અંગે જેટલી તપાસ કરી શકાય તેટલી તપાસ કરીને મહારાજા યુવરાજ તથા મહામંત્રી સાથે પુનઃ મહેલમાં ગયાં અને એક એકાંત ખંડમાં બેસીને મહારાજાએ પોતાના પ્રિય પુત્રને કહ્યું: 'કનકરથ, આ હત્યાઓ પાછળ કોનો હાથ છે, તે તું સમજી શકયો છે?'

'ના પિતાજી...કોઇ અદ્દશ્ય શત્રુ આ રીતે કરતો હોવો જોઇએ.' યુવરાજે કહ્યું.

'જો ભાઈ, અદ્દશ્ય શત્રુ હોય તો તે આપણા પરજ સીધું આક્રમણ કરે...નિર્દોષ માણસોના પ્રાણ શા માટે હરે?'

'મેં દરેક રીતે વિચાર કરી જોયો છે...હત્યારાનો હેતુ શું છે તે પણ સમજાતું નથી.'

'હેતુ તો સ્પષ્ટ છે...' મહારાજાએ કહ્યું.

યુવરાજ પ્રશ્નભરી નજરે પિતા સામે જોઇ રહ્યો.

મહારાજાએ કહ્યું: 'યુવરાજ્ઞી વનમાં ઉછરેલી છે...અનેક વિદ્યાઓ જાણે છે, સંભવ છે કે તે આ રીતે માનવરક્ત વડે પોતાની પ્યાસ બુઝવતી હોય!'

'પિતાજી...'

'સત્ય કટુ હોય છતાં આદરણીય હોવું જોઇએ. તું તારી પત્નીને સમજાવ અને સત્ય શું છે તે જાણીને મને જણાવી દે. આજ મધ્યાન્હ પછી હું રાજસભામાં આ આખાયે પ્રશ્નનો ઉકેલ લાવવા માગું છું.'

'પરંતુ તાપસકન્યા તો જૈન છે. એ કદી હિંસા ન કરે. એ આપણા જેટલી જ અજ્ઞાત છે. કોણ એના મોઢા પર લોહીના ડાઘ પાડી જાય છે અને કોણ એના ઓસીકા તળે નરમાંસનો ટુકડો મૂકી જાય છે એ સમજાતું નથી.' યુવરાજે કહ્યું.

મહારાજા આસનપરથી ઉભા થયા અને બોલ્યા; 'વત્સ, રૂપના સ્વામી બનવામાં ગૌરવ છે. રૂપના દાસ બનવામાં કોઇ ગૌરવ નથી. એકવાર લાગણી અને મોહ એક બાજુ મુકીને તું આ ભયંકર હત્યાઓને હૈયા સામે રાખ અને પછી સત્ય જાણવાનો પ્રયત્ન કર. તાપસકન્યાનું મોઢું રોજ શામાટે કોઇ લોહીથી ખરડી જાય? શામાટે ઓસિકા તળે માંસનો ટુકડો મૂકી જાય? એવો વૈર-ભાવ કોને હોય? શા માટે હોય?'

'પિતાજી, આ બધા પ્રશ્નો અણઉકેલ છે છતાં હું આપને એક વાત સ્પષ્ટ કરૂં છું કે મારી ધર્મપત્ની સર્વથા નિર્દોષ છે.'

'આ તારી માન્યતા છે. હું પણ એમજ ઇચ્છું છું કે મારી પુત્રવધૂ નિર્દોષ હોય. પરંતુ ન્યાયનો

આધાર માન્યતા પર નથી હોતો. હકિકત અને પુરાવા પર હોય છે. તું એ દૃષ્ટિએ આ પ્રશ્નને સમજી લે અને બે ઘટિકા પછી તાપસકન્યાનો ઉત્તર મને આપી જજે.' આટલું કહીને મહારાજા હેમરથ મહામંત્રી સાથે વિદાય થયા.

પત્ની પ્રત્યે શુદ્ધ પ્રેમ અને નિષ્ટા રાખનારો કનકરથ દાઝેલા હૈયે ઉપર ગયો.

ઋષિદત્તા સ્નાનાદિથી નિવૃત્ત થઇ વસ્ત્રાભૂષણ ધારણ કરી હજુ થોડી પળો પહેલાં જ શૃંગારખંડમાં આવી હતી.

યુવરાજ શૃંગારખંડમાં દાખલ થયો એટલે ત્યાં ઉભેલી બંને પરિચારિકાઓ મસ્તક નમાવીને ચાલી ગઇ.

યુવરાજે એક આસન પર બેઠક લઇ પ્રિય, નિર્દોષ અને સદાય મંગળભાવ ઉત્પન્ન કરનારી પ્રિયતમા સામે નજર કરી. ઋષિદત્તા કરમાયેલા વદને બેઠી હતી. યુવરાજે કહ્યું; 'બે ઘટિકા પછી મારે પિતાજી સમક્ષ હાજર થવાનું છે.'

'કેમ ?'

'તારો ઉત્તર આપવા.'

'સ્વામી, હું શું ઉત્તર આપું?'

બાલ્યકાળથી જ સત્યના સંસ્કાર પડ્યા છે. અહિંસાનો આદર્શ મળ્યો છે. હું શું કહું ? આ હત્યાઓ અંગે હું કશું જાણતી નથી.'

'પિતાજીને સંશય છે કે આ કાંઇ તારા હાથેજ થતું હોવું જોઇએ.' યુવરાજે કહ્યું.

આ શબ્દો સાંભળીને ઋષિદત્તા ધ્રુજી ઉઠી. બે પળ મૌન છવાયું. ત્યાર પછી તે મૃદુ ગંભીર સ્વરે બોલી; 'આપના હૈયામાં મારા પ્રત્યે સંશયની એક પણ રેખા નથી પ્રગટીને ?'

'ના પ્રિયે, મને કોઇ દેવ આવીને કહી જાય તો પણ તારા પ્રત્યેની મારી શ્રદ્ધા જરાયે ચલિત થઇ શકે એમ નથી. હું તને સંપૂર્ણ નિર્દોષ અને નિર્મળ માનું છું અને જીવનભર માનતો રહીશ.' યુવરાજ કનકરથે કહ્યું.

'સ્વામી, હવે મને કાંઇ ચિંતા નથી. મારા કોઇ કર્મદોષના અંગે આ વિપત્તિ આવી પડી છે. પણ સ્ત્રીનું વિશ્વ એના સ્વામીમાં જ છે. મારૂં વિશ્વ મારા માટે સલામત છે.'

'પણ મારે પિતાજીને શું કહેવું?'

'આપ નિઃશંક પણે કહેજો હું આ અંગે કશું જાણતી નથી. હત્યાની કલ્પના સરખીયે જીવનમાં કદી આવી નથી.'

'પણ પિતાજી તારા આ સત્ય કથન પ્રત્યે વિશ્વાસ નહિં રાખે તો ?'

'સત્ય એ સત્ય જ છે. કર્મના આવરણના અંગે કોઇવાર સત્ય અન્યને દેખાતું નથી. પરંતુ આવરણ અળગાં થયા પછી સત્ય સૂર્ય કરતાં યે વધારે તેજસ્વી બનીને પ્રકાશી ઉઠે છે.' તાપસકન્યાએ કહ્યું.

યુવરાજે ઉભા થઇ પત્નીને હૈયા સરસી લીધી અને પત્નીનું કરમાયેલું વદન કંઇક પ્રફુલ્લ બન્યું. તેણે પ્રિયતમાના મસ્તક પર એક હાથ મૂકીને કહ્યું: 'પ્રિયે તારા શબ્દોમાં મને સોએ સો ટકા વિશ્વાસ છે. પિતાજીનો સંશય દૂર થાય કે ન થાય પણ તારા શબ્દો હું એમની સમક્ષ ગર્વભર્યા સ્વરે રજુ કરીશ અને તેઓ કંઇપણ નિર્ણય લેશે તે પહેલાં હું તારી હકીકત નિર્ભયતાપૂર્વક સમજાવીશ, છતાં તેઓ અનુચિત નિર્ણય લેશે તો હું એ નિર્ણયનો પ્રતિવાદ કરીશ.'

'સ્વામી !' તાપસકન્યાએ મુખ ઉંચુ કરીને સ્વામી સામે જોયું અને કહ્યું; 'નહિં, આપ પૂજ્ય સામે પ્રતિવાદ કરશો નહિ. સંસારમાં સત્યને કદી આંચ નથી આવી. હું શ્રધ્ધાપૂર્વક કહું છું કે આજ નહિં તો આવતી કાલે પણ સત્ય પોતાના તેજ વડે પ્રગટ થશે.'

'પ્રિયે, સત્ય ખાતર મૌન રહેવું એ સત્યની અભ્યર્થના નથી.'

'પરંતુ વિવેક અને ધર્મની મર્યાદા અલ્પ નથી. પ્રતિવાદ હંમેશા કલહનો સર્જક છે અને કલહથી અશાંતિ, અલક્ષ્મી અને કડવાશ સિવાય બીજું કશું

નથી મળતું. આપ કોઇના ખાતર નહિ તો મારા ખાતર પણ વિવેકદૃષ્ટિ ગુમાવશો નહિં અને સત્ય પર શ્રદ્ધા રાખજો.' ઋષિદત્તાએ તેજભર્યા સ્વરે કહ્યું.

યુવરાજે પત્નીને પુનઃ આશ્લેષ આપ્યો.

પત્નીએ કહ્યું; 'હવે આપ સ્નાનાદિથી નિવૃત્ત થઇને રાજભવન તરફ જાઓ.'

યુવરાજ પ્રિયતમાના તેજસ્વી વદન સામે જોઇ રહ્યો.

અહીં રાજભવનમાં આવ્યા પછી મહારાજા સીધા અતિગૃથિહમાં ગયા અને સુલસાને મળ્યા. સુલસાએ મહારાજને કહ્યું; 'આયુષ્યમાનનો જય થાઓ. આજ યુવરાજશ્રીના મહેલમાં કંઇ બન્યું તો નથીને?'

'દેવી, આપનું અનુમાન સાચું પડયું. આપે જે ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે તે બદલ હું આપને ધન્યવાદ દેવા આવ્યો છું. આજ મધ્યાન્હ પછી રાજસભામાં આ હત્યાઓ અંગેનો નિર્ણય થઇ જશે.

'અને આપે કરેલી રાજાજ્ઞા...'

'એ પણ પાછી ખેંચાઇ જશે.' કહી મહારાજાએ મહામંત્રી સામે જોઇને કહ્યું; 'મંત્રીશ્વર. આજે મધ્યાન્હ પછી રાજસભા એકત્ર કરવાનો પ્રબંધ કરજો.'

'જી.' કહીને મહામંત્રીએ સુલસા સામે તીક્ષ્ણ નજરે જોયું. પણ સુલસાના ચહેરાપરના ભાવ શાંત હતાં. મંત્રી કશું પારખી શકયો નહિ.

થોડીવાર પછી મહારાજાએ સુલસાને રાજસભામાં આવવાનું નિમંત્રણ આપીને વિદાય લીધી.

બંને ગયા પછી હર્ષપ્રફુલ્લા બનેલી સુલસાએ કુબ્જાને કહ્યું; કુબ્જા, હવે આપણે આવતીકાલે જ વિદાય થઇ શકશું. આપણું કામ પુરૂં થયું છે.'

કુબ્જા કશું બોલી નહિ. પોતાની સ્વામિનીની સામે શ્રધ્ધા ભરી નજરે જોઇ રહી.

[ક્રમશઃ]


# જૈન શિક્ષાવલી

ત્રીજી શ્રેણીના અગાઉથી ગ્રાહક બનો

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને સુંદર શૈલીએ રજુ કરતી; સર્વત્ર એક સરખો આદર પામેલી, ઉત્તમ અને જોરદાર વાંચન પૂરૂં પાડતી, જૈન શિક્ષાવલીનાં પુસ્તકો અવશ્ય વાંચો. તેની પ્રથમ શ્રેણીમાં ૧૨ અને બીજી શ્રેણીમાં ૧૨ એમ કુલ ૨૪ પુસ્તકો પ્રકટ થઈ ચૂકયાં છે. હવે ત્રીજી શ્રેણીના પ્રકાશન માટે સુંદર તૈયારીઓ થઇ રહી છે. તેનું અગાઉથી સ્થાનિક લવાજમ રૂા. ૫-૦૦ અને બહારગામનું લવાજમ રૂા. ૬-૨૫ છે. બહાર પડયા પછી તેનું મૂલ્ય રૂા. ૧) વધારે રહેશે, માટે તમારૂં લવાજમ હમણાં જ મોકલી આપો.

**પુસ્તકોના નામ**

| | | |
|---|---|---|
| ૧. ભાવના ભવનાશિની | ૨. સમ્યક્ત્વસુધા | ૩. શકિતનો સ્રોત |
| ૪. અહિંસાની ઓળખાણ | ૫. જીવન ઘડતર | ૬. બ્રહ્મચર્ય |
| ૭. પ્રાર્થનાનું રહસ્ય | ૮. પ્રતિક્રમણનું રહસ્ય | ૯. ઉવસગ્ગહરં સ્તોત્ર |
| ૧૦. તંત્રોનું તારણ | ૧૧. સાધર્મિક વાત્સલ્ય | ૧૨. જૈન પર્વો |

મુખ્ય લેખક : શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

ત્રીજી શ્રેણી સં. ૨૦૧૭ ના માહ માસમાં પ્રકટ થઇ જશે.

**જૈન સાહિત્ય પ્રકાશન મંદિર** લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ—૯

# વેરાયેલાં વિચાર રત્નો

વ્યાખ્યાતા : પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર
અવતરણકાર : શ્રી સુધાવર્ષી

પૂ. પંન્યાસજી મહારાજશ્રીનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત કરેલ વિચારધારા અહિં રજૂ થાય છે.

પાપનો ઉદય સમતાભાવે સહન કરવા મલે તેમજ પુણ્યોદય વિવેકથી ભોગવાય તે શુભોદય કહેવાય. જેઓ પુણ્યોદયને વિવેકથી ભોગવે તે પુણ્યશાલી, અને નિર્વિવેકપણે ભોગવે તે પુણ્યહીન. પુણ્યાઈ સાત્ત્વિક તથા સાચી કયારે ? જેનાથી આત્માને ચોતરફથી શાંતિ તથા સમાધિ પ્રાપ્ત થાય ત્યારે !

જેમ પરાણે નાંખેલું ફૂલ પણ તેની સુગંધ પ્રસરાવે છે. અત્તરનું પુમડું પણ પરાણે કાનમાં નાંખેલું સુવાસ ફેલાવે છે, તેમ પરાણે કે અનિચ્છાએ કરેલો ધર્મ પણ આત્માને સંસારથી તારે છે. પરાણે પણ ધર્મ કરાવનાર મલે એ પણ ભવાંતરની થોડી ઘણી પણ આરાધનાનું પરિણામ છે. નહિતર એવા નિષ્કારણ ઉપકારી કયાંથી મળે ?

હંમેશા સજ્જન માનવીનું હૈયું નમ્ર હોય છે, સરલતા એ સ્વાભાવિક આકર્ષણ છે, સરલતા એ સ્વાભાવિક સદ્ભાવ પ્રગટાવે છે. અને સરલતા એ મહાન ગુણ છે. સમજણના ઘરની સરલતા એ સાધુતા અને પવિત્રતા છે.

તીર્થંકર ભગવંતને ફકત હાથ જોડવાથી યે ત્રણ ભુવનની લક્ષ્મીની પાત્રતા મેળવવાની શકિત મલે છે, તો પછી હૃદયના ઉલ્લસિતભાવથી કરેલી ભકિતના ફળનું તો પૂછવું જ શું ?

હૃદયપટમાં વૈરાગ્યના રંગની ઉષા ભવાંતરના સુસંસ્કાર અને સદ્‌વિચારથી પ્રગટે છે. ત્યાગ એ બાહ્ય વસ્તુ છે. વૈરાગ્ય એ આધ્યાત્મિક વસ્તુ છે. ત્યાગ કાયામાં દેખાય છે. અને વૈરાગ્ય આત્મામાં દેખાય છે. જેઓનો આત્મા વૈરાગ્યમાં તરબોળ બન્યો હોય છે, તેઓને સંસારના કોઈ બંધનો સતાવી શકતા નથી, તેમ રોકી શકતાં નથી.

સંસારમાં નિઃસ્વાર્થભાવે કોઈ ઉપકાર કરનાર હોય તો તે સાધુસંસ્થા છે.

દુનિયાના ખૂણામાં પડેલા સાધુની સાધુતા અનેક જીવોપર અસીમ ઉપકારો કરી રહી છે.

આપણા અંતરની પ્રાર્થના એ બટન છે, અને એ પ્રાર્થનારૂપી જે બટનની શકિત, તેમાં કરંટ છે, એટલે ઓટોમેટીક એ બટનનો કરંટ આપણામાં મહાન પુરૂષોના પુણ્ય સંસ્મરણો પ્રગટાવે છે.

જડતાના કારણે ક્ષુદ્રતા આવે છે. ક્ષુદ્રતાના કારણે સ્વાર્થાંધતા આવે છે, ને તેના યોગે નિર્દયતા અસંતોષ તથા મૂઢતા આવે છે. તેથી માનવી અનેક અકાર્યો કરી નાંખે છે. હૈયામાં ક્ષુદ્રતા હોવાથી વાણીમાં ક્રૂરતા આવે છે.

હૃદયની તુચ્છતા અને અસંતોષની ભડભડતી આગના કારણે માનવઆત્મા ઘણાં જ પાપો કરે છે.

આત્માએ પોતે કરેલાં પાપો ક્યારે ઉગી નીકળશે? તે ખબર નથી. માટે પાપ કરતાં ચેતો ! નાનામાં નાનું કરેલું પણ પાપ માનવીને કાળી વેદના ભોગવાવે છે, ભયંકર ચીસ પડાવે છે.

દયાપાત્ર બનવું હોય તો વીતરાગદેવના, નિર્ગ્રન્થગુરુના, અને સુધર્મના દયાપાત્ર બનવું. પણ રસ્તે રખડતા હોય તેના દયાપાત્ર નહિ બનવું.

જેનામાં પાપનો પશ્ચાત્તાપ જાગે છે તે તેની પાત્રતા, અને પાપો કર્યા કરે ને પશ્ચાત્તાપ તેનામાં ન જાગે તે આત્માની અપાત્રતા.

ઉચ્ચકોટિના પાળેલા સંયમમાં એવી તાકાત છે કે અભવ્ય એવા આત્માઓને પણ નવગ્રૈવેયક સુધી પહોંચાડે છે. અને અસંયમ અવિરતિ–મોહનું એ પ્રાબલ્ય છે, કે ભવ્ય એવા આત્માઓને પણ સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

કર્મરૂપી મેલને દૂર કરવા ભગવંતની અમૃતવાણી એ ગંગા-પ્રવાહ છે. આના પ્રવાહમાં સ્નાન કરનાર માનવીઓ અપવિત્ર મટી પવિત્ર બની જાય છે.

જ્યાં સુધી સિદ્ધ નથી બન્યા ત્યાં સુધી આપણે અસિદ્ધ જ છીએ, અનિશ્ચિત જ છીએ, અનાથ જ છીએ, અને અશરણ છીએ, અરિહંતનાં શરણને સ્વીકાર્યા વિના સિદ્ધ બની શકાતું નથી.

અનુભવનો પરિપાક પ્રૌઢતા છે.
સંસ્કારનો પરિપાક સંયમ છે.
પ્રકૃતિનો પરિપાક સુંદરતા છે.
વચનો પરિપાક સ્થિરતા છે.
અને વાણીનો પરિપાક મધુરતા છે.

**પ્રશ્ન** :– સંસારમાં બિચારા કોણ? સાધુ કે સંસારી?

**જવાબ** :– સંસારીઓ. 'સાધુ નહિં.' સોનાની થાળીમાં અને રૂપાની વાટકીમાં અનેક પ્રકારના પકવાનો ખાનારાઓ સંસારના પાપમાં અને પાપની પરંપરામાં ડૂબેલાઓ તે બિચારા છે. પણ વીતરાગના માર્ગને અનુસરનારા, તેમાં ઓતપ્રોત રહેનાર, અને રત્નત્રયીને મન વચન કાયાથી સાધનારા સાધુ કાંઇ બિચારા નથી.

જ્યારે પુન્યાઇથી હીન માનવી થાય છે ત્યારે તેને કેમ છો? કોણ છો? કુશળ છોને એ પૂછનારને પરિચિત હોવા છતાં સંકોચ થાય છે. અને જ્યારે પુન્યવાન આત્મા હોય છે, ત્યારે અજાણ્યા, અપરિચિત, અને નહિ ઓળખતાં માનવી પણ વારંવાર ખબર પૂછવા આવે છે. પુણ્યની એ બલિહારી !

મોક્ષમાં જનારા સામાન્ય આત્માઓ હીરા કહેવાય છે. પણ તીર્થંકરનો આત્મા કોહીનુર હીરો છે.

લાખોની સંપત્તિ મેળવનારને લાખોની સંપત્તિ મલે અને આનંદ હોય છે, તેનાં કરતાં ધર્મશીલ આત્માને ધર્મસંપત્તિ મલે ત્યારે અનંતગુણો આનંદ તેના હૈયામાં થતો હોય છે.


અસમર્થ દયાપાત્ર બનવું તે દીનતા છે. અને સમર્થનાં સાચા શરણનાં દયાપાત્ર બનવું એ પુન્યાઈ છે.

અજબ શક્તિશાળી!
શ્રી સર્વતોભદ્ર
ઘંટાકર્ણ મહાવીર
યંત્ર
કિંમત રૂપ્યા
પોસ્ટેજ ૭૫ નયા પૈસા
ત્રિરંગી ચિત્ર-૧૧x૧૪"
જેમાં- પંદરીયો, વીસો, પચ્ચીસો-
ચોસઠીયો, પાંસઠીયો, અડસઠીયો-
બોત્તેરીયો એવા બીજા અનેક
યંત્રો આપવામાં આવેલ છે
~ પ્રાપ્તિ માટે ~
શ્રી મેઘરાજ જૈન પુસ્તકભંડાર
કીકા સ્ટ્રીટ - ગોડીજી ચાલ - મુંબઈ ૨

# સંગ્રહ અને ત્યાગ

નવિનચંદ્ર મગનલાલ શાહ (મુંદ્રા)

ભાઇ નવીનચંદ્ર શાહ ૨૫ વર્ષની યુવાનવયના હોવા છતાં અનેકવિધ સમાજ તથા ધર્મની પ્રવૃત્તિ ઓમાં સંકળાયેલા છે. કચ્છ-મુંદ્રાના દેરાસરોના વહિવટનું તેઓ પોતાના સાથીઓ સાથે રહીને સંચાલન કરે છે. ગૂર્જર વિશાશ્રીમાળી ઓશવાલ જ્ઞાતિની સંચાલન સમિતિના તેઓ સભ્ય છે. 'કલ્યાણ' પ્રત્યે તેમજ તેના પ્રચાર પ્રત્યે તેમને રસ છે. તાજેતરમાં મુંદ્રા બંદર મ્યુનિસીપાલિટીના સભ્ય તરીકે તેઓ ચૂંટાઇને આવ્યા છે. ધાર્મિક તેમજ સામાજિક કાર્યોમાં તેઓ નિઃસ્વાર્થભાવે વધુ ને વધુ સેવા આપતા રહે અને પ્રગતિ કરતા રહે તેમ આપણે ઇચ્છીએ. તેઓ 'કલ્યાણ'ના પ્રચાર માટે વધુ લાગણી રાખતા રહે તેમ અમે ઇચ્છીએ ! આ ટૂંકા લેખમાં તેઓ સંગ્રહ કરતાં ત્યાગની મહત્તા દૃષ્ટાંતદ્વારા મનનીય રીતે સમજાવે છે.



મનુષ્ય માત્ર સુખની ઇચ્છા કરે છે અને તેની તમામ પ્રવૃત્તિ સુખ મેળવવા માટે હોય છે, તે સમજે છે કે ભોગ સામગ્રી જેમ વિશેષ ભેગી થશે તેમ હું વધારે સુખી થઇશ, પણ બને છે તેથી ઉલટું. જેમ જેમ ભોગનાં સાધનો જેવા કે, બંગલા, મોટર ગાડીઓ, ઝવેરાત, સોનાં, ચાંદી ઈત્યાદિ ભૌતિક સુખો વધતા જાય તેમ તેમ ભોગતૃષ્ણા વધારે ને વધારે ઉગ્ર બનતી જાય છે અને તે માયાને સુખ માની રહે છે, પણ તે તો અનંત દુઃખનું અક્ષયપાત્ર છે. સાચું સુખ તો શાશ્વત હોય, ક્ષણભંગુર સુખ એ સુખ નથી, આત્માની ઝંખના સાચા સુખની છે અને ભમીએ છીએ દુઃખના વિશાળ સમુદ્રમાં, એ દુઃખના સમુદ્રમાંથી તરીને બહાર નીકળવા પ્રયત્નશીલ બનવાની જરૂર છે, દિવ્ય 'ત્યાગમય' સિદ્ધાંતોને આચરણમાં મૂકવામાં આવે તો જ સાચું સુખ પ્રાપ્ત થઇ શકે. તે માટે નીચેનું દૃષ્ટાંત ખરેખર મનનીય છે.

એકવખત બે સંન્યાસીઓ સાથે મળીને પ્રવાસ કરતા હતા. તેમાંના એક સંન્યાસી પોતાના આચરણમાં 'સંગ્રહ' કરવાની વૃત્તિ રાખતા હતા અને બીજા સંન્યાસી 'ત્યાગી' હતા. સંસારની નાની મોટી દેખાતી દરેક વસ્તુ ઉપર વાદવિવાદ કરતા કરતા. બન્ને જણ માર્ગ કાપી રહ્યા હતા, ત્યાં અચાનક પૈસાવાળો સંન્યાસી તેને કાંઈક યાદ આવતાં બોલ્યો; 'ભાઇ જીવનનિર્વાહના સાધન તરીકે ન્યાય અને નીતિપૂર્વક ધન કમાવવું, એકઠું કરવું એ કંઈ ખોટું નથી, એટલું જ નહિ પણ તે અતિ આવશ્યક છે. પહેલાં ને આજે પણ ધન વિના જીવનનિર્વાહ થઈ શકતો નથી, અને એટલા જ

માટે અર્થને એક પુરૂષાર્થ ગણ્યો છે. જે માણસ પોતાનો નિર્વાહ નથી કરી શકતો તે માણસ બીજા અન્યને કઈ રીતે મદદ કરી શકે ? ધન વડે આપણાં દુઃખ મટે છે, અને જેની પાસે 'પૈસો' છે તે ડાહ્યો, માહિતગાર, વ્યવહારૂ અને ગુણજ્ઞ છે 'પૈસો એ પરમેશ્વર' એ કહેવત કંઇ ખોટી નથી કારણ કે ઘડપણમાં તેમજ માંદગીના સમયે તે જ રાહત આપે છે. હું તો માનું છું કે આપણો નિર્વાહ કરતા કરતા બીજાને સહાય કરવી એ મનુષ્ય જીવનનો મોટો લ્હાવો છે. પણ તને મારી આ વાત નહિં રૂચે તે તો અનુભવે સમજાશે.'

આ બધું શાંત ચિત્તે સાંભળી લીધા પછી ત્યાગી બોલ્યો; પરિશ્રમ તથા આરંભ આદિ પાપો કર્યા વિના ધન પ્રાપ્ત થતું નથી, તેમજ પુણ્યાઇ વિના તો તેમાં સફલતા મલતી નથી, એટલે ધન પ્રાપ્ત કરવામાં, કમાવામાં પણ પરિશ્રમ, દુઃખ તથા ચિંતા છે, વળી વિપત્તિ કાળમાં એટલે ધરતીકંપ, આગ, યુદ્ધ વખતે ધનના સંગ્રહ કરનાર ધનવાનની સ્થિતિ બહુ જ કરૂણાજનક થઇ જાય છે. વળી ધન મોટા પ્રમાણમાં ભેળું થઇ જાય ત્યારે માણસની વિવેક બુદ્ધિ નાશ પામે છે અને તેથી તે એક ઉન્મત્ત નર્શાબાજ જેવું આચરણ કરે છે તો પછી ધનને સુખ આપનાર કેમ કહેવાય ? બીજું તું કહીશ કે, 'આપણો નિર્વાહ કરતાં કરતાં બીજાને સહાય કરવી એ માનવજીવનનો એક મોટો લ્હાવો છે.' એ હકિકત તદ્દન ભૂલ ભરેલી છે, કારણ કે મનુષ્ય પોતાનું જીવન કોઇ ઉપયોગી કાર્યમાં રોકે કે સહાય કરે કે નિરૂપયોગી કાર્યમાં રોકે આટલા ઉપરથી તેના જીવનનું ખરૂં મૂલ્ય નક્કી કરી શકાતું નથી. પણ તે કેટલે દરજજે ત્યાગી થયો અને નિરાભિમાની તથા નિઃસ્વાર્થ તેમજ પરોપકારી બન્યો છે તે ઉપરથી જ તેના જીવનનું મૂલ્ય આંકી શકાય; બાકી જગતની તમામ પૌદ્ગલિક વસ્તુ નાશવંત છે. નાશવંત વસ્તુઓમાંથી મળતું સુખ કાયમનું નથી જ્યારે અંતરાત્મા કાયમનું સુખ શોધે છે અને તે ત્યાગથી જ મળે એ તને પણ અનુભવથી સમજાશે.'

આમ બને 'સંગ્રહ અને ત્યાગ' એ વિષય ઉપર વાદવિવાદ કરતાં કરતાં સંધ્યા સમયે એક નદીના કિનારે આવી પહોંચ્યા.

ત્યાં ત્યાગી સંન્યાસી બોલ્યો; 'આપણે શરીરની શું પરવા ?

હોડીવાળાને આપવા માટે મારી પાસે પૈસા નથી, પ્રભુનું નામ સ્મરણ કરતાં આ નદીના કિનારે રાતવાસો કરીએ.' આ સાંભળી પૈસાવાળો સંન્યાસી બોલ્યો; 'જો આપણે આ નદીના ઉજ્જડ કિનારે રહીએ તો અહીં ગામ નથી, ખેતર નથી, વાડી નથી અને ઝુંપડી પણ નથી, ક્યાંક સિંહ, વાઘ ફાડી ખાય તો ? સર્પો ને વીંછી દંશ કરે તો ? માટે સામે કાંઠે જઇએ, મારી પાસે હોડીવાળાને ભાડું આપવા માટે પૈસા છે. સામે કાંઠે નાનકડું ગામ છે ત્યાં રાતવાસો કરીશું.'

એટલામાં ત્યાં હોડીવાળો આવ્યો અને બંને સંન્યાસીઓ નદીની બીજે કિનારે આવેલા ગામે ઉતર્યા અને હોડીવાળાને ભાડાના પૈસા ચૂકવીને ધર્મશાળામાં ગયા અને આરામથી રાત વિતાવી.

સવારનાં પૈસાવાળો સંન્યાસી બોલ્યો; ભાઇ, પૈસા સાથે રાખવાનો ફાયદો સમજ્યા કે નહિ ? પૈસાના પ્રતાપે આપણે જીવ્યા. માટે કૃપા કરી હવે કોઈને ત્યાગનો ઉપદેશ ન કરતા. હું પણ ત્યાગી હોત તો આપણી શું હાલત થઈ હોત ?'

આ વ્યંગ વચનો સાંભળી ત્યાગી સંન્યાસી બોલ્યો; 'તેં એ પૈસા રાખ્યા હોત તો ? વાપર્યા ન હોત અને હોડીવાળાને આપ્યા ન

હોત તો ? એ પ્રમાણે પૈસા આપી દેવાથી અર્થાત ત્યાગથી જ આપણે નદી પાર થયા. હું મારા ખિસ્સામાં પૈસા રાખતો નથી તો પણ તારૂ ખિસ્સું મારૂં બની રહ્યું. મારી શ્રધ્ધાએ જ તારા ખિસ્સામાંથી મારે માટે પૈસા રાખ્યા, અને જેને શ્રદ્ધા છે, પોતાની જાત પર વિશ્વાસ છે તેને કોઇ પણ દિવસ ખોટ પડતી નથી અને જ્યારે જ્યારે પડે છે ત્યારે ત્યારે દરેક પ્રકારે મળી રહે છે, માટે ત્યાગ શ્રેષ્ઠ છે'

આ સાંભળી પૈસો રાખવામાં જ જીવનની ઇતિ કર્તવ્યતા માનનારા સંન્યાસીનાં ચક્ષુ ખુલી ગયા અને તે ત્યાગી સંન્યાસીને પ્રણામ કરી ત્યાગનાં સિદ્ધાંતને તેણે એજ પળે અપનાવ્યો અને સંગ્રહી મટી ત્યાગી બન્યો.

આ મનનીય લૌકિક દષ્ટાંત ઉપરથી સાફ સાફ જણાઈ આવે છે કે જ્યાં સુધી વાસનાઓ ખિસ્સામાં રાખવામાં આવે ત્યાં સુખ અને શાંતિ મળી શકશે નહિ. વાસનાઓ છોડી દો, તેને ઓળંગી જાઓ, એટલે શાંતિ મળશે અને અંતે સર્વ કામનાઓની પૂર્તિ થશે. વાસનાઓ છોડીને જ્યારે તમે તમારા સત્ય સ્વરૂપમાં રહેશો ત્યારે તમારી સર્વ કામનાઓ ચોક્કસ પૂર્ણ થશે જ !!

પૈસા (મનના) ના ત્યાગથી જેમ સામે કાંઠો તરીને જવાયું તેમ જે ભવ્યાત્માઓ ધનાદિક સર્વસ્વનો ત્યાગ કરી કપ્તાન, સમા સદ્ગુરૂના ચરણકમલમાં સમર્પિત થઇને ચારિત્ર હોડીમાં બેસીને જાય છે તે પુણ્યાત્માઓ ભવસાગર તરી જઈ શિવપુરીનાં શાશ્વત સુખના ભોકતા બની જાય છે.

---

આજેજ ગ્રાહક બનો !
જૈનસમાજનું માનીતું
**' કલ્યાણ '**
વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦

## શ્રી શત્રુંજય તીર્થપટ

**ગુર્જર આર્ટ સ્ટુડીયો** પોતાના ઘણા લાંબા વખતના અનુભવથી જૈનધર્મના સિદ્ધાંતો મુજબ દર્શન-ભાવનાને ખાસ લક્ષમાં રાખી દરેક તીર્થપટો બનાવે છે.

શ્રી શત્રુંજય પટ કે જેમાં પાલીતાણા સ્ટેશનથી લઈને ગામ, ગામના જૈન દહેરાસરો, જૈન ધર્મશાળાઓ, તલાટી, ભાતાનો ઓરડો, ડુંગર ઉપર જવાનો રસ્તો, વિસામા કુંડ, ઉપરની નવટુંક, દાદાનો દરબાર, ઘેટીની પાગ, ભાડવો, શેત્રુંજી નદીનો રસ્તો તથા કદંબગિરિ સુધીના દરેક દશ્યો ઉંચી જાતના કેનવાસ ઉપર ઓઈલ કલર્સના પાણીથી ધોઈ શકાય તેવા સાચા સોનાના વરખવાળા બનાવીએ છીએ.

હાલમાં શ્રી શત્રુંજય પટ સાથે બીજા અઢાર તીર્થોનાં દર્શન થઈ શકે તેવો પટ ઘણો જ સુંદર અને આકર્ષક બનાવીએ છીએ.

સંતોષ પૂર્વક કામ કરી આપવું એ અમારી ફરજ છે. એક વખત અમને ઓર્ડર આપી ખાત્રી કરવા ભલામણ કરીએ છીએ.

**ભાવ તથા સાઇઝ માટે પૂછાવો.**

: લખો :

**ગુર્જર આર્ટ સ્ટુડીઓ**
ઠે. નાની શાકમારકેટ સામે,
**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

## ધાર્મિક સંસ્થાઓના માથે ઝઝુમી રહેલો ભય !

## દેશના ધાર્મિક ટ્રસ્ટોપર નિયમન લાવતો ખરડો

# જૈનસમાજે સખ્ત વિરોધ ઉઠાવવો જોઇએ.

**લો**કસભામાં ચર્ચાઇ રહ્યા પછી પ્રવરસમિતિને સોંપાયેલો ધાર્મિક ટ્રસ્ટો પર અતિશય નિયમન–અંકુશ લાવતો ને પરિણામે કોઇપણ ધાર્મિક સ્થાવર તથા જંગમ મિલ્કતોનો વહિવટ કરનારને મહામુશ્કેલીમાં મૂકી દે છે, અને તે દ્વારા દેશની ધાર્મિક મિલ્કતો પર જાણે–અજાણે હસ્તક્ષેપ કરતો ખરડો નીચે રજૂ થાય છે. 'જન્મભૂમિ–પ્રવાસી' ના 'અદાલતના આંગણેથી' વિભાગના માનનીય લેખક શ્રી કેશવલાલ મ. શાહના સૌજન્યથી આ ખરડો અત્રે પ્રસિદ્ધ થાય છે. આ ખરડાને અંગે તેઓ જે કાંઇ પોતાના મંતવ્યો જણાવે છે તે ખરેખર વિચારણીય, મહત્ત્વના તથા આ ખરડાની ગંભીરતાને લક્ષ્યમાં લેતાં હિંદુ, જૈનસમાજના લાગતા–વળગતા વર્ગને 'જાગતા રહેજો' નો સંદેશ સુણાવી જાય છે.

તેઓ કાયદા શાસ્ત્રના ખાસ નિષ્ણાત છે. અવાર–નવાર ભારતના રાજ્ય સરકારોના કાયદાઓ વિષે ગંભીર તથા ઉપયોગી સમીક્ષા કરીને મનનીય માર્ગદર્શન આપે છે. આ ખરડાને અંગે 'આ અપવાદો શા માટે?' ના શિર્ષક હેઠળ તેઓ જણાવે છે કે 'આ કાયદામાંથી નીચેનાં ધાર્મિક ટ્રસ્ટોને મુક્તિ મળી છે. (૧) પારસી, ખ્રીસ્તી અને યહુદીનાં ધાર્મિક ટ્રસ્ટો (૨) શીખ ગુરૂદ્વારો (૩) ૧૯૫૪ ના વકફ કાયદા મુજબ રજીસ્ટર થયેલા મુસ્લીમ વકફો અગર રાજ્યના વકફો કે જેને ખાસ કાયદો લાગુ પડે છે.'

તેઓ આ ખરડામાં કમિશ્નરને અપાયેલી અમર્યાદિત સત્તાને અંગે સ્પષ્ટપણે જણાવે છે કે, 'દુનિયાભરના ધર્મગુરૂઓમાં પોપની સત્તા અપૂર્વ ગણાય છે. કોઇપણ ધર્મગુરૂ કે સમ્રાટ એટલી સત્તા ભોગવતો નથી, પણ ધાર્મિક ટ્રસ્ટો અંગે ઘડાઇ રહેલા ભારતના નવા કાયદામાં ધાર્મિક ટ્રસ્ટોના કમિશ્નરોની સત્તા અમાપ અને લગભગ અમર્યાદિત રહેશે એવું લાગે છે, પોપની સત્તા પણ એની પાસે ઝાંખી પડશે.'

આ ખરડો તા. ૨૮ માર્ચના દિવસે ભારતની મધ્યસ્થ પાર્લામેંટ–દીલ્હીની લોકસભામાં રજૂ કરવામાં આવ્યો. ચર્ચા–વિચારણા બાદ હમણાં તે પ્રવર સમિતિમાં ગયો છે. હવે તે તાજેતરમાં પાસ થવાની તૈયારી છે. આજે સાત–સાત મહિનાથી આ ખરડો ચર્ચાઇ રહ્યો છે. છતાં હિંદુ સમાજ–જૈનસમાજ હજુ જોઇએ તે પ્રમાણમાં જાગતો નથી અને જાણે કાંઇ જ નથી બની રહ્યું તે રીતે નિદ્રાધીન છે. તે આપણા સમાજની જુગ જૂની નબળાઇને અંગે ટકોર કરતા તેઓ જણાવે છે કે, 'ભારતની પ્રજાની એક અજબ ખાસીયત છે. કાયદાનો ખરડો પ્રસિધ્ધ થશે ત્યારે તેની કોઇ ખબર નહિ રાખે, તે પ્રવર સમિતિને સોંપાશે ત્યારે ઉદાસીન રહેશે, ને જ્યારે કાયદો પ્રસાર થશે ત્યારે તે નિષ્ક્રિય રહેશે, ને જ્યારે કાયદો અમલમાં આવ્યા પછી તેની કલમોની સીધી અસર સ્પર્શશે ત્યારે તે આંખો ચોળીને જાગશે. પછી વિચાર કરશે કે આ શું થયું? પછી થોડો ઉહાપોહ કરશે, થોડી બૂમરાણ કરશે, ને પછી સત્તા આગળ શાણપણ શા કામનું? એમ કહી પાછી ઘોરનિદ્રામાં પોઢી જશે, ભારતીયજનનો આ પ્રકૃતિજન્ય દૂષણમાંથી ક્યારે મુકત થશે.

ખરેખર 'પ્રવાસી' લેખકના આ શબ્દો જૈનસમાજને ઘણા ભાગે લાગુ પડે છે. આજે જૈન-સમાજની ક્રોડોની ધાર્મિક સ્થાવર-જંગમ મિલ્કતો, અરે જેની કિંમત શ્રદ્ધા-સદ્ભાવની મૂડીની દૃષ્ટિએ માપી ન શકાય તેવા આપણા તરણતારણ પરમપુનિત તારક સ્થાનોની સ્વતંત્રતા સામે આજે જે અત્યાચાર શરૂ થઇ રહ્યો છે, તેનું સ્વાતંત્ર્ય-આપણું ધાર્મિક સ્વાતંત્ર્ય જે રીતે ઝૂટવાઇ રહ્યું છે, ને કલંકિત પારતંત્ર્ય આપણા મસ્તક પર જે રીતે મૂકાઇ રહ્યું છે, તે માટે આપણે દરેક રીતે સખ્ત આંદોલનો ઉભા કરી વ્યવસ્થિત રીતે ઠેઠ લોકસભા સુધી આપણો અવાજ પહોંચાડવો જરૂરી બને છે.

ભારત સરકારના પ્રધાનમંડળ સુધી પણ આપણે આપણો વિરોધ નમ્ર શબ્દોમાં પહોંચતો કરવો જોઇએ. ધાર્મિક સ્થાનોના વહિવટની ખામીઓ ટાળવાના બ્હાને આ ખરડો તો ધાર્મિક સ્થાનો પ્રત્યે આપણા અધિકારો તથા હક્કો પર એક રીતે તો સ્પષ્ટ શબ્દોમાં કહી શકાય કે ત્રાપ મારે છે. તે ખરડાની વિગતો વિસ્તારથી નીચે મુજબ છે.

⊙

લોકસભાની એરણ પર એક ધારો ઘડાઇ રહ્યો છે. ૧૯૬૦ની સાલનો એ ૧૪મા નંબરનો ખરડો છે. તેનું નામ છે. Religious Trusts Bill 1960. 'ધાર્મિક ટ્રસ્ટોનો ખરડો' આ વર્ષના માર્ચની ૨૮ મી તારીખે એને લોકસભામાં રજુ કરવામાં આવ્યો હતો. હમણાં તે પ્રવર સમિતિમાં ગયો છે. એ સમિતિ શુ ફેરફારો કરશે તે ખબર નથી, ને અંતે તે કેવું સ્વરૂપ ધારણ કરશે તે પણ કહી શકાય નહિ પણ આ ખરડાની મુખ્ય જોગવાઈઓમાં મહત્ત્વનો ફેરફાર થવાનો સંભવ નથી. આ ખરડાની કેટલીક જોગવાઈઓ ખરેખર અમુક મર્યાદાઓ વટાવે છે, ને રાજ્યસત્તા અને તેના અમલદારોને વધુ પડતી સત્તાઓ અપાઇ રહી છે.

આ કાયદાનું નામ છે ધાર્મિક ટ્રસ્ટોનો કાયદો. તે ઉપરથી એમ લાગે છે કે ભારતમાં તમામ પ્રકારનાં ટ્રસ્ટોને તે લાગુ પડતો હશે પણ અન્વેષણ કરતાં પરિસ્થિતિ જુદી જ લાગે છે. આ કાયદો પારસી, ખ્રિસ્તી, યહુદીનાં ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડતો નથી, એટલે કે કોમના ધાર્મિકસ્થાનો આ કાયદાની મર્યાદામાં આવતાં નથી. આ કાયદો ગુરુદ્વારા કાયદા મુજબ નોંધાએલાં શીખોના ગુરુદ્વારાઓને, મુસ્લિમ વકફના કાયદા નીચે આવેલાં મુસ્લિમ ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડતો નથી. એટલે બાદબાકી કરતાં આ કાયદો મુખ્યત્વે હિંદુ, જેમાં જૈનોનો સમાવેશ થાય છે, તેમના ધર્મસ્થાનકો અને ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડે છે.

### રાજ્યે રાજ્યે ભિન્નતા:

આ કાયદો દરેક રાજ્ય સરકાર જે તારીખ જાહેર કરે તે તારીખથી તે તે રાજ્યમાં અમલમાં આવશે. જુદીજુદી રાજ્ય સરકારો વહીવટી વ્યવસ્થા પૂરી કરી શકે ત્યારે તે અમલમાં આવશે. એટલે કે એક રાજ્યમાં આજે અમલમાં આવે તો અન્ય રાજ્યોમાં છ બાર મહિને અમલમાં આવે. વળી આ કાયદા અન્વયે વિસ્તૃત નિયમો ઘડવાની સત્તા દરેક રાજ્યોને અપાઇ છે, તે એવી દલીલ સાથે કે દરેક રાજ્યમાં ધાર્મિક ટ્રસ્ટો વિશે વિવિધ પરિસ્થિતિ પ્રવર્તે છે અને તેથી દરેક રાજ્યો પોતાના રાજ્યને અનુકૂળ નિયમો ઘડે. એ રીતે પણ રાજ્યે-રાજ્યે ભિન્નતા ઉત્પન્ન થવાનો સંભવ છે.

આ ખરડાની કેટલીક વ્યાખ્યાઓ પ્રથમ જોઈએ, કારણ કે કાયદામાં વ્યાખ્યા મહત્ત્વની

વસ્તુ છે, 'મેનેજર' અથવા વ્યવસ્થાપક એટલે એવી વ્યકિત કે જે એકલી અથવા અન્યની સાથે ટ્રસ્ટની મિલકતનો વહીવટ કરતી હોય. આ વ્યાખ્યાનો અર્થ એવો છે કે સત્તાવાર રીતે નિમણુંક ન હોય તે છતાં જે વ્યકિત ટ્રસ્ટની મિલકત અંગે કાંઈ વ્યવહાર કે કામકાજ કરતી હોય તેને મેનેજર ગણવો.

## ટ્રસ્ટની વ્યાપક વ્યાખ્યા:

'ધાર્મિક ટ્રસ્ટ'ની વ્યાખ્યા એવી કરવામાં આવી છે ધાર્મિક પ્રકારનાં જાહેર હેતુ માટે રચવામાં આવેલું કે રચાનાર સ્પષ્ટ ટ્રસ્ટ અગર સ્પષ્ટ રીતે રચવામાં ન આવ્યું હોય પણ જેનો પ્રકાર ટ્રસ્ટ સાથે બીજા સખાવતી હેતુઓ જોડવામાં આવ્યા હોય કે ન હોય તે અસંબદ્ધ છે, પણ જાહેર પ્રજાને જેમાં હિત ન હોય તેવા ખાનગી ધાર્મિક ટ્રસ્ટનો સમાવશ થતો નથી. આ વ્યાખ્યા એટલા માટે છે કે ભારતમાં લાખો ગામોમાં અનેક પ્રકારનાં દેવમંદિરો ને ધર્મસ્થાનકો છે કે જેનું આધુનિક કલ્પના મુજબ કોઇ ટ્રસ્ટ હોતું નથી. પૂજારી કે થોડા આગેવાનો તેમાં વહીવટ કરે છે; એટલે આવા અસ્પષ્ટ ટ્રસ્ટ સમાઈ જાય એવી વ્યાખ્યા છે. જે વ્યકિત ટ્રસ્ટની મિલકત ધરાવતી હોય તે ટ્રસ્ટી ગણાશે. તેમાં મેનેજરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

'ધાર્મિક ટ્રસ્ટમાં હિત ધરાવનાર વ્યકિતની વ્યાખ્યા મહત્વની છે કારણ કે આવી માત્ર એજ વ્યકિતને કાયદાએ એવા અધિકારો આપ્યા છે કે જે ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓને હરહંમેશાં ભાલાની અણીએ રાખશે.

'હિત ધરાવતી વ્યકિત' એટલે પૂજા-પ્રાર્થના કે ધાર્મિક ક્રિયાઓ કરવાનો હકક ધરાવતી વ્યક્તિ અગર ધર્મસ્થાનકમાં થતી કોઇપણ ધાર્મિક પૂજા કે ક્રિયામાં ભાગ લેવાનો હકક ધરાવતી વ્યકિત અગર ટ્રસ્ટ મુજબ ધાર્મિક કે સખાવતી સેવાઓમાં હિસ્સા ધરાવનાર વ્યકિત, તે ઉપરાંત ટ્રસ્ટનો સ્થાપક કે તેનો કોઈપણ વારસ અને ટ્રસ્ટી પોતે. આટલી વ્યકિતઓ ટ્રસ્ટમાં હિત ધરાવનાર ગણવામાં આવી છે. ટ્રસ્ટની મિલકતમાં સ્થાવર જંગમ દરેક પ્રકારની મિલકતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ખરડાની રચના

ખરડાની રચના આ પ્રકારની છેઃ

(૧) ટ્રસ્ટોના કમિશ્નરોની નિમણુક (૨) ટ્રસ્ટો રજિસ્ટર કરાવવાની કાર્યવાહી (૩) કમિશનરોની સત્તા (૪) હિસાબ અને ઓડિટની વ્યવસ્થા (૫) ફંડના ઉપયોગ માટે આદેશ આપવાના અધિકારો (૬) ટ્રસ્ટીઓની નિમણૂંક અને રૂખસદ (૭) અહેવાલો, ફોર્મો અને રીટર્નો ભરવાની જોગવાઇઓ.

રાજ્ય સરકાર આ કાયદા અન્વયે પોતાના રાજ્ય માટે એક ધાર્મિક ટ્રસ્ટો માટેનો કમિશ્નર નીમશે, તે ઉપરાંત ડેપ્યુટી કમિશ્નરો અને ટ્રસ્ટો માટેનો કમિશ્નર નીમશે. તે ઉપરાંત ડેપ્યુટી કમિશ્નરો અને આસિસ્ટન્ટ કમિશ્નરો પણ નીમવામાં આવશે. કમિશ્નરના દેખરેખ નીચે આ ડેપ્યુટી અને આસિસ્ટન્ટ કમિશ્નરો જે જે વિસ્તાર માટે તેઓ નિમાયા હશે તે વિસ્તારનાં ટ્રસ્ટો પર કમિશ્નરની સર્વ સત્તાઓ ભોગવશે.

કમિશ્નર તરીકે જિલ્લા ન્યાયાધીશ અગર હાઇકોર્ટ જજની લાયકાત હોય તેવી જ વ્યકિતને નીમવામાં આવશે.

## સલાહકાર સમિતિ

આ ઉપરાંત દરેક રાજ્ય સરકાર પોતપોતાના રાજ્યમાં એક સલાહકાર સમિતિની નિમણુંક કરશે. આ સમિતિમાં દસથી વધુ નહિ તેટલા સભ્યો હશે. તેમાં રાજ્ય અને કેન્દ્રના ધારાસભ્યો, ધાર્મિક પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓ, રાજ્યમાં સામાજિક સખાવતી અને શૈક્ષણીય પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓની નિમણૂક કરશે. આ કમિટીનાં પ્રમુખ તેનાં

સભ્યોમાંથી રાજ્ય સરકાર નીમશે. વિવિધ વિભાગના કેટલાં પ્રતિનિધિઓ નીમવા તથા સલાહકાર સમિતિની કાર્યવાહી કેવી રીતે ચલાવવી તે રાજ્ય સરકાર નિયમોથી નક્કી કરશે. ધાર્મિક ટ્રસ્ટોના વહીવટ અંગે રાજ્ય સરકારને સલાહ આપવાનું કાર્ય આ સમિતિ કરશે.

### ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન

કમિશ્નરની નિમણુક થયા પછી દરેક ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીએ પોતાનું ટ્રસ્ટ રજીસ્ટર કરાવવા માટે અરજી કરવી પડશે. આ અરજી નિયત કરેલાં ફોર્મમાં કરવાની રહેશે, તેમાં ટ્રસ્ટનું નામ, ટ્રસ્ટીનાં નામો, ટ્રસ્ટીઓની નિમણુકની પદ્ધતિ, ટ્રસ્ટની મિલકત તથા તેની કિમતની વિગતો, ટ્રસ્ટની વાર્ષિક ખર્ચનો અડસટો વિ. આપવું પડશે. આવી દરેક અરજી નીચે સહી કરનાર ટ્રસ્ટીએ અરજીમાં લખેલી હકીકતો ખરી છે એવા સોગંદ લેવા પડશે, તે ઉપરાંત કમિશ્નર જે માહિતી માંગે તે પૂરી કરવી પડશે.

રાજ્યમાં કાયદો અમલમાં આવ્યા પછી છ મહિનામાં ટ્રસ્ટ રજિસ્ટર કરવા અરજી કરવી પડશે. ટ્રસ્ટ નવું રચાય તો રચાયા પછી છ મહિનામાં તેવી અરજી કરવી પડશે. અરજી મળતાં ટ્રસ્ટ વિષે સર્વ પ્રકારની તપાસ કરવામાં આવશે. તે પછી તેને રજિસ્ટર કરવામાં આવશે જો કોઇ ટ્રસ્ટ રજિસ્ટર 'થયું' ન હોય તો ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઈપણ વ્યકિત કમિશ્નરને અરજી કરી તેનું ધ્યાન દોરી શકે છે અને કમિશ્નર તેને અંગે તપાસ કરીને, જો લાગે કે આ ટ્રસ્ટ રજિસ્ટર કરવા હુકમ કરે છે. આવી તપાસમાં ટ્રસ્ટીને નોટિસ આપવામાં આવશે ને તેમને સાંભળવામાં આવશે.

---

### આ અપવાદો શા માટે ?

**આ** કાયદામાંથી નીચેનાં ધાર્મિક ટ્રસ્ટોને મુકિત મળી છે:

(૧) પારસી, ખ્રિસ્તી અને યહુદીનાં ધાર્મિક ટ્રસ્ટો.

(૨) શીખ ગુરૂદ્વારો.

(૩) ૧૯૫૪ના વકફ કાયદા મુજબ રજિસ્ટર થયેલાં મુસ્લિમ વકફો અગર રાજ્યનાં વકફો કે જેને ખાસ કાયદા લાગુ પડે છે.

---

### ૯૦ દિવસની મુદત

કોઇપણ રાજ્યમાં ટ્રસ્ટો અંગેના કાયદા નીચે કોઇ ટ્રસ્ટ રજિસ્ટર થયેલું હોય તો તે ટ્રસ્ટ આ કાયદા અન્વયે તેના અમલની તારીખથી આપોઆપ રજીસ્ટર થયેલું ગણાશે, ને કમિશ્નર આવા ટ્રસ્ટને પોતાના રજીસ્ટરોમાં નોંધ માટે વિગતો પૂરી પાડવા આદેશ આપી શકશે.

કમિશ્નર નોંધાએલા ટ્રસ્ટો, ટ્રસ્ટીઓ તેની મિલકતો અંગે એક રજિસ્ટર રાખશે. જેમાં સર્વ વિગતોની નોંધ કરવામાં આવશે. આ વિગતોમાં કાંઇ ફેરફાર થાય, એટલે કે ટ્રસ્ટી રાજીનામું આપે કે નવો ટ્રસ્ટી નિમાય કે સરનામું બદલાય કે મિલકતમાં વધારો ઘટાડો થાય તો તેની ખબર ટ્રસ્ટીએ ૯૦ દિવસમાં કમિશ્નરને આપવી જોઇએ. જો ન આપે તો કમિશ્નરને ખબર પડે ત્યારે તે તપાસ કરી તે મુજબ ફેરફાર નોંધવાની સૂચના આપી શકશે.

આ બધામાં ઔપચારિક અને દફતર રાખવા અંગેની જોગવાઇઓ છે, પણ ખરી મહત્ત્વની અને દૂરગામી અસરો નિપજાવનારી જે જોગવાઈઓ આ ખરડામાં છે તે જોઇએ.

### ટ્રસ્ટનું અંદાજપત્ર

(૧) વર્ષે પાંચ હજાર કે તેથી વધુ જે

ધાર્મિક ટ્રસ્ટની આવક હોય તે ટ્રસ્ટે દર વર્ષે આગામી વર્ષની સંભવિત આવકજાવકનું બજેટ તૈયાર કરવું પડશે. આ બજેટનું ફોર્મ તથા બજેટમાં આપવાની વિગતો કમિશ્નર નકકી કરશે તે મુજબ તૈયાર કરવું પડશે અને આ બજેટની નકલ બનતી તાકીદે કમિશ્નરને મોકલી આપવી પડશે. કમિશ્નર આ બજેટમાં તેને યોગ્ય લાગે તેવા ફેરફારો કરી શકશે. અલબત્ત તેમ કરતાં પહેલાં ટ્રસ્ટીને સાંભળશે.

(૨) ટ્રસ્ટી નકકી કરેલાં ધોરણે અને ઠરાવેલી પદ્ધતિએ રાખશે. આ હિસાબોનું સરવૈયું દર વર્ષની ૩૧ મી માર્ચે કાઢવામાં આવશે. માત્ર કમિશ્નર કોઈ ખાસ કારણસર પરવાનગી આપે તો જ હિસાબી વર્ષ ૩૧ મી માર્ચને બદલે બીજી કોઈ તારીખ રાખી શકશે.

(૩) વાર્ષિક ૨૫૦૦૦ કે તેથી વધુ આવકવાળાં ટ્રસ્ટોનો હિસાબ રાખવા માટે કમિશ્નર ટ્રસ્ટીઓ સાથે મંત્રણા કરી પછી પોતાનો હિસાબનીશ રાખી શકશે.

## હિસાબની તપાસ

(૪) વાર્ષિક પાંચ હજાર કે તેથી વધુ આવકવાળાં ધાર્મિક ટ્રસ્ટોના હિસાબો દર વર્ષે કમિશ્નર નીમે તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટદ્વારા ઓડીટ કરાવવા પડશે. આ ઓડીટર દરેક ચોપડા વાઉચરો, દસ્તાવેજો જોઈ તપાસી શકશે ને હિસાબ લખવામાં જેણે ભાગ લીધો હોય તેવી કોઈ પણ વ્યકિતને નોટિસ આપીને પોતાની સમક્ષ બોલાવી શકશે ને ખુલાસો પૂછી શકશે. ઓડીટર પોતાનાં અહેવાલમાં ટ્રસ્ટનાં નાણાની ગેરવ્યવસ્થા ટ્રસ્ટની ઉઘરાણીની બિનવસૂલાત, નુકસાની, બગાડ વિ. વિષે જણાવશે ને તે ઉપરાંત આ નુકસાન કે બગાડ કે ઉચાપત માટે કોણ જવાબદાર છે તે પણ તપાસ કરી અહેવાલમાં લખશે.

(૫) ટ્રસ્ટની કોઈ પણ સ્થાવર મિલકતનું વેચાણ, ગીરો, બક્ષીસ કે બદલી કમિશ્નરની પરવાનગી વિના ટ્રસ્ટીઓ કરી શકશે નહી. તેવી જ રીતે ટ્રસ્ટની મિલકત ત્રણ વર્ષ કરતાં વધારે વખત માટે કમિશ્નરની પરવાનગી વિના ભાડે આપી શકશે નહી. ટ્રસ્ટ માટે આ જરૂરી કે હિતકારી છે એમ કમિશ્નરને લાગે તો જ તે આ પ્રકારની મંજુરી આપશે.

## ટ્રસ્ટની યોજના

(૬) કોઇ પણ હિત ધરાવતી બે વ્યકિતઓ અરજી કરે કે ટ્રસ્ટનું અમુક બાબતનું ફંડ વપરાયા વિના પડયું છે અને જે હેતુ માટે તે ફંડ છે તે અસ્તિત્વમાં નથી કે પૂર્ણ થાય તેમ નથી તો કમિશ્નર તપાસ કરી યોગ્ય લાગે તો તે ફંડ કે તેની આવક તેવા જ બીજા હેતુઓ માટે વાપરવાનું ફરમાન ટ્રસ્ટીઓને કરી શકે છે.

(૭) હિત ધરાવતી બે અગર વધુ વ્યકિતઓ અરજી કરે કે ટ્રસ્ટના વધુ સારા વહીવટ માટે ટ્રસ્ટની યોજના ઘડવી જોઇએ તો કમિશ્નર બધી તપાસ કરીને યોગ્ય લાગે તો ટ્રસ્ટના વહીવટ માટે યોજના કરી શકશે. તે ઉપરાંત જો કોઇ યોજના અસ્તિત્વમાં હોય તો તેમાં ફેરફાર કરી શકશે, અગર તેને સ્થાને નવી યોજના કરી શકશે.

## ગેરવહિવટ

(૮) ઓડીટરના અહેવાલ પરથી કે બે હિત ધરાવનાર વ્યકિતઓની અરજી પરથી કમીશ્નરને લાગે કે ટ્રસ્ટમાં ગેરવહીવટ ચાલે છે, કે ટ્રસ્ટીઓ પોતાની ફરજ બજાવવામાં બેદરકાર છે કે નિષ્ફળ જાય છે તો કમિશ્નર તે બાબત તપાસ કરી શકશે ને તેને ખાતરી થાય કે ટ્રસ્ટમાં ગેરવહીવટ છે કે ટ્રસ્ટી પોતાની ફરજ બજાવતો નથી કે ટ્રસ્ટનાં નાણાંનો દુરુપયોગ થાય છે તો તે ટ્રસ્ટ સામે પગલાં લઈ શકશે. અને કાં તો (૧) તેને ફરમાન કરી તેની ફરજ-

પાલનનાં પગલાં લેવાનું કહેશે (૨) અગર તેને દૂર કરશે અગર (૩) ટ્રસ્ટને થયેલ નુકશાન ભરપાઈ કરી દેવાનું ટ્રસ્ટીને ફરમાન કરશે.

(૯) ટ્રસ્ટી જો આ કાયદાનો એક કરતાં વધુ વખત ભંગ કરશે અગર તો તેને નૈતિક ગુના માટે સજા થઇ હશે તો કમિશ્નર તેને ટ્રસ્ટી તરીકે દૂર કરી શકશે..

(૧૦) ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે ને કોઇ નિમણુક ન થાય ત્યારે કમિશ્નર ખાલી જગ્યા પૂરી શકશે આવી વ્યકિત બની શકે ત્યાં સુધી તેજ ધર્મ કે વિભાગની હશે.

### રકમ કયાં રોકવી ?

(૧૧) ટ્રસ્ટનાં રોકડ નાણાં ઉપયોગ વિના

## પોપથી પણ વધુ

દુનિયાભરના ધર્મગુરુઓમાં પોપની સત્તા અપૂર્વ ગણાય છે, કોઈ ધર્મગુરુ કે કે સમ્રાટ પણ એટલી સત્તા ભોગવતો નથી. પણ ધાર્મિક ટ્રસ્ટો અંગે ઘડાઇ રહેલા ભારતના નવા કાયદામાં ધાર્મિક ટ્રસ્ટોના કમિશ્નરોની સત્તા અમાપ અને લગભગ અમર્યાદિત રહેશે એવું લાગે છે. પોપની સત્તા પણ એની પાસે ઝાંખી પડશે.

પડયાં હશે તો તે સરકારી જામીનગીરીઓ, સરકારે જેની બાંહેધરી આપી હોય તેવી કંપનીઓના શેરો કે ડિબેન્ચરો અગર સ્થાનિક સંસ્થાઓના ડિબેન્ચરોમાં રોકવા પડશે.

૧૯૫૪ માં મુસ્લિમોનાં વકફ અંગે એક ખાસ કાયદો ઘડવામા આવ્યો છે. આ કાયદાથી પ્રથમ એવી જોગવાઇ કરવામાં આવી હતી કે મુસ્લિમ ધાર્મિક વકફની મોજણી કરવા તથા તેની માહિતી એકઠી કરવા એક કમિશ્નરની નિમણુક કરવી, અને તે પ્રમાણે કરવામાં આવી હતી. આ કમિશ્નરે વકફો તથા તેની મિલકત અંગે તપાસ કરી એક અહેવાલ રજુ કર્યો હતો ને તે પછી વકફો રાજસ્ટર કરવાનું ઠર્યું હતું.

આ કાયદાની બીજી વિશિષ્ટતા એ છે કે મુસ્લિમ વકફોના વહીવટ ઉપરનું નિયમન કોઈ એક કમિશ્નર પર છોડયું નથી પણ તે માટે ૫ થી ૧૧ સભ્યોનાં જુદા જુદા બોર્ડો રચવામાં આવ્યાં છે. આ બોર્ડના પ્રમુખની ચૂંટણી બોર્ડ કરે છે. વળી આ બોર્ડના કાર્યવાહી અંગે કોર્ટમાં જવાની જોગવાઇ છે.

### કમિશ્નરની સત્તા:

(૧૨) કમિશ્નર અગર તેણે સત્તા આપેલી કોઇ પણ વ્યકિત ટ્રસ્ટની મિલકતમાં તપાસ માટે પ્રવેશી શકશે કે કોઇ પણ કાગળ, ચોપડા હિસાબ, પત્રવ્યવહાર કે પ્લાનો કે દસ્તાવેજો જોઇ શકશે.

(૧૩) ટ્રસ્ટીઓને કમિશ્નર માગે તે મુજબ રીટર્નો, આંકડામાં હિસાબો ને માહિતી વારંવાર આપવા પડશે.

(૧૪) કમિશ્નર નીચે મુજબ સત્તાઓ ભોગવશે:

(૧) તેની હકૂમત નીચેનાં ધાર્મિક ટ્રસ્ટોનો વહીવટ બરોબર ચાલે છે કે નહિ તેને ભેટો તથા તેની આવક ટ્રસ્ટના હેતુઓ માટે વપરાય છે કે નહિ તે પણ જોશે.

(૨) ટ્રસ્ટનો હિસાબ બરોબર રખાવશે.

(૩) ટ્રસ્ટની આવક તેના હેતુઓ માટે વપરાય છે કે નહિ તેની ખાતરી કરશે અને વધેલાં નાણાં આ કાયદા અનુસાર રોકાય તેમ જોશે.

**ધાર્મિક ટ્રસ્ટના કાયદાની અસર ગામેગામ થશે. કોર્ટની સત્તા પર કાપ મુકાશે.**

(૪) ટ્રસ્ટના વહીવટ માટે સમયાન્તરે યોગ્ય લાગે તેવી સૂચનાઓ આપશે.

(૫) ને વહીવટની દેખરેખ માટે જરૂરી લાગે તે બધા પગલાં લેશે.

### ખર્ચ માટે ત્રણ ટકા

(૧૫) ટ્રસ્ટની કુલ ( Gorss ) આવકમાં ત્રણ ટકાથી વધુ નહીં તેટલી રકમ ખર્ચના ફાળા તરીકે આપવી પડશે.

(૧૬) રાજ્ય સરકાર તેને યોગ્ય લાગે તેવી જાતની સામાન્ય કે ખાસ નીતિ વિષયક (Policy) લેખિત સૂચનાઓ કમિશ્નરને આપશે ને કમિશ્નર તે પાળવા બંધાએલો રહેશે.

આ ખરડાની ઉપરોકત મુખ્ય કલમો છે. એની જોગવાઇઓ વિષે વધુ સ્પષ્ટીકરણ કરતાં પહેલાં આ ખરડાની કેટલીક અન્ય અગત્યની જોગવાઇઓ પણ જાણવા જેવી છે.

(૧) કમિશ્નરના હુકમ સામે માત્ર હાઇકોર્ટને જ અપીલ થઈ શકશે ને આ અપીલ ૬૦ દિવસમાં કરવી પડશે.

(૨) કમિશ્નરના હુકમનો અમલ દીવાની અદાલતનુ હુકમનામું હોય તેવી રીતે કમિશ્નરની અરજી પરથી દીવાની અદાલત કરશે.

### કોર્ટની સત્તા પર કાપ:

(૩) જો કોઈ વ્યકિત ટ્રસ્ટ રજિસ્ટર ન કરાવે, ખોટી માહિતી કે રીટર્ન ભરે, કમિશ્નરના કે તેણે જેને સત્તા આપી હોય તેવી વ્યકિતના કામમાં હરકત કરશે તો તે ગુનો ગણાશે ને તે માટે એક હજાર રૂપિયા સુધી સજા થઈ શકશે.

(૪) કમિશ્નરનો દરેક હુકમ છેલ્લો ગણાશે ને હાઇકોર્ટને અપીલ કરવાની છૂટ છે. તે સિવાય તેની સામે કોઈ પણ દીવાની અદાલતમાં કોઈ પણ કાર્યવાહી થઇ શકશે નહી.

(૫) આ કાયદા નીચે જે મુદ્દાનો નિર્ણય કરવાની સત્તા કમિશ્નરને આપવામાં આવી છે તે મુદ્દાનો નિર્ણય કરવાની હકુમત કોઇ પણ અદાલતને રહેશે નહી.

(૬) ટ્રસ્ટ રજિસ્ટર કરવામાં નહીં આવ્યું હોય તો તેના વતીથી તેનો હકક પ્રસ્થાપિત કરવાનો કોઇ દાવો ચાલી શકશે નહીં.

### કમિશ્નરના અધિકાર

(૭) ભાડાની વસુલાત માટેના દાવા સિવાયના ટ્રસ્ટ અંગેના મુકદ્દમામાં અદાલત કમિશ્નરને આવો મુકદ્દમો મંડાયો છે તેની ખબર આપશે ને કમિશ્નર તે મુકદ્દમામાં તેની ઈચ્છા હોય તો પક્ષકાર બનવા અરજી કરશે ને કોર્ટ તેને પક્ષકાર બનાવવા બંધાએલી છે. કમિશ્નરને ખબર આપ્યા વિના કોઈપણ દાવામાં અદાલત હુકમ કરશે કે ચૂકાદો આપશે તો કમિશ્નરની અરજી પરથી અદાલત તે હુકમ રદ કરવા બંધાયેલી છે.

ધાર્મિક ટ્રસ્ટો અંગે આવી રહેલા કાયદાનો આ વિસ્તૃત પરિચય છે. આ કાયદા આવ્યા પહેલાં ભારતમાં ધાર્મિક ટ્રસ્ટો વિષે છુટાછવાયા કાયદાઓ હતા. બંગાળ અને મદ્રાસમાં અઢારમી ને ઓગણીસમી સદીમાં જાહેર ધાર્મિક ટ્રસ્ટો અંગે રેવન્યુબોર્ડો ને સ્થાનિક એજન્ટોને અમુક જવાબદારીઓ સોંપાઈ હતી પણ ૧૮૬૩ માં ધાર્મિક એન્ડાઉમેન્ટસ એકટથી બધાં ટ્રસ્ટો તેના ટ્રસ્ટીઓને પરત સોંપવામાં આવ્યા હતાં ને તેને અનુસંગિક જોગવાઇઓ કરવામાં આવી હતી. તે પછી ૧૯૨૦માં એક ચેરીટેબલ અને રીલીજીઅસ ટ્રસ્ટ એકટ ઘડવામાં આવ્યો હતો. આ કાયદાની જોગવાઈઓ મર્યાદિત હતી આ કાયદા મુજબ ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓને સૂચનાઓ આપવા માટે ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યકિત અદાલતમાં જઈ શકે તેવી જોગવાઇ છે. ટ્રસ્ટીઓ પણ માર્ગદર્શન માટે અદાલતને અરજી કરે એવી જોગવાઇ છે. તે ઉપરાંત ૧૮૯૦માં એક ચેરીટેબલ એન્ડાઉન્મેન્ટ એકટ કરવામાં આવ્યો હતો. તે શિક્ષણ, તબીબો રાહત, ગરીબોને મદદ જેવી સખાવતી ટ્રસ્ટો સરકારી અમલદારનાં નામે ચડાવી તેનો વહીવટ તેને સોંપી શકાય એવી જોગવાઈ કરે છે.

### મુસ્લીમો માટે

મુસ્લિમોનાં ધાર્મિક ટ્રસ્ટો અંગે બે કાય-

દાઓ છે. એક ૧૯૫૫નો અજમેરના દર્ગાખ્વાજા સાહેબના વહીવટ અંગે છે, તે અજમેરની આ દર્ગાહ પૂરતો જ મર્યાદિત છે, ને તેમાં સામાન્ય વહીવટી દેખરેખની જોગવાઈઓ છે.

આ કાયદામાં 'ચોખ્ખી આવક'ના પાંચ ટકા ખર્ચ પેટે ભરવાની જોગવાઇ છે. આ કાયદામાં બજેટ રજુ કરવાની જરૂરીઆત છે. પણ સરકારી હિસાબનીસ રાખવાની કે ફરજીઆત ઓડીટની જોગવાઇ નથી.

**પ્રજાની અજબ ખાસિયત**

ભારતની પ્રજાની એક અજબ ખાસિયત છે. કાયદાનો ખરડો પ્રસિદ્ધ થશે ત્યારે તેની કોઈ ખબર પણ નહિ રાખે, તે પ્રવર સમિતિને સોંપાશે ત્યારે સૌ ઉદાસીન રહેશે, તે પસાર થશે ત્યાર સૌ નિષ્ક્રિય રહેશે ને જ્યારે કાયદો અમલમાં આવ્યા પછી તેની કલમોની સીધી અસર સ્પર્શશે ત્યારે તે આંખો ચોળીને જાગશે. પછી વિચાર કરશે કે આ શું થયું ? પછી થોડો ઉહાપોહ કરશે, થોડી બુમરણ કરશે ને પછી 'સત્તા આગળ શાણપણ શા કામનું ' ? એમ કહી પાછી ઘોર નિદ્રામાં પોઢી જશે.

ભારતીજનો આ પ્રકૃતિજન્ય દૂષણમાંથી કયારે મુકત થશે ?

નવો કાયદો અમલમાં આવતાં ૧૮૬૩, ૧૯૨૦ ને ૧૮૯૦ના કાયદા રદ થશે. શીખગુરુ દ્વારા માટે અલગ કાયદો છે. ને ખ્રિસ્તી-યહુદી ને પારસીઓને આ કાયદામાંથી બાકાત રખાયા છે. શા માટે ? તેનું કોઇ કારણ આપવામાં આવ્યું નથી.

**ગામે ગામ અસર થશે**

આ કાયદાની અસર ગામેગામ ને શહેરે-શહેર પડશે. નાના ગામડામાં પણ બે-ત્રણ ધર્મ સ્થાનકો હશે, રામમંદિર હશે, શંકરનું મંદિર હશે, માતાનું સ્થાનક હશે, હનુમાનજીની દેરી હશે. આ બધાંએ રજીસ્ટર કરાવવું પડશે.

આઠ, દશ કે પંદર હજારની વસતીના ગામોમાં ઉપાશ્રયો જિનમંદિરો, હવેલીઓ, અન્ય દેવાલયો હશે. અને આવાં શહેરનાં આવાં સ્થાનકોની આવક વર્ષે પાચ હજારની થવા સહેજે સંભવ છે. એ બધાંને અગાઉથી પોતાનાં બજેટો મંજુર કરાવવાં પડશે તે બજેટમાં કમીશ્નર ફેરફાર કરી શકશે. જો કે એવી જોગવાઈ છે કે કમિશ્નર કોઈ ધાર્મિક ક્રિયા રદ કરવાનું કહી શકશે નહી.

કોઈ પણ બે માણસો ગમે ત્યારે અરજીઓ કરીને ટ્રસ્ટીઓને માટે મુશ્કેલી ઉભી કરી શકશે એ પણ એટલું જ સંભવિત છે. કમિશ્નર ટ્રસ્ટીને દૂર કરી શકશે ને નીમી શકશે. તેમાં નવી નિમણુંકમાં ટ્રસ્ટી તે જ ધર્મનો હોવો જોઇએ એવું ફરજિયાત નથી તે વાંધાજનક છે.

**અદાલતોની સત્તા ગઈ :**

ટ્રસ્ટી પોતાના હિસાબનીશ નીમશે ને પાંચ હજારની આવકવાળા દરેક ટ્રસ્ટને સરકારે નીમેલા ઓડીટર પાસે ફરજીયાત ઓડીટ કરાવવું પડશે. એ જોગવાઇઓ પણ મુશ્કેલી ઉભી કરશે. અદાલતની સત્તાઓ લઇ લેવાઈ છે તે પણ વાંધાજનક છે.

પણ ખૂબ જ વિચારણીય બાબત તો એ છે કે રાજ્ય સરકાર 'નીતિ' (Policy) અંગે કમિશ્નરને જે સૂચના આપે તે પાળવી પડશે. આજની લોકશાહીમાં રાજ્ય સરકારમાં રાજકીય પક્ષો બદલાશે ને જુદા જુદા પક્ષની જુદી જુદી નીતિ રહેશે. હજારો ટ્રસ્ટોના વહીવટ કારણે તથા મિલ્કત અંગેની પરવાનગી લેવાની ફરજને કારણે, દાવા અંગે પક્ષકાર બનાવવાની જોગવાઇને કારણે કમિશ્નરે નીમેલા હિસાબનીશને હિસાબ લખવા રાખવો પડશે, એ જોગવાઇને કારણે ઘણી સમસ્યાઓ ઉભી થશે. એક પ્રકારના અનિષ્ટને દાબવા જતાં બીજા પ્રકારનાં અનિષ્ટો ઉદ્ભવશે તેને કાબુમાં રાખવાનું મુશ્કેલ બનશે.

## ધાર્મિક ટ્રસ્ટો પર નિયમન લાવવા ખરડાનો સખ્ત વિરોધ કરો!

# ધાર્મિક મિલકતો પર અનુચિત હસ્તક્ષેપ ન જોઈએ !

# શ્રી ચતુર્વિધ જૈન સંઘને નમ્ર નિવેદન

ભારતની લોકસભામાં રજુ થયેલ અને પુનર્વિચારણા માટે પ્રવર સમિતિને સોંપાયેલ ધાર્મિક ટ્રસ્ટ નિયમન ખરડો જેની વિગતો વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલ છે. આ ખરડો જો કાયદાનું રૂપ લે તો ખરેખર જૈનસમાજની ધાર્મિક મિલકતો, ધાર્મિક સ્થાનકો ઇત્યાદિ માટે ખૂબજ ખતરનાક છે, આની સામે જૈનસમાજે ફીરકાભેદ, ગચ્છભેદ, કે અન્યાન્ય પ્રશ્નોને, મતભેદોને ગૌણ કરી એક દિલે એકી અવાજે પોતાનો સખ્ત વિરોધ સક્રિયપણે વ્યકત કરવો, એ આજે અતિ આવશ્યક છે. નીચે આને અંગે પ્રસિદ્ધ થયેલ નિવેદન સર્વ કોઈ અવશ્ય વાંચે. વિચારે અને પોતાનો વિરોધ સક્રિયપણે વ્યકત કરે!

⊙

આપશ્રીએ વર્તમાન પત્રોથી જાણ્યું જ હશે કે ભારત સરકારે લોકસભા અને રાજસભાની બેઠકોમાં ઉપર્યુકત બીલ પ્રસ્તુત કર્યું હતું, તે બન્ને સભાઓએ તે બીલને હવે પ્રવર સમિતિને સોંપ્યું છે. પ્રવર સમિતિના ૪૫ સભાસદો છે. તેમાં ૩૦ લોકસભાના અને ૧૫ રાજ્યસભાના છે આ સમિતિના પ્રમુખ શ્રી જગન્નાથ રાવ એમ. પી. છે. આ સમિતિની મીટીંગ તા. ૧૦ ઓકટોમ્બર ૧૯૬૦ ના થશે. આ સમિતિ પોતાનો રિપોર્ટ પાર્લામેન્ટમાં નવેમ્બરના પ્રથમ હપ્તામાં પ્રસ્તુત કરે એવી સંભાવના છે. પ્રવર સમિતિએ તા. ૨૧ સપ્ટેમ્બર ૧૯૬૦ સુધી જનતા પાસેથી નિવેદન પત્રોની માગણી કરી છે. નિવેદનોના વિષયમાં જેઓની પ્રવર સમિતિ સમક્ષ ઉપસ્થિત થવાની ઇચ્છા હોય તેમને તે સમિતિ તેમના મંતવ્યને વ્યકત કરવા માટે સમય આપશે.

તેથી ધાર્મિક ટ્રસ્ટોના વિષયમાં જેમને રસ હોય તેઓએ ટ્રસ્ટ બીલના વિષયને સારી રીતે જાણીને પોતાનું નિવેદન પ્રવર સમિતિ પર મોકલાવીને અથવા તે સમિતિ સમક્ષ ઉપસ્થિત થઇને પોતાનું મંતવ્ય રજુ કરવું જોઇએ. તેથી પ્રવર સમિતિને ખ્યાલમાં આવશે કે ટ્રસ્ટીઓનો આ વિષયમાં શો અભિપ્રાય છે, અને આ બીલ પાસ થવાથી ટ્રસ્ટીઓને ટ્રસ્ટની વ્યવસ્થામાં કેવી અડચણો ઉભી થશે, તે નીચેના મુદ્દાઓથી જાણી શકાશે.

### આ બિલની વિશેષ વિગતો આ છે.

(૧) જમ્મુ અને કાશ્મીર ભારત રાજ્યના અંગ હોવા છતાં અને ત્યાં ભારતનું વિધાન લાગુ હોવા છતાં આ બીલ જમ્મુ અને કાશ્મીરને લાગુ પડતું નથી.

(૨) આ બીલ સમગ્ર ભારતમાં લાગુ પાડવામાં આવતું નથી કિંતુ કેન્દ્ર સરકારથી શાસિત સ્થાનોમાં જ લાગુ પડે છે. રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે તેમની ઇચ્છા હોય તો તેઓ આ બીલને લાગુ કરે અન્યથા નહિ. આવા વિકલ્પના કારણે રાજ્યોમાં બીલ સંબંધી અનેક મુશ્કેલીઓ ઉભી થશે.

(૩) આ બીલની કલમ ૩૧ ને અનુસારે આ બીલ ફકત હિંદુઓ, જૈનો તથા બૌધ્ધોને લાગુ થશે. આવી નીતિ શા માટે પસંદ કરવામાં આવી છે. તેનું કોઇપણ કારણ સરકારે બતાવ્યું નથી. મુંબઇ અને અન્ય પ્રાંતોમાં આવી જાતના બીલ મુસલમાનો સિવાય સૌને લાગુ કરવામાં આવ્યા છે.

[૪] આ બીલ ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પાડવામાં

આવ્યું છે, કિંતુ ધાર્મિક ટ્રસ્ટ વ્યાખ્યામાં ધાર્મિક ટ્રસ્ટોની સંબંધિત સખાવતોને પણ લઈ લેવામાં આવી છે. તેથી તેમને પણ તે લાગુ પડશે.

[૫] આ બીલમાં પ્રત્યેક ટ્રસ્ટ કે જેની આવક રૂા ૫૦૦૦, થી ઉપર હોય તે કમિશ્નર દ્વારા નિશ્ચિત ફૉર્મ ઉપર અને વિશિષ્ટ પદ્ધતિથી આવક અને ખર્ચનું અંદાજપત્ર બનાવવું ફરજીઆત રાખવામાં આવ્યું છે. અંદાજપત્ર અતિ શિઘ્રતઃ કમિશ્નર પર મોકલવું પડશે. કમિશ્નરને એ અધિકાર હશે કે તે ટ્રસ્ટીઓને સાંભળીને બજેટમાં સંશોધન અગર સુધારો કરી શકે એટલું જ નહીં પણ કમીશ્નરને એ પણ અધિકાર હશે કે–જુદા જુદા ખાતાઓ, રીતરીવાજો તથા પર્વ આદિના વિષયમાં ઓછાવત્તા ખરચની મંજુરી આપી શકે અથવા અમુક પર્વ આદિની માન્યતાને બંધ કરી શકે.

[૬] કમિશ્નર દ્વારા નિશ્ચિત ફૉર્મ પર અને વિશિષ્ટ પદ્ધતિ મુજબ હિસાબ રાખવો પડશે. ૩૧મી માર્ચ અગર કમીશ્નરે નકકી કરેલ તારીખે પ્રત્યેક ટ્રસ્ટે પોતાનો હિસાબ તૈયાર કરવો પડશે. રૂ. ૫૦૦૦ થી વધુ આવકવાળા પ્રત્યેક ટ્રસ્ટના હિસાબને રાખવા માટે કમીશ્નર એકાઉન્ટન્ટને નિયુકત કરશે. એકાઉન્ટન્ટનો ખર્ચ ટ્રસ્ટે આપવો પડશે.

[૭] કમીશ્નરને આ બીલ દ્વારા એ અધિકાર આપવામાં આવ્યો છે કે તે ટ્રસ્ટની યોજના [સ્કીમ] માં સંશોધન કરી શકે. તેને રદ કરી શકે અથવા તેની બદલી કરી શકે.

[૮] કલમ પાંચમાં કમીશ્નરને જાહેર અધિકાર આપવામાં આવ્યા છે કે તે પોતાની મરજી મુજબ ટ્રસ્ટની વ્યવસ્થાને ચલાવી શકે તેની આવકનો ઉપયોગ કરી શકે અથવા તેને ટ્રસ્ટના વિષયમાં જે યોગ્ય લાગે તે કરી શકે.

[૯] કમિશ્નરની આજ્ઞા મેળવ્યા વિના કોઇ પણ ટ્રસ્ટની સ્થાવર મીલ્કતનો ક્રય–વિક્રય, અદલ–બદલ વગેરે કરી શકશે નહિ અને ત્રણ સાલથી અધિક મુદ્દત માટે ભાડે પણ આપી શકાશે નહિ. આજ્ઞા આપવી કે ન આપવી તે કમિશ્નરની ઇચ્છા પર નિર્ભર રહેશે ને કમિશ્નરને યોગ્ય લાગશે તો આજ્ઞા આપશે.

[૧૦] કમિશ્નરને જો એમ લાગશે કે ટ્રસ્ટના કાર્યમાં ગેરવ્યવસ્થા થઇ રહી છે અથવા ટ્રસ્ટીઓ ટ્રસ્ટ–ડીડના અનુસારે પોતાના કર્તવ્યનું પાલન કરતા નથી અથવા તેઓ અસાવધાન છે, તો કમિશ્નર તેમની વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી કરી શકશે એટલું જ નહિ પણ તેમને પદભ્રષ્ટ પણ કરી શકશે અને જો ટ્રસ્ટને નુકશાન થયું હશે તો તેઓ પાસેથી તે ભરપાઇ પણ કરાવી શકશે.

[૧૧] કોઇપણ ટ્રસ્ટમાં ટ્રસ્ટીની જગ્યા ખાલી થતાં તેની નિમણુંકનો અધિકાર કમિશ્નરને આપવામાં આવ્યો છે, જેથી તે ટ્રસ્ટ–ડીડ અનુસારે જેને યોગ્ય સમજે તેને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરી શકે છે, ને નવા ટ્રસ્ટીને ચાર્જ અપાવી શકે છે અથવા તેવા નિયોગ પૂર્વેજ અન્ય વ્યકિતને પણ તે ટ્રસ્ટની મીલ્કતનો ચાર્જ અપાવી શકે છે.

[૧૨] કલમ ૧૮ને અનુસારે કમિશ્નરને અધિકાર છે કે તેને એવું લાગે કે જે ધ્યેયથી ટ્રસ્ટ કરવામાં આવ્યું હતું તે ધ્યેય પૂર્ણ થઇ ચૂકયું છે અથવા તે પૂર્ણ થઇ શકવાનું નથી તો તે તેવી જ જાતનું કોઇ અન્ય કાર્ય કે જે તેને ઉચિત લાગે તે માટે તે મિલ્કતનો ઉપયોગ કરી શ છે.

[૧૩] આ બીલની કલમ ૨૫ ને અનુસારે ગુન્હો કરનારને રૂા ૧૦૦૦) સુધીનો દંડ આપી શકાય છે.

[૧૪] કલમ ૨૮ કહે છે કે કમિશ્નરની પ્રત્યેક આજ્ઞા અંતિમ હશે તેની વિરૂદ્ધ હાઇકોર્ટમાં અપીલ થઇ શકશે કિંતુ અન્ય કોર્ટમાં અપીલ કરી શકાશે નહિ.

[૧૫] આ બીલમાં જે વિષયોમાં કમિશ્નરને અધિકારો આપવામાં આવ્યા છે, તે વિષયો સંબંધિ કોઇપણ ન્યાયાલયને સાંભળવાનો અધિકાર નથી.

[૧૬] રજીસ્ટ્રેશન કરાવ્યા વિના કોઇ ટ્રસ્ટ દાવો વગેરે કરી શકશે નહિ.

[૧૭] આ બીલ સંબંધિ બાબતોમાં જાંચ વગેરે કરવાનો સંપૂર્ણ અધિકાર કમિશ્નરને રહેશે.

[૧૪] કલમ ૨૪ મુજબ અવસરે અવસરે કમિશ્નર દ્વારા થતી આજ્ઞાઓ અને સુચનાઓનું પાલન અનિવાર્ય રહેશે, પાલન નહિ થશે તો સિવિલ કોર્ટ તે પાલન કરાવશે.

બીલના મહત્ત્વના મુદ્દાઓ ઉપર દર્શાવ્યા છે એ ટ્રસ્ટોના વર્તમાન અને ભવિષ્ય ઉપર શી અસર થશે. તે વિષય આપને અન્ય વિજ્ઞાપન દ્વારા વિદિત કરવામાં આવશે.

ઉપરના મુદ્દાઓથી આપ શ્રીમાન એ સમજી જ ગયા હશો કે આ બીલ કેવળ હાનીકારક જ નહિ પરતું અન્યાયથી પરિપૂર્ણ છે. એ બીલ કમિશ્નરને સર્વ સત્તાધીશ બનાવે છે, એટલું જ નહિ કિંતુ યોજના [સ્કીમ] બનાવવાના વિષયમાં અને તપાસના વિષયમાં જે અધિકારો પૂર્વે કલમ ૯૨ રિલિજિઅસ એન્ડ ચેરીટી ટ્રસ્ટ એકટના રિલિજિયસ એન્ડાઉમેંટ એકટ અને ચેરીટેબલ એન્ડાઉમેન્ટ એકટના કાયદાઓથી ન્યાયાલયોમાં હતા તે કાયદાઓને આ બીલની કલમ ૩૮ થી ૨૬ કરીને તે સર્વ અધિકારો કમિશ્નરને આપવામાં આવ્યા છે. કમિશ્નર Executive Head છે, તેને તે અધિકારો આપવા તે ન્યાય સંગત નથી એટલું નહિ કિંતુ ગણતંત્રના સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. ધાર્મિક વિષયોમાં રાજ્યના સર્વ સત્તાધીશને નિયુકત કરવો અને જનતાને ન્યાયાલયોના ન્યાયથી વંચિત રાખવી એ કેવળ અવિવેક નથી કિંતુ અન્યાયની ચરમસીમા છે.

જૈન ટ્રસ્ટોની દૃષ્ટિએ વિચારીએ તો આ બીલ તેમની પ્રથા-તઓમાં પૂર્ણરૂપથી હસ્તક્ષેપ કરે છે. જૈન શાસ્ત્રોમાં સાતક્ષેત્રોમાં જે દાન, અન્નદાન વગેરેની વ્યવસ્થા છે તે સ્વયં સંપૂર્ણ છે. આ વિષયમાં પરિવર્તન કરવાનો અધિકાર કોઇને પણ નથી, એ સિવાય પૂજન, પ્રક્ષાલ, અંગરચના, ધાર્મિક અનુષ્ઠાનો, પર્વોત્સવો વગેરેમાં પણ ફેરફારો થઇ શકે તેમ નથી. જૈન સિદ્ધાંતોથી અપરિચિત એવા કમિશ્નર અને તેના હાથ નીચેના અધિકારીઓનો આ વિષયમાં હસ્તક્ષેપ કોઇપણ રીતે ઇચ્છનીય નથી જ.

એથી આપને નમ્ર અનુરોધ છે કે આપ શ્રીમાન આ બીલનો સંપૂર્ણરીતે વિરોધ કરો. આ વિરોધથી પ્રેસો અને પ્લેટફોર્મો પુરજોસથી ગાજી ઉઠવા જોઇએ કે જેથી પાર્લામેન્ટને એ ખ્યાલ આવે કે આ બીલથી જનતા દુઃખી અને ક્ષુબ્ધ છે.

शिवमस्तु सर्व जगतः।


## તમારી કિંમતી ફાઉન્ટનપેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી

## હ રિ હ ર

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.

શાહી : લખવા માટે સુંદર છે.

ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

દરેક વેપારીને ત્યાં મળશે.
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : હરિહર રીસર્ચ વર્કસ
ઠે૦ માંડવી પોળ, અમદાવાદ.


## શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —

## ભેટ મળે છે.

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળઃ—

**કલ્યાણ પ્રકાશન મંદિર – પાલીતાણા**

॥ श्री शामळीया पार्श्वनाथाय नमः ॥

# સંમેતશિખર મહાતીર્થ-પ્રતિષ્ઠા

આ સંમેતશિખર તીર્થ ભારતભરમાં પ્રસિદ્ધ અને પરમપવિત્ર તીર્થ છે. તે તીર્થ જીર્ણ-શીર્ણ દશામાં હતું, તેનો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૧૨માં શરૂ કરવામાં આવ્યો હતો તે આજે પૂર્ણ થયો છે.

આ પરમ પાવન તીર્થાધિરાજની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૧૭ મહા વદી ૭ બુધવાર તા. ૮-૨-૬૧ના રોજ નિર્ધારેલ છે, તે નિમિત્તે પ્રતિષ્ઠાનો મહામહોત્સવ તથા નવીન તૈયાર થયેલ ભવ્ય જિનપ્રાસાદમાં મૂળનાયક સહિત નવ જિનેશ્વર ભગવંતોનાં બિમ્બો પ્રતિષ્ઠિત કરવાનાં છે.

પરમપાવન મહાચમત્કારી અતિપ્રાચીન ભવ્ય મુળનાયક ભગવંતની પ્રતિષ્ઠા ઉછામણી બોલી આપવાનો નિર્ણય કર્યો છે. તેમાં રૂા. ૧,૧૧,૧,૧૧ એક લાખ અગીઆર હજાર એકસો અગીઆર. એક મહાભાગ્યશાળી ભાઇએ જાહેર કર્યા છે. તેનો છેલ્લો આદેશ કલકત્તામાં ૯૬ કેનીંગ સ્ટ્રીટ જૈન ઉપાશ્રયમાં વિ. સં. ૨૦૧૭ કારતક વદ ૧ શુક્રવાર તા. ૪-૧૧-૬૦ના રોજ આપવામાં આવશે. આ પહેલાં મુંબઈ, અમદાવાદ, કલકત્તા, બેંગલોર, મદ્રાસ, પૂના, સાદડી વિગેરે સ્થળે વ્યાખ્યાનોમાં અવસરે જે આંકડો વધશે તે જાહેર કરવામાં આવશે અને છેલ્લે કલકત્તામાં નિર્ધારિત કરેલ દિવસે છેલ્લો આદેશ આપવામાં આવશે.

આ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે અંજનશલાકા મહોત્સવ વિગેરેની પણ ઘણી બોલી બોલાવવાની છે તે કયે સ્થળે બોલાવવી તેનો નિર્ણય હવે પછી નક્કી કરી જાહેર કરવામાં આવશે.

પ્રતિષ્ઠા અંગે નીચેના જિનેશ્વર ભગવંતોનાં જિનબિમ્બોને પ્રતિષ્ઠિત કરવા માટે આ પ્રમાણે નિર્ધાર કર્યો છે, તેમાં જે ભાગ્યશાળીઓ લાભ લેવા માગતા હોય તેમણે પોતાનું પુનિત નામ જીર્ણોદ્ધાર કમિટીને જણાવી લાભ લેવો.

૧. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૪૫ ઇંચ ઉછામણી બોલવાની મુખ્ય મૂળનાયક

૨. શ્રી આદીશ્વર ભગવંત શ્વેત ૨૯ા ઇંચ નકરો રૂ. ૨૧૦૦૧ મુખ્ય મૂળનાયકની જમણી બાજુ

૩. શ્રી અભિનંદન સ્વામી શ્વેત ૩૧ ઇંચ નકરો રૂ. ૨૧૦૦૧ મુખ્ય મૂળનાયકની ડાબી બાજુ

૪. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ શ્વેત ૪૧ ઇંચ નકરો રૂ. ૨૫૦૦૧ મુખ્ય મૂળનાયકની જ. બા. મૂ. ના.

૫. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૧૩ ઇંચ નકરો રૂ. ૧૧૦૦૧ જમણી બા. મૂ. ના જમણી બાજુ

૬. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૧૫ ઈંચ નકરો રૂ. ૧૧૦૦૧ જમણી બા. મૂ. ની ડાબી બાજુ
૭. શ્રી પદ્મપ્રભુ સ્વામી શ્વેત " ૩૧ ઇંચ નકરો રૂ. ૨૫૦૦૧ મુખ્ય મૂળનાયકની ડાબી બાજુના મૂ. ના
૮. શ્રી પાર્શ્વનાથ ભગવંત શ્યામ ૧૯ા „ નકરો રૂ. ૧૧૦૦૧ ડાબી બાજુના મૂ. ની જમણી બાજુ
૯ શ્રી સંભવનાથ ભગવંત શ્યામ ૧૭ „ નકરો રૂ. ૧૧૦૦૧ ડાબી બાજુની મૂ. ની ડાબી બાજુ

## અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નવકારશી તથા ભાતા આદિને નીચે પ્રમાણેની રકમનો નકરો નિર્ધારિત કરેલ છે.

વિ. સં. ૨૦૧૭ના મહા સુદ ૧૦ ગુરૂવાર તા. ૨૬-૧-૬૧થી મહા વદ ૨ ગુરૂવાર તા. ૨-૨-૬૧ સુધી — દરરોજના સવારના ભાતા માટે રૂ. ૩૦૦૧ ત્રણહજાર એક
મહા વદી ૩ શુક્રવાર તા. ૩-૨-૬૧થી મહા વદી ૬ મંગળવાર તા. ૭-૨-૬૧ સુધી — દરરોજના સવારના ભાતા માટે રૂ. ૫૦૦૧ પાંચહજાર એક
મહા વદી ૭ તા. ૮-૨-૬૧ બુધવારના રોજ — પ્રતિષ્ઠાદિને સવારના ભાતા માટે રૂ. ૭૦૦૧,
મહા વદી ૮ તા. ૯-૨-૬૧ ગુરૂવારના રોજ — સવારના ભાતા માટે રૂ. ૩૦૦૧ ત્રણહજાર એક

## 卐 નવકારશીઓ માટે 卐

મહા સુદ ૧૦ ગુરૂવાર તા. ૨૬-૧-૬૧ મહા વદ ૨ ગુરૂવાર તા. ૨-૨-૬૧ સુધીના — પ્રતિદિનની નોકારશી માટે „ રૂ. ૧૦૦૦૧ દસહજાર એક
મહા વદી ૩ શુક્રવાર તા. ૩-૨-૬૧થી મહા વદ ૬ મંગળવાર તા. ૭-૨-૬૧ સુધી — પ્રતિદિનની નોકારશી માટે „ રૂ. ૧૫૦૦૧ પંદરહજાર એક
મહા વદી ૭ બુધવાર તા. ૮-૨-૬૧ નોકારશી માટે „ રૂ. ૨૧૦૦૧ એકવીસહજાર એક
મહા વદી ૮ ગુરુવાર તા, ૯-૨-૬૧ નોકારશી માટે „ રૂ. ૧૦૦૦૧ દસહજાર એક

આ પ્રમાણે ઉપરની વસ્તુઓની નકરાની રકમ નિર્ધારિત્ત કરેલ છે.

સમેતશિખર એ જૈનોનું મહાતીર્થ છે. આવા મહાતીર્થની પ્રતિષ્ઠાનો પ્રસંગ સેંકડો વર્ષ બાદ કોઈકજવાર આવે છે તો પુણ્યવાનો પોતાની લક્ષ્મીને આવા પવિત્ર કાર્યમાં ખર્ચી સફળતા ઉપાર્જન કરે.

લી:

**શ્રી સંમેતશિખર તીર્થોદ્ધાર કમીટી**

**રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાલા**

ઠે. ગોપીપુરા આગમ મંદિર—સુરત.

# સમાચાર સાર

**શ્રી સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિ પર:** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઉદયસૂરીશ્વરજી મ. પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનંદનસૂરીશ્વરજી મ. તથા પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાલ પરિવાર સહ અત્રે પાલીતાણાખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તેઓશ્રીની પાવન છત્રછાયામાં અનેકવિધ ભવ્યશાસન પ્રભાવના થઇ રહી છે. પૂજ્ય પંચમાંગ શ્રી ભગવતી સૂત્ર પર મનનીય વ્યાખ્યાનો પૂ. પાદ સાક્ષરશિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ દરરોજ સવારે સાહિત્ય મંદિરમાં આપતા હતા. પર્વાધિરાજ પર્યુષણાપર્વ પછી પૂ. પાદ પ્રસિદ્ધવકતા ઉપાધ્યાયજી મહારાજ શ્રી દક્ષવિજયજી ગણિવર્ય શ્રી ભગવતીજી સૂત્ર વાંચે છે. દર રવિવારે પૂ. ઉપાધ્યાયજી મહારાજના જાહેર પ્રવચનો જુદા જુદા વિષયો પર બપોરે થતા હતાં. લોકો સારો લાભ લે છે. બપોરે પૂ. પાદ આચાર્ય મ. શ્રીમદ્ વિજયનંદનસૂરીશ્વરજી મ. પન્નવણાસૂત્ર પર તાત્વિક વાચના આપી રહ્યા છે. પૂ. પાદ આ. દેવોની શુભ નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી. ચતુર્વિધ સંઘમાં તપશ્ચર્યા સારી થયેલી. તપશ્ચર્યા નિમિત્તે જસકોરની ધર્મશાળામાં અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ સુંદર રીતે ઉજવાઇ ગયો. ખુશાલભુવનમાં પૂ. પાદ આ. મ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં ૪૬ સાધુ-સાધ્વી સમૂહ યોગોદ્વહન થયેલ. પૂ. પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિવર શ્રીને છઠ્ઠથી વિસસ્થાનક તપની આરાધના ચાલે છે.

**ઇનામ નિબંધ યોજના:**—શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મુંબઇ તરફથી 'અધ્યાત્મ અને યોગ' અથવા 'આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું 'જીવન અને કવન' આ વિષય પર ઇનામી નિબંધો માંગવામાં આવે છે. સૌથી શ્રેષ્ઠ નિબંધના લેખકને રૂા. ૧૦૦ નું પ્રથમ ઇનામ અપાશે આ ઉપરાંત બીજા નંબરે આવનારને રૂા. ૫૦ ત્રીજા નંબરે આવનારને રૂા. ૨૫ અને ચોથા નંબરે આવનારને રૂા. ૧૫ તેમજ પાંચમા નંબરે આવનારને રૂા. ૧૦ આપવામાં આવશે. નિબંધ કાગળની એક બાજુયે લખવો અને તે આશરે ૨૫૦૦ શબ્દોમાં, વધારેમાં વધારે ૩૫૦૦ શબ્દોથી વધુ ન હોવો જોઇએ. સંસ્થાએ નિયુક્ત કરેલ પરીક્ષકોનો નિર્ણય અંતિમ ગણાશે, ઇનામપાત્ર નિબંધોના સર્વહક્ક મંડલના ગણાશે. નિબંધો માટેની છેલ્લી તા. ૩૦-૧૦-૬૦ છે. આને અંગેના સાહિત્ય માટે કે માર્ગદર્શન માટે સંસ્થાનો પરિચય સાધવો. નિબંધો શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ ઠે. મંગલદાસ એન્ડ કું. ૩૪૭ કાલબાદેવી રોડ મુંબઇ-૨ એ સરનામે મોકલાવી આપવા.

**દુઃખદ અવસાન અંગે શોક સભા:** મહેસાણા નિવાસી ધર્મનિષ્ઠ સેવાભાવી શેઠ શ્રી અંબાલાલ લલ્લુભાઇ ત્રણ વર્ષની લાંબી માંદગી ભોગવી ભાદરવા સુદિ ૧૧ ના રોજ સ્વર્ગવાસ પામતાં સારાયે શહેરમાં હડતાલ પડી હતી તેઓનાં દુઃખદ અવસાન નિમિત્તે શ્રી મહાજન તરફથી એક શોકસભા રાત્રે ૯ વાગ્યે જૈનવાડીમાં નગરશેઠ ફુલચંદ ડાહ્યાભાઇના પ્રમુખ સ્થાને યોજાયેલ. તેમજ શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તરફથી કમિટિએ શોક દર્શક ઠરાવ કરીને સ્વર્ગસ્થને અંજલિ આપેલ. સ્વ. શ્રી અંબાલાલભાઇએ વર્ષો સુધી પાંજરાપોળ, શ્રી સંઘ તથા પાઠશાળાની સેવા બજાવેલ હતી. તેઓ ધર્મના કાર્યોમાં પોતાનો સારો ભોગ આપતા હતા.

**નમ્ર પ્રાર્થના:** પૂ. સાધુ-સાધ્વીજીઓને તેઓને પત્રથી અખતરા માટે તથા દવાઓ કડક હોવાથી શ્રમણ ઔષધાલય તરફથી થોડી દવા મોકલવામાં આવે છે, આ અંગે તેઓએ અન્ય વિચાર ન કરતાં દવા અનુકૂળ આવે વિના સંકોચે ફરીથી દવા

મંગાવવા નમ્ર પ્રાર્થના છે. લિ. શ્રમણઔષધાલય. ૧૫, મેડોકસસ્ટ્રીટ, વેપરી, મદ્રાસ નં. ૭

**સ્વર્ગારોહણ તિથિની ઉજવણી:** પાલીતાણા આરિસાભુવન ખાતે ભાદરવા સુદિ ૧૧ ના દિવસે પૂ. પાદ જગદ્‌ગુરૂ તપગચ્છાધિપતિ મોગલસમ્રાટ અકબરબાદશાહ પ્રતિબોધક આચાર્ય મહારાજશ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. ની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થઇ હતી. પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરે પૂ. જગદ્‌ગુરૂ સૂરીશ્વરજી મ. ના જીવનપ્રસંગો પર લગભગ ૧॥ કલાક સુધી મનનીય પ્રવચન આપ્યું હતું. પૂ. પાદ. સૂરીશ્વરજી મહારાજના ત્યાગ, તપ, નિઃસ્પૃષ્હતા, તથા પ્રભાવક વ્યક્તિત્ત્વ ઇત્યાદિ ગુણોને અનુલક્ષીને તેઓએ નિરૂપણ કરેલ. ત્યારબાદ તેઓના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજે પણ પૂ. સૂરિદેવના ગુણાનુવાદ કર્યા હતા. ભાદરવા વદિ ૧૪ ના દિવસે પૂ. દીર્ઘ ચારિત્રપાત્ર સંઘ-સ્થવિર પ્રશાંત તપોમૂર્તિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. ની પ્રથમ સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થઇ હતી. પૂ. પંન્યાસજી મહારાજે પૂ. બાપજી મહારાજનાં તપ, જ્ઞાનોપાસના, ભદ્રિકતા, સરળતા તથા પ્રશાંતવૃત્તિ ઇત્યાદિ ગુણો વિષે વિવેચન કરી તેઓશ્રીને ભવ્ય અંજલિ આપી હતી. તે દિવસે શ્રી શાંતિનાથજીના જિનાલયમાં આંગી થયેલ. પૂ. તપસ્વી વયોવૃદ્ધ મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજે ૪૫ ઉપવાસની તપશ્ચર્યાના પારણા પછી ભા. વદિ. ૮ થી ૫૧ મી ઓળી શરૂ કરી છે. પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજે શત્રુંજય તીર્થના સાત છઠ્ઠ તથા બે અઠ્ઠમ અને વર્ધમાનતપની ૨૨ મી ઓળી કરેલ છે. પૂ. મુનિરાજશ્રી ભદ્રાનનવિજયજી મહારાજને ૪૬ મી ઓળી ચાલે છે. પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી ભક્તિ વિજયજી ગણિવરશ્રીને આઠમો વર્ષી તપ ચાલે છે. તેઓશ્રીને તલાટીની નવાણું ચાલે છે. પૂ. સાધુ-સાધ્વીજી ઠાણાઓને ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર તથા કા. વ. સૂત્રના યોગોદ્‌વહન પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રીનાં વરદ હસ્તે થયેલ.

સંઘમાં ૩૧, ૨૦, ૧૬, ૧૩, ૧૦, ૯ અઠ્ઠાઇ આદિ તપશ્ચર્યા ઘણી સારી થયેલ. પર્વાધિરાજના દિવસોમાં પૂજા પ્રભાવના, ભાવના, રાત્રી જાગરણ થયેલ. ઘીની કુલ ઉપજ ૧૪૦૦ મણ થયેલ સાધારણની ટીપ ૧૦૦૦ની થયેલ.

**સાવરકુંડલા ખાતે ભવ્ય મહોત્સવ**-પૂ. પ્રવર્તિની સાધ્વીજીશ્રી દર્શનશ્રીજીના શિષ્યા પ્રશાંત વિદુષી સાધ્વીજીશ્રી ત્રિલોચનાશ્રીજી આદિના ચાતુર્માસથી અત્રે શ્રી સંઘમાં અનેક રીતે શાસન પ્રભાવના થયેલ બાલ બ્રહ્મચારિણી પૂ. સાધ્વીજીશ્રી રત્નકીર્તિશ્રીજીના માસખમણની તપશ્ચર્યા તથા શ્રી સંઘમાં થયેલ અનેકવિધ તપસ્યા નિમિત્તે શેઠ શ્રી ધર્મદાસ શાંતિદાસ સંઘની પેઢી તરફથી ભાદરવા વદી ૧૦થી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ જેને અંગે આમંત્રણ પત્રિકાઓ કાઢવામાં આવેલ. મહાજનવાડીમાં પ્રભુજીને પધરાવવામાં આવેલ. દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ ઠાઠથી ભણાવાતી હતી. પૂજા તથા ભાવનાઓમાં તેમજ કથાગીતોમાં સુપ્રસિદ્ધ સંગીતકાર ભાઇ રસિકલાલની મંડળી સુંદર રસ જમાવતી. કથાગીતો દરરોજ ૧૧॥ વાગ્યા સુધી રાત્રે ચાલતાં. જૈન-જૈનેત્તર પ્રજા હજારોની સંખ્યામાં હોંસભેર ભાગ લેતી. મહોત્સવમાં ત્રણ સંઘ જમણ થયેલાં. વદિ ૧૪ ના પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. શ્રીની પ્રથમ સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થયેલ. પૂ. બાપજી મહારાજનું વિરહ ગીત ગવાયેલ. તેઓશ્રીના ગુણાનુવાદ થયા હતા. તે દિવસે સંઘમાં સારી તપશ્ચર્યા થયેલ. ૧૧૫ આયંબિલો, અને ૧૭ અઠ્ઠમ થયેલા. સુદિ. ત્રીજના ઠાઠથી શાંતિસ્નાત્ર ભણાવાયેલ. પાલીતાણા નિવાસી ધર્મનિષ્ઠ માસ્તર કુંવરજીભાઇની મંડલી ક્રિયા કરાવવા આવેલ. ૧૦૧, મણ ઘી બોલીને ધાબળાવાળા વેનુભાઇ વીરજીભાઇ સંઘવીએ શાંતિકલશ લીધેલ ૪૦૦ મણ ઘીની ઉપજ થયેલ ૭૫૦ રૂ. જીવદયાની ટીપ થયેલ અને ભમોદ્રાના ઉપાશ્રયની ૫૦૦ રૂ. ની ટીપ થયેલ. એકંદરે શ્રી સંઘમાં ઉત્સાહ ખૂબજ અદ્વિતીય હતો. શ્રી સંઘમાં વહિવટોનું એકીકરણ

## સમાચાર

**શ્રી સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિ પર:** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઉદયસૂરીશ્વરજી મ. પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનંદનસૂરીશ્વરજી મ. તથા પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાલ પરિવાર સહ અત્રે પાલીતાણાખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તેઓશ્રીની પાવન છત્રછાયામાં અનેકવિધ ભવ્યશાસન પ્રભાવના થઇ રહી છે. પૂજ્ય પંચમાંગ શ્રી ભગવતી સૂત્ર પર મનનીય વ્યાખ્યાનો પૂ. પાદ સાક્ષરશિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ દરરોજ સવારે સાહિત્ય મંદિરમાં આપતા હતા. પર્વાધિરાજ પર્યુષણાપર્વ પછી પૂ. પાદ પ્રસિદ્ધવકતા ઉપાધ્યાયજી મહારાજ શ્રી દક્ષવિજયજી ગણિવર્ય શ્રી ભગવતીજી સૂત્ર વાંચે છે. દર રવિવારે પૂ. ઉપાધ્યાયજી મહારાજના જાહેર પ્રવચનો જુદા જુદા વિષયો પર બપોરે થતા હતાં. લોકો સારો લાભ લે છે. બપોરે પૂ. પાદ આચાર્ય મ. શ્રીમદ્ વિજયનંદનસૂરીશ્વરજી મ. પન્નવણાસૂત્ર પર તાત્વિક વાચના આપી રહ્યા છે. પૂ. પાદ આ. દેવોની શુભ નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી. ચતુર્વિધ સંઘમાં તપશ્ચર્યા સારી થયેલી. તપશ્ચર્યા નિમિત્તે જસકોરની ધર્મશાળામાં અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ સુંદર રીતે ઉજવાઇ ગયો. ખુશાલભુવનમાં પૂ. પાદ આ. મ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં ૪૬ સાધુ-સાધ્વી સમૂહ યોગોદ્વહન થયેલ. પૂ. પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિવર શ્રીને છઠ્ઠથી વિસસ્થાનક તપની આરાધના ચાલે છે.

**ઇનામ નિબંધ યોજના:**—શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મુંબઇ તરફથી 'અધ્યાત્મ અને યોગ' અથવા 'આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું જીવન અને કવન' આ વિષય પર ઇનામી નિબંધો માંગવામાં આવે છે. સૌથી શ્રેષ્ઠ નિબંધના લેખકને

પૂ. પાદ આચાર્યાદિ શ્રમણ ભગવંતોએ પ્રેરણા કરીને સર્વ કોઇ વ્યકિતગત કે સામુદાયિક રીતે આ બીલનો સખ્ત વિરોધ કરવો જરૂરી છે. વિરોધનાં જાગ્રત આંદોલનો ઉભાં કરવા આવશ્યક છે, વિરોધના તાર-પત્રો આદિ નીચેના સીરનામે રવાના કરો ચેરમેન-જોઇંટ સિલેકટ કમિટિ, રિલીજીયસ ટ્રસ્ટબીલ ૧૯૬૦ લોકસભા નઇ દિલ્હી. સીરનામું હિંદી કે ઇંગ્લીશમાં કરવું. આને અંગે વધારે માહિતિ મેળવવા નીચેના સીરનામે પત્ર વ્યવહાર કરો. શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટબીલ પ્રતિકાર સમિતિ ઠે. ગોડીજી બિલ્ડીંગ ૨૦, પાયધુની, મુંબઇ-૨

**વર્ધમાન તપના પાયા**—ભાભર ખાતે પૂ. સાધ્વીજીશ્રી મહિમાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી વર્ધમાન તપના પાયાઓ નાંખવામાં આવેલ, તેની પૂર્ણાહુતિ નિર્વિઘ્ને થતાં જુદા-જુદા ગૃહસ્થો તરફથી પ્રભાવનાઓ થયેલ. શ્રી નવપદજીનાં એકાસણાં તથા નવ લાખ જાપ કરવામાં આવેલ. નવકારવાલીની પ્રભાવના થઇ હતી. ભા. સુદિ ૧૩-૧૪-૧૫ ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમો થયેલ; જેમાં ૧૧૭ ભાઇ-બ્હેનોએ લાભ લીધેલ. પારણાં વજેચંદ નેનસીભાઇ તરફથી થયેલ. સંઘ તરફથી ચરવલા તથા શ્રીફળની પ્રભાવના થયેલ.

**ચાંદાના વર્તમાન**—પૂ. પાદ આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સારી થઇ હતી. સ્વપ્નાં વગેરેનું ઘી પણ સારૂં થયું હતું. તપશ્ચર્યાઓ પણ સારી થઇ હતી. સાયરબેને ચંદનબાળાનો અઠ્ઠમ કરેલ. શાંતાબેને ન્હાની વયમાં અઠ્ઠાઇ કરેલ, પારણું શેઠ લુણકરણ ખજાનચી લઇ ગયેલ. કલ્પસૂત્ર શેઠ સુરજમલ વહોરા લઇ ગયેલ. પર્યુષણાની આરાધના નિમિત્તે સંઘ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ થયેલ, ભવ્ય વરઘોડો ચઢેલ. પૂજા-ભાવના માટે મુંબઇથી ઝવેરી નાનુભાઇ નગીનચંદની મંડલી આવેલ. ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં પાર્શ્વનાથ ચરિત્ર વંચાય છે. ભા. સુદિ ૧૪ના દિવસે પ્રતિક્રમણમાં શેઠ મોતીલાલ વહોરા તરફથી રૂા.ની પ્રભાવના થયેલ.

**સવા લાખ જાપ**-હારિજ (ઉ. ગુ.) ખાતે આસો સુદિ પંચમીના બપોરના ત્રણથી ચાર નમો જિણાણં જિયભયાણં' પદનો સવા લાખનો જાપ સામુદાયિક રીતે થયેલ. આયંબિલ તથા એકાસણા રાખવામાં આવેલ. જાપનું મહત્ત્વ એન. બી. શાહે સમજાવેલ. મહેતા રતનશી કેવલદાસ તરફથી પેંડાની પ્રભાવના થયેલ.

**બેરમોમાં આરાધના**-અત્રે બિરાજતા પૂ. મુનિરાજશ્રી મહાપ્રભસાગરજીએ લાંબી તપશ્ચર્યા કરેલ.



## ચિ. હિનાબેન બિપીનચંદ્ર ઉં. વ. ૬ પાટણ

નાની વયમાં પર્યુષણમાં ચોસઠ પહોરી પૌષધ કર્યા હતા. ચાર વર્ષની વયે તો આયંબિલ કર્યું હતું. પાંચમે વર્ષે ઉપવાસ કર્યો હતો. આ સિવાય પૂજા, ભાવનામાં નૃત્ય ઘણું સુંદર કરે છે. ધાર્મિક અભ્યાસ, સામાયિક સૂત્રની વિધિ સુધીનો કર્યો છે. તિથિના દિવસે એકાસણાં, બે આસણાં કરે છે.

સંઘમાં ૩૧, ૨૦, ૧૬, ૧૩, ૧૦, ૯ અઠ્ઠાઇ આદિ તપશ્ચર્યા ઘણી સારી થયેલ. પર્વાધિરાજના દિવસોમાં પૂજા પ્રભાવના, ભાવના, રાત્રી જાગરણ થયેલ. ઘીની કુલ ઉપજ ૧૪૦૦ મણ થયેલ સાધારણની ટીપ ૧૦૦૦ની થયેલ.

**સાવરકુંડલા ખાતે ભવ્ય મહોત્સવ**-પૂ. પ્રવર્તિની સાધ્વીજીશ્રી દર્શનશ્રીજીના શિષ્યા પ્રશાંત વિદુષી સાધ્વીજીશ્રી ત્રિલોચનાશ્રીજી આદિના ચાતુર્માસથી અત્રે શ્રી સંઘમાં અનેક રીતે શાસન પ્રભાવના થયેલ બાલ બ્રહ્મચારિણી પૂ. સાધ્વીજીશ્રી રત્નકીર્તિશ્રીજીના માસખમણની તપશ્ચર્યા તથા શ્રી સંઘમાં થયેલ અનેકવિધ તપસ્યા નિમિત્તે શેઠ શ્રી ધર્મદાસ શાંતિદાસ સંઘની પેઢી તરફથી ભાદરવા વદી ૧૦થી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ જેને અંગે આમંત્રણ પત્રિકાઓ કાઢવામાં આવેલ. મહાજનવાડીમાં પ્રભુજીને પધરાવવામાં આવેલ. દરરોજ વિવિધ પ્રકારની પૂજાઓ ઠાઠથી ભણાવાતી હતી. પૂજા તથા ભાવનાઓમાં તેમજ કથાગીતોમાં સુપ્રસિદ્ધ સંગીતકાર ભાઇ રસિકલાલની મંડળી સુંદર રસ જમાવતી. કથાગીતો દરરોજ ૧૧॥ વાગ્યા સુધી રાત્રે ચાલતાં. જૈન-જૈનેત્તર પ્રજા હજારોની સંખ્યામાં ઉલટભેર ભાગ લેતી. મહોત્સવમાં ત્રણ સંઘ જમણ થયેલાં. વદિ ૧૪ના પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. શ્રીની પ્રથમ સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થયેલ. પૂ. બાપજી મહારાજનું વિરહ ગીત ગવાયેલ. તેઓશ્રીના ગુણાનુવાદ થયા હતા. તે દિવસે સંઘમાં સારી તપશ્ચર્યા થયેલ. ૧૧૫ આયંબિલો, અને ૧૭ અઠ્ઠમ થયેલા. સુદિ. ત્રીજના ઠાઠથી શાંતિસ્નાત્ર ભણાવાયેલ. પાલીતાણા નિવાસી ધર્મનિષ્ઠ માસ્તર કુંવરજીભાઈની મંડલી ક્રિયા કરાવવા આવેલ. ૧૦૧, મણ ઘી બોલીને ધાબળાવાળા વિનુભાઇ વીરજીભાઇ સંઘવીએ શાંતિકલશ લીધેલ ૫૦૦ મણ ઘીની ઉપજ થયેલ ૭૫૦ રૂ. જીવદયાની ટીપ થયેલ અને ભમોદ્રાના ઉપાશ્રયની ૫૦૦ રૂ. ની ટીપ થયેલ. એકંદરે શ્રી સંઘમાં ઉત્સાહ ખૂબજ અદ્વિતીય હતો. શ્રી સંઘમાં વહિવટોનું એકીકરણ

થયા પછી સમસ્ત સંઘ તરફથી ઉજવાયેલો આ પ્રથમ જ મહોત્સવ હતો. પૂ. માસખમણના તપસ્વી સાધ્વીજી શ્રી રત્નકીર્તિશ્રીજીના પારણા પ્રસંગે શ્રીસંઘ સહિત તપસીજીને પોતાના ઘેર આમંત્રણ આપી પગલાં કરાવનાર શ્રી રામચંદ ડુંગરશી તરફથી વૈયાવચ્ચ ખાતામાં તે પ્રસંગે રૂા. ૫૧૧ ની જાહેરાત કરવામાં આવેલ. નવપદજીની ઓળીની આરાધના પૂ. સાધ્વીજી મ. શ્રીની નિશ્રામાં સુંદર રીતે ઉજવાઇ. સાત વર્ષની બાળાઓએ પણ સારી સંખ્યામાં ઓળી કરેલી.

**તેરવાડામાં ચમત્કાર:** તેરવાડા (જી બનાસકાંઠા) માં જિનાલયમાં ભાદરવા સુદિ ૧ ના બપોરના ચાર વાગે ભગવાન શ્રી ગોડીજી પાર્શ્વનાથ પાસે અકસ્માત ધૂપની સુગંધ ફેલાયેલ. રાત્રે ગભારામાં પ્રકાશિત દીવા સાથે ધૂપ થયેલ અગાઉ એક વખત રાત્રે નાટયારંભ પણ થયેલ આ ચમત્કાર દરમ્યાન અનેક માણસોએ પાર્શ્વનાથ પ્રભુનો જાપ ચાલુ રાખેલ.

**કોલ્હાપુરમાં આરાધના:** અત્રે પૂ. મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. ચોસઠ પ્રહરી પૌષધ ૫૦ હતા ૧૨, ૧૧, ૧૦ આદિ તપશ્ચર્યા થયેલ અઠ્ઠમવાળાથી માંડી તે ઉપરાંતના તપસ્વીઓની પારણાની ભક્તિનો લાભ શેઠ નાથાલાલ હાથીભાઇના સુપુત્રોએ લીધેલ દરેક ખાતામાં ઉપજ સારી થયેલ. બધું મલીને ૮ હજારની ઉપજ થયેલ. આજુબાજુ ૨૦ ગામોએથી આરાધના કરવા આરાધક ભાઇઓ આવેલ બહારગામવાળા ભાઇઓ માટે રસોડું ખુલ્લું હતું. ભા. સુદિ. ૬ ના ઠાઠમાઠથી રથ સાથે વરઘોડો નીકળેલ તે દિવસે બન્ને ટાઇમ સાધર્મિક વાત્સલ્ય થયેલ. અનેક ગૃહસ્થો તરફથી જુદી-જુદી પ્રભાવનાઓ થયેલ.

**સરસપુર (અમદાવાદ)માં આરાધના:** પૂ. મુનિરાજ શ્રી નરોત્તમવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં અત્રે પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. અક્ષયનિધિતપની આરાધના થયેલ ૧૦ અઠ્ઠાઇઓ થયેલી તપશ્ચર્યા નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળેલ પૂ. મુનિરાજશ્રીને ૯૧ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ઠાઠમાઠથી પૂજા ભણાવાયેલ.

**'ધર્મચક્ર' માસિક પ્રસિદ્ધ થશે:** શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોની સર્વકલ્યાણકર ભાવનાની પ્રભાવનાના ઉદ્દેશથી કાર્તિક સુદિ પંચમી-જ્ઞાન પંચમીના શુભ દિવસે 'ધર્મચક્ર' માસિક પ્રસિદ્ધ થશે. સંપાદક: મફતલાલ સંઘવી ઠે. રીસાલા બજાર નવા ડીસા, વાર્ષિક લવાજમ રૂા. પાંચ.

**ચાંદ્રાઇ:** અત્રે પૂ. પંન્યાસજી મ. શ્રી શાંતિવિમલજી મ. શ્રીની પર્વાધિરાજની આરાધના સુંદર થયેલ તપશ્ચર્યા સારી થયેલ પારણાનું ઘી ૭૦૦ મણથી શેઠ વરધીચંદજી પન્નાલાલે લીધેલ. દેવદ્રવ્યની ઉપજ કુલ ૧૦ હજારની થયેલ દેરાસરજીમાં પંચતીર્થના પટની ઉછામણી થતાં ૨૫ હજાર થયેલ. અત્રે હાઇસ્કુલ માટે સંઘ તરફથી ૩૦ હજારની સખાવત થયેલ રથયાત્રાનો વરઘોડો નીકળેલ સાધર્મિક વાત્સલ્ય થયેલ. ધર્મારાધના સુંદર થયેલ છે.

**સ્વર્ગારોહણ તિથિની ઉજવણી:** પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભુવનવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ ઉજવાઇ હતી. સવારે વ્યાખ્યાનમાં પૂ. સ્વર્ગીયસૂરિદેવના ગુણાનુવાદ થયેલ બપોરે પટણીશ્રી ચીમનલાલ મોહનલાલ તરફથી પૂજા, આંગી, પ્રભાવના વગેરે થયેલ. પાટણવાવમાં પ્રગટ થયેલ શ્રી સંપ્રતિ મહારાજના ભવ્યબિંબ શ્રી પાર્શ્વનાથ પ્રભુને લેપ થતાં અઢાર અભિષેકની ક્રિયા ઠાઠથી થયેલ. સંઘમાં ઉત્સાહ સારો હતો.

**જાહેર વ્યાખ્યાન:** અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીનું 'જૈનદર્શનનું રહસ્ય' એ વિષય પર તા. ૧૧-૯-૬૦ રવિવારે એક જાહેર પ્રવચન થયેલ પૂ. આચાર્ય મહારાજશ્રીએ ૧।। કલાક સુધી વિષયને સ્પર્શતું પ્રવચન આપ્યું


હતું. બાદ પૂ. આચાર્ય મહારાજશ્રી વિજય અમૃત-સૂરીશ્વરજી મહારાજે જૈનશાસનનો વિજય મોહના વિજયમાં છે, એ હકીકતને અનુલક્ષીને સર્વજીતનું દૃષ્ટાંત સમજાવેલ. આ જાહેર પ્રવચનમાં જુદા-જુદા સમુદાયના ૬૦ ઉપરાંત પૂ. મુનિરાજો તથા ૨૦૦ ઉપરાંત સાધ્વીજીઓ પધારેલ તેમાં પૂ. આ. મ. શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી મ. (પૂ. બાપજી મ. ના) પૂ. પંન્યાસજી મ. શ્રી મંગલવિજયજી મહારાજ (લુવારનીપોળ) પૂ. મુનિરાજ શ્રી ધર્મસાગરજી ગણિ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી મ. (પૂ. સાગરજી મ. ના) પૂ. પં. શ્રી સુભદ્રવિજયજી ગણિ. (ડહેલા-વાળા) પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ. (પૂ. બાપજી મ. ના) પૂ. મુનિરાજ શ્રી ઈંદ્રસાગરજી મ. (પૂ. આ. મ. શ્રી બુદ્ધિસાગરજી મ. ના) તેમજ સાધ્વીસમૂહમાં પણ જુદા-જુદા સમુદાયના સાધ્વીજીઓ હતા. સ્થાનકવાસી મહાસતીજીઓની હાજરી પણ ધ્યાન ખીંચતી હતી. જૈન શ્રમણ સંસ્થાની ઐકયતા આ પ્રવચનમાં જણાતી હતી. જાહેર વ્યાખ્યાનમાં શ્રાવક-શ્રાવિકા વર્ગની સંખ્યા બે હજારથી વધુ હતી.

**અમીઝર્યું:** તેનીવાડા (તા. સિદ્ધપુર) ખાતે મૂલનાયક શ્રી નેમિનાથજીના અંગે ભાદરવા સુદિ ૫ ના અમી ઝરેલ. તે પ્રસંગે શ્રી જૈનસંઘ તેમજ જૈનેતરોએ દર્શનનો લાભ લીધેલ. અત્રે પર્વાધિરાજની આરાધના સુંદર થયેલ. પાઠશાળાના શિક્ષક આદિએ અઠ્ઠાઇ કરેલ. પૌષધો સારી સંખ્યામાં થયેલ. પૂજા પ્રભાવના થયેલ. વરઘોડો ઠાઠથી નીકળેલ.

**જિનેંદ્રભકિત મહોત્સવ:** ઇડર ખાતે પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર શ્રીની શુભ નિશ્રામાં પૂ. પંન્યાસજી મહારાજ શ્રી મહિમાવિજયજી મહારાજના ભાદરવા વદિ ૧૨ ના ૫૨ મા વર્ષના પ્રવેશ સમયે તેઓશ્રી ચારિત્ર ધર્મમાં વૃદ્ધિ કરે તે મંગલ હેતુથી જિનેંદ્રભકિત મહોત્સવ યોજવામાં આવેલ. સવારના પ્રભાતીયા ગવાયેલ. પૂ. બંન્ને પંન્યાસજી મહારાજાઓને બાવન ગહુંલિઓથી વધાવવામાં આવેલ. બન્ને પંન્યાસજી મહારાજના પ્રવચનો થયેલ. વ્યાખ્યાનમાં ઘણાઓએ જુદા જુદા અભિગ્રહો લીધેલ. ગુરૂપૂજન બાદ છાણીવાળા શેઠ સોભાગચંદ નગીનદાસ તરફથી પ્રભાવના થયેલ. બપોરના શેઠ છોટાલાલ મણિલાલ લલિત બ્રધર્સવાળા તરફથી ઠાઠથી પૂજા ભણાવવામાં આવેલ. પૂજામાં નટવરલાલ ગવૈયા આવેલ રાત્રે ભાવનામાં પણ ભકિતરસની અપૂર્વ રમઝટ આવેલ. અત્રેના શ્રી લબ્ધિસૂરીશ્વર સેવાસમાજે અને શ્રી વડાલી મહિમાવિજય સેવા મંડળે ધાર્મિક પ્રોગ્રામો કરેલ, આ પ્રસંગે મુંબઇ, પુના, તલેગામ, છાણી, વડાલી આદિ ગામોના ભાવિકો આવેલ. વદિ ૧૨ના નવકારશી જમણ શેઠ નાનચંદ જુઠાભાઇ તરફથી થયેલ. વદિ ૧૩ ના ઇડર સંઘ તરફથી નવકારશી થયેલ. લલિત બ્રધર્સ તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ એકંદરે મહોત્સવ રમણીય બનેલ.

**માલણમાં ધર્મારાધન:** અત્રે પૂ. પંન્યાસજી મહારાજશ્રી હીરમુનિજી મહારાજ આદિ બિરાજમાન છે. અંતરાયકર્મ નિવારણ સામુદાયિક એકાસણાઓ થયેલ. ૧૨૦ ભાઇ-બ્હેનોએ લાભ લીધેલ. વર્ધમાન તપના પાયા નખાયેલા, ૩૦ ભાઇ-બ્હેનોએ લાભ લીધો હતો. પર્યુષણપર્વની આરાધના અપૂર્વ રીતે થયેલ. વ્યાખ્યાનાદિમાં લોકોએ સારો લાભ લીધેલ. ભા. સુદિ બીજના દિવસે સત્તરભેદી પૂજા ભણાવાતી ત્યારે દેરાસરની ચારે દીવાલોમાંથી અને થાંભલાઓ અને કાચમાંથી અમી ઝરેલ જે સર્વ કોઇએ જોયેલ પૂ. તપસ્વી મુનિરાજશ્રી તિલકમુનિજી મહારાજે માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. બીજી પણ ૧૫, ૧૧ આદિ ઉપવાસોની તપશ્ચર્યા થયેલ. સુદિ ૬ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢેલ. તપશ્ચર્યા નિમિત્તે શ્રી સંઘ તરફથી ભાદરવા સુદિ ૭ થી અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો. સુદિ ૧૨ ના શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. બહારગામથી ભાઇ-બ્હેનો સારા પ્રમાણમાં આવેલ પૂ. સાધ્વીજી શ્રી પ્રગુણાશ્રીજીએ ચત્તારિ અઠ્ઠની તપશ્ચર્યા કરી હતી. બ્હેનોમાં તેમના ચાતુર્માસથી જાગૃતિ સારી આવી છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રી સુંદરમુનિજી વ્યાખ્યાન આપે છે.

**આયંબિલખાતાના મકાનનું ઉદ્‌ઘાટન:** સાવરકુંડલાખાતે શ્રી આયંબિલ વર્ધમાન તપ ખાતાના નવા મકાનનું ઉદ્‌ઘાટન આસો સુદિ ૧૦ ના ભવ્ય સમારોહ પૂર્વક થયેલ. તે નિમિત્તે મુંબઇથી દેવચંદ ગુલાબચંદ ભંડારીયાવાળા તથા મણિલાલ રામચંદ આદિ આવ્યા હતા. કલકત્તાથી શેઠ મણિલાલ વનમાલીદાસના ધર્મ પત્ની સૌભાગ્યબેન પણ આવ્યા હતા. સૌભાગ્યબ્હેન તરફથી પાઠશાળાની બાળાઓની તથા નવપદજીની ઓલીની આરાધના કરનારાઓની ભકિત થયેલ.



**પૂ. મુનિરાજશ્રી નયવિજયજી મહારાજ**

જેઓએ ઉંદરાખાતે પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ગત પર્યુષણામાં માસખમણની તપશ્ચર્યા કરી હતી. આ સિવાય નવ વરસના દીક્ષા પર્યાયમાં ઘણી મોટી તપસ્યાઓ કરી છે. બત્રીસ ઉપવાસ બે, માસક્ષમણ બે, ચોવીસ ઉપવાસ એક, સત્તર ઉપવાસ ત્રણ, સોળ ઉપવાસ ત્રણ નવ-નવ ઉપવાસની ઓળી નવ, સિદ્ધિતપ એક, છ અઠ્ઠાઇની આરાધના, અઠ્ઠાઇથી વરસીતપ બે વખત આ સિવાય નવ, દશ, અગીઆર, બાર, તેર વગેરે ઉપવાસોની તપસ્યા ઘણી કરી છે, મુખ્ય-મુખ્ય તપશ્ચર્યાઓ જ લખી છે. **ધન્ય મુનિરાજ! ધન્ય તપશ્ચર્યા!**

**કાનજી સ્વામીના અનુયાયીઓનાં કરૂણ રકાસ:** સાવરકુંડલા ખાતે કાનજીસ્વામીના બે ત્રણ અનુયાયીઓ તેમના મતનું સ્થાનક બંધાવવા તૈયારીઓ કરે છે. બ્હારગામથી મદદ મેળવીને અને સ્થાનિક સહાયથી મકાન માટે જગ્યા લીધી છે. તે નિમિતે ખાતમુહૂર્તના પ્રસંગે બ્હારગામના ભાઇઓને બોલાવી વરઘોડો કાઢેલ. પણ ગામમાં જૈનસંઘ તો કાનજી-સ્વામીના મતની વિચિત્રતાથી તથા નિશ્ચય નયની ખોટી વાતોથી સાવચેત હોવાથી કોઇએ તેમાં ભાગ લીધો નહતો. અત્રે બિરાજમાન પૂ. સાધ્વીજીની પ્રેરણાથી જૈનસંઘમાં સર્વે નવા સોનગઢી પંથની ભ્રામક વાતોથી સાવધ રહેલ, એથી તેમના અનુયાયી વર્ગનો કરૂણ રકાસ થયો છે.

**કુવાલામાં અમી ઝર્યા:** બનાસકાંઠાના કુવાલા ગામમાં ભાદરવા સુદ ૧ના દિવસે બપોરે બાર વાગ્યે સ્નાત્ર ભણાવતાં ૬૦ થી ૭૦ માણસોની હાજરીમાં મૂલનાયકની જમણી બાજુમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથને અમીઝરેલ અને સુદિ બીજ મૂલનાયક શ્રી જીરાઉલાપાર્શ્વનાથને પણ અમીઝરેલ અત્રેના શ્રી સંઘમાં તથા જૈન-જૈનેતરવર્ગમાં ખૂબ આનંદનું વાતાવરણ થયેલ.

**કુસંપ મટી ગયો:** પૂ. પાદ આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપાદષ્ટિથી ભંદર [વા. પીંડવાડા] ગામમાં સંઘમાં જે કુસંપ ૬-૭ વર્ષોથી ચાલુ હતો તે મટી ગયો અને દેરાસરજીનો વહિવટ સંભાળવા કમિટિની નિમણુંક થઇ છે.

**ટ્રસ્ટ એક્ટ ૧૯૬૦ના વિરોધ ઠરાવો:—** દીલ્હીની લોકસભામાં ભારત સરકારે રજુ કરેલ ધાર્મિક ટ્રસ્ટ નિયમન બીલના વિરોધમાં મુંબઇ લાલબાગ ખાતે સમસ્ત જૈનસંઘની વિશાલસભા પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષપદે મળેલ ને બીલને અંગે સખ્ત વિરોધ વ્યક્ત કરેલ.

દાદર જૈનજ્ઞાન મંદિરમાં પણ સભા મળેલ. તે રીતે અમદાવાદખાતે પ્રેમાભાઇ હોલમાં પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીના અધ્યક્ષપદે જૈનોની જાહેર સભા મળેલ ને વિરોધ પ્રદર્શિત કરેલ. શિવગંજ ખાતે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં રાજસ્થાનના જૈન સંઘોની સભા મળેલ અને પ્રસ્તુત બીલને અંગે તેનો વિરોધ પ્રદર્શિત કરીને તે બીલ કોઈપણ રીતે પાસ ન થાય તે માટે તેઓશ્રીની શુભ પ્રેરણાથી બીલ વિરોધ સમિતિ નિયુકત થઇ છે. છે ગામે-ગામના, તથા શહેરે-શહેરના જૈનસંઘોએ જાગ્રત બનીને આ બીલની સામે પોતાનો જોરશોરથી વિરોધ વ્યક્ત કરવો એ આજે પ્રથમ ફરજ છે.

**જૈનશાસ્ત્રી લેખન પ્રચાર સમિતિની સ્થાપના** વિ. સં. ૨૦૧૫ શ્રાવણ વદિ ૮ના યાદગિરિમાં જૈન શાસ્ત્ર લેખન પ્રચાર સમિતિની સ્થાપના થઇ હતી. જેનું મુખ્ય કાર્યાલય પનવેલ [જી. કોલાબા] હોઇ લેખન કાર્ય અનેક સ્થલોયે થાય છે. તાડપત્ર અને કાગળો પર જૈન આગમો પંચાંગી તેમજ અન્ય ગ્રંથો લખાવવા તથા તેનો પ્રચાર કરવો એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. તાડપત્રો પર આગમો લખાયા છે. કાગળો પર પણ આગમો લખાવાય છે. બહુ જ ઝીણવટ-પૂર્વક તપાસીને શુદ્ધ કરાવાય છે. જેઓને આ જ્ઞાન ભક્તિનો લ્હાવો લેવો હોય તેઓએ ગ્રંથોના નકરાનું લીસ્ટ મંગાવી લેવું. નકરાની રકમ આપનારનું નામ ગ્રન્થના અંતમાં અને ગ્રન્થ રક્ષક લાકડાની પેટીમાં લખવામાં આવશે. વિશેષમાં આ લખાયેલા અને લખાવવાના તથા છપાયેલા ગ્રંથોનો ૬૦ થી ૭૦ હજાર રૂ.નો અમૂલ્ય ગ્રંથસંગ્રહ સદુપયોગ અને રક્ષણ માટે કોઈ સંસ્થાને ભેટ તરીકે સોંપી દેવાનો છે. ગ્રંથો લખાવવા ઇચ્છનારે અને તે દ્વારા પોતાની સંપત્તિનો લાભ લેવા ભાવના રાખનારે તેમજ ગ્રંથસંગ્રહ સાચવી શકનારે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો; શ્રી ચુનીલાલ હેમાજી મંત્રી: શ્રી જૈનશાસ્ત્રી પ્રચારલેખન સમિતિ: મુ. પનવેલ (જી. કુલાબા) (મહારાષ્ટ્ર.)



**પૂ. પદ્મયશાશ્રીજી મહારાજ જેઓ હાલ પાલીતાણા આરીસાભુવનમાં પોતાના ગુરૂ સાથે બિરાજે છે. જેઓ ત્રણ વર્ષના ગાળામાં ૮૦૦ આયંબિલ કર્યા છે. ૫૦૦ આયંબિલ એકધારા કર્યાં હતાં.**

**એક નિવેદન:** મુંબઇ ઘાટકોપરથી અરવિંદ મીલ્સ લિ. ના શેરહોલ્ડર ભાઇ પોતાના એક નિવેદનમાં જણાવે છે કે, 'હું અરવિંદ મીલ્સ લિ. નો' શેરહોલ્ડર છું, શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ 'કામા હોટલ લિ.'ના શેર ૫૦૦ મીલ તરફથી લીધાં છે. પરંતુ મારા જાણવામાં આવ્યું છે કે, સદરહુ હોટલમાં માંસાહારીખાણું તૈયાર કરવામાં આવે છે. અને તે ખોરાક પારસવામાં આવે છે, તો પંચેન્દ્રિય જીવોની જ્યાં હિંસા થતી હોય તે હોટલના ભાગીદાર તેઓ પોતે થઇ અમારા જેવા ભાગીદારોના માથે તે પાપ નાંખેલ છે. માટે મારી તેઓને વિનંતિ છે કે, તેઓ કોઇપણ રીતે જલ્દી તે શેરો વેચીને દરેક શેરહોલ્ડરને પાપ મુકત કરશે!

**ભોજન સમારંભની વ્યવસ્થા:** તા. ૧૮-૯-૬૦ ના રોજ શ્રી મુંબઇ સેંડહર્સ્ટ રોડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના સભ્યોનો એક ભોજન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં ૨૨૦૦ માણસો જમવા છતાં દરેક રીતે સુવ્યવસ્થા

ચોખવટ અને બિલકુલ બગાડ થયા વિના નિયત સમયે ભોજનસમારંભ પૂર્ણ થયેલ જે જૈન સમાજ માટે આનંદદાયી કહી શકાય.

**નિબંધનું પારણામ:** શ્રી જૈન સભા–કલકત્તા દ્વારા ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણક પ્રસંગે ભારતીય સંસ્કૃતિ પર 'ભ. શ્રી મહાવીરદેવનો ઉપકાર' એ શિર્ષક નિબંધ મંગાયેલ તેમાં શ્રી કન્હૈયાલાલજી મુરડીયા છોટી સાદડીવાળાના હિંદી લેખને પ્રથમ પુરસ્કાર રૂા. ૧૦૧ તેમજ પ્રોફેસર એસ. પી. જૈનના અંગ્રેજી લેખને શ્રી રતનલાલજી રામ દ્વારા ૫૧ રૂા. ના પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

**સેવા માટે સન્માન સમારંભ:** પીંડવાડા (રાજસ્થાન)માં વૈશાખ મહિનામાં ઉજવાયેલ ભવ્ય અંજન શલાકા મહોત્સવ પ્રસંગે જેઓએ પોતાની સેવા આપેલ, તે બધાયનો સન્માન સમારંભ શેઠ શ્રી હીરાચંદ ગુલાબચંદજીના અધ્યક્ષસ્થાને ઉજવાયો હતો મહોત્સવ પ્રસંગે સતત પોતાની સેવાઓ આપનાર શ્રી સરમથમલજી રાયચંદજીને તથા યશસ્વી રીતે મહોત્સવને સફલ બનાવનાર શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાને તાજેતરમાં જેનો મહોત્સવ ઉજવાયો તે જિનાલયની આકૃતિવાળું ચાંદીનું કાસ્કેટ અર્પણ થયેલ ત્યારબાદ શેઠ મનરૂપજી અચલદાસવાળા શેઠ ખુબચંદભાઇને પણ કાસ્કેટ અર્પણ થયેલ તેમજ શ્રી સંઘ તરફથી ત્રણેયને માનપત્ર સમર્પણ થયેલ. તદુપરાંત અન્યાન્ય કારીગરો, ગબૈયા કોન્ટ્રાકટરો ઇત્યાદિને પણ યોગ્ય સન્માન તથા ઔચિત્ય થયેલ. પીંડવાડા સંઘ પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. શ્રી પાસે શિવગંજ ખમત ખામણા માટે ગયેલ. પીંડવાડા સંઘ તરફથી સંઘમાં શ્રીફળની પ્રભાવના કરેલ અને પ્રભુજીને સુંદર આંગી રચવામાં આવેલ.

**સિદ્ધક્ષેત્રની પુણ્ય ભૂમિપર ઉપધાનતપની આરાધના :** પાલીતાણા ખાતે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉપધાનતપનો પ્રારંભ આસો સુદિ ૧૧ના થયેલ છે; બીજું મુહૂર્ત આસો સુદિ ૧૪ નું હતું. બન્ને મુહૂર્તોમાં ભાઇ–બ્હેનો થઇ આશરે ૪૨૫–૪૩૦ લગભગની સંખ્યા છે. જેમાં પાલીતાણા, અમદાવાદ, ખંભાત, આદિ અનેક સ્થળોના ભાગ્યશાલીઓ ગિરિરાજની પુનિત છત્રછાયામાં આરાધના કરી રહ્યા છે. ખરતરગચ્છના પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્‌ જિન-આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં આસો સુદિ ૧૦ના ઉપધાન તપનો પ્રારંભ થયેલ. બીજું મુહૂર્ત આસો સુદિ ૧૫નું હતું. બન્ને મુહૂર્તોમાં પ્રવેશ કરનાર ભાઇ–બ્હેનોની સંખ્યા ૭૦–૭૫ લગભગ છે. બન્ને સ્થળે ઉપધાનતપ સુખશાતા પૂર્વક ચાલે છે.

**પર્યુષણાપર્વની આરાધના :** ખુશાલ ભુવન–અમદાવાદ ખાતે પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય સુરેંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ આદિની શુભ નિશ્રામાં સુંદર રીતે ઉજવાઇ હતી. ઉપજ સારી થયેલ. ભા. વદિ ૧ થી વર્ધમાનતપના પાયા નંખાયેલ. નવપદજીની આરાધના સુંદર થઇ હતી. નવે દિવસ ઠાઠથી પૂજા ભણાવવામાં આવેલ. વ્યાખ્યાનમાં જનસમૂહ સારો લાભ લેતો. પારણા શેઠ લાલભાઇ લલ્લુભાઇ પરીખ તરફથી કરાવવામાં આવેલ. જુદી–જુદી પ્રભાવનાઓ થયેલ.

**અમદાવાદમાં જૈનોની જાહેર સભા :** અખિલ ભારત જૈન સંસ્કૃતિ રક્ષક સભાના ઉપક્રમે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં તા. ૨૦–૯–૬૦ ના દિવસે પ્રેમાભાઇ હોલમાં જૈનોની એક જાહેર સભા યોજાઇ હતી. જેમાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. શ્રી આદિના પ્રવચનો થયેલ. અને કોંગ્રેસ સરકાર તરફથી યોજનાઓના નામે કતલખાના તથા મત્સ્યઉદ્યોગ જેવા કાર્યો દ્વારા જે હિંસા વધી રહી છે, તે યોજનાઓ પડતી મૂકવા ગુજરાત સરકારને અનુરોધ કરતો ઠરાવ, તથા ટ્રસ્ટ બીલ જે ભારતની લોકસભામાં રજુ થયેલ છે. તેનો સખ્ત વિરોધ કરવા ઉપરાંત તે બીલ મુલથી જ

રદ કરવાનો અને આધ્યાત્મિક બંધારણવાળા જૈન ધર્મ પર નિયંત્રણો નહિ મુકવાનો સરકારને અનુરોધ કરતા ઠરાવો થયેલ. આને અંગે સક્રિય કરવા સંસ્કૃતિ રક્ષક સભાને સોંપવામાં આવેલ અને સલાહકાર સમિતિની રચના થયેલ તથા ફંડ એકત્ર કરવાનું કાર્ય હાથ ધરાયું હતું.

**ભિક્ષા નિવારણ બિલનો વિરોધ :** રાજસ્થાન સરકારે પસાર કરેલ 'રાજસ્થાન ભિક્ષાવૃત્તિ નિવારણ વિધેયક–૧૯૫૮' બીલની મર્યાદામાં જૈન સાધુ–સાધ્વી વર્ગ પણ આવી જાય છે. તે માટે તે બીલમાંથી તેમને બકાત રાખવા કલકત્તામાં શ્રી સંતોષચંદ્ર બરડીયાના પ્રમુખપદે જૈનસભા મલી હતી. શ્રી ચંદરામપુરીયા આદિના વક્તવ્યો થયેલ, ને જૈનસાધુ–સાધ્વી વર્ગની ભિક્ષા, સાધારણ ભિક્ષુકો જેવી નથી પણ તે વિશિષ્ટ કોટિની છે. આ રીતના અનેક વક્તાઓના વક્તવ્યો થયેલ ને બીલનો વિરોધ કરવા પૂર્વક જૈન સાધુ–સાધ્વીવર્ગને આ બીલમાંથી મૂકત રાખવાનો ઠરાવ સર્વાનુમતે પાસ થયેલ.

**દુઃખદ અવસાન:** મુંબઇ ભાયખાલા વર્ધમાન તપ આયંબિલ ખાતાના સેક્રેટરી અને શિવ જૈન–સંઘના મુનીમ રાધનપુર નિવાસી ચતુર્થ વ્રતધારી તપસ્વી ભાઇ ભૂરાલાલ રતનશી વડેચાનું ૫૦ વર્ષની વયે સર હરકીશનદાસ હોસ્પીટાલમાં સમાધિપૂર્વક દુઃખદ મૃત્યુ થયું છે. તેમના દુઃખદ અવસાન નિમિત્તે ભાયખાલા ખાતે એક શોકસભા કચ્છ ફરાદી નિવાસી ધર્મપ્રેમી શેઠશ્રી તેજશી ખેરાજ મજગામવાળાના પ્રમુખપણામાં મળેલ સ્વ. ના ગુણાનુવાદ અનેક ભાઇઓએ કરેલ. સ્વ. શ્રી ભૂરાલાલ છેલ્લા બાર વર્ષથી પર્યુષણામાં ચોસઠ પહોરી પૌષધ અને અઠ્ઠાઈ કરતાં પોતે સુંદર આરાધના કરતા અને બીજાઓને આરાધના કરાવતા હતા. ભાયખાલા વર્ધમાન તપ આયંબિલ ખાતામાં તેમનો ફાળો ઘણો હતો, તેઓએ પોતાની પુત્રીને દીક્ષા અપાવેલ હતી. અને પોતે દીક્ષા લેવાની ભાવના રાખતા હતા. તેઓ ધર્મનિષ્ઠ ક્રિયારૂચિ તથા સંસ્કારી હતા અનેકોને ધર્મમાં જોડવામાં તેઓ ઉત્સાહી હતા. સ્વર્ગસ્થના આત્માની સર્વે કોઇએ શાંતિ ઇચ્છી હતી.

**જૈન ઉપાશ્રય માટે દાન:** સિકંદ્રાબાદ ખાતે ખંભાતથી પં. શ્રી છબીલદાસ પર્યુષણાપર્વ પ્રસંગે આવેલ. આઠેય દિવસો સુંદર આરાધના થઇ હતી. રાત્રે ચર્ચા–વિચારણા તથા મનનીય વકતવ્યો તેમના થતા હતા. શેઠ પુનમચંદજી કોચર તરફથી રૂા. ૪૫ હજારના ખર્ચે ઉપાશ્રય બંધાવવાનું નક્કી થયેલ છે. દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્યાદિની ઉપજ સારી થયેલ પં. શ્રી એ નિઃસ્વાર્થ ભાવે સુંદર લાભ આપ્યો હતો. રૂા. ૫૧) શ્રી મહેસાણા પાઠશાળાને મોકલવામાં આવેલ સ્થાનિક પાઠશાળાના કાયમી નિભાવ માટે રૂા. ૪૨ હજારની યોજના ત્રણ વર્ષ માટે પાસ કરવામાં આવેલ છે. પાઠશાળાની પરીક્ષા લીધેલ ને, મેળાવડો ભવ્ય રીતે ઉજવાયેલ.

**પોરબંદરખાતે આરાધના:** પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં શંખેશ્વરપાર્શ્વનાથના અઠ્ઠમો, ચૌદપૂર્વતપની આરાધના થતા તેની અનુપમ ઉજવણી થયેલી. તામ્રમય સિદ્ધચક્રયંત્ર નિમિત્તે ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ થયેલ. પૂજા આંગી થયેલ. જિનેન્દ્રભગવંતોના બૃહદ્ અઢાર અભિષેકો થતા તેની ઉપજ ૯૦૦ મણ જેટલી થઇ હતી. શ્રા. સુદિ ૧ના શેઠ હરકીશનદાસ દેવચંદ ભણશાલી તરફથી સિદ્ધચક મહાપૂજન થયેલ સિદ્ધચક્રયંત્રનો ભવ્ય વરઘોડો ચઢેલ તેમના તરફથી પ્રભાવના થયેલ સાંજે એક ભાઇ તરફથી સંઘ જમણ થયેલ દેવદ્રવ્ય જીવ–દયા આદિની ટીપ સુંદર થયેલ. પૂજા–ભાવના માટે સંગીતકાર રસિકલાલ આવેલ. ક્રિયા માટે શ્રી ચીનુભાઇ આવેલ જનતામાં ભાવોલ્લાસ સુંદર પ્રગટયો હતો. પર્વાધિરાજની આરાધના અને તપશ્ચર્યા સુંદર થઇ હતી.

**શિક્ષણ સંસ્થામાં તપસ્યા:** પાલીતાણા ખાતે શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલમાં આ વર્ષે ૪ વિદ્યાર્થીઓએ ૧૧ ઉપવાસ, ૪ વિદ્યાર્થીઓએ ૯ ઉપવાસ અને ૧૨ વિદ્યાર્થીઓએ અઠ્ઠાઇની તપશ્ચર્યા પર્યુષણા પર્વની આરાધના નિમિત્તે કરી હતી.

વિદ્યાર્થી મનમોહનના પિતાશ્રી મણિલાલ લક્ષ્મીચંદ તરફથી શ્રી સંવત્સરી પ્રતિક્રમણમાં શ્રીફળની પ્રભાવના થયેલ. તપસ્વીઓને પ્યાલા તથા રૂા. ની પ્રભાવના થયેલ. થાલી, વાટકા, પાલાની પણ બીજા ભાઇઓ તરફથી પ્રભાવના થયેલ. મોતીકડીયાના ઉપાશ્રયમાં ભાવના થયેલ.

**ખંભાતમાં આરાધના :** પાર્શ્વચંદ્ર ગચ્છના ઉપાશ્રયે પૂ. મહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજીની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના ઉલ્લાસપૂર્વક ઉજવાઇ હતી. સાધ્વીજી શ્રી મહોદયાશ્રીજીએ તથા તેમના સંસારી બ્હેન સમરતબ્હેને માસખમણની તપશ્ચર્યા શાતાપૂર્વક કરી હતી. પાયચંદગચ્છના આગેવાન કાંતિલાલ ઝવેરીના સુપુત્રો વય વર્ષ ૧૫ તથા વય વર્ષ ૧૮ નાએ અઠ્ઠાઇ તપ કરેલ. ગચ્છની ન્હાની વસતિમાં બીજી પણ આઠ અઠ્ઠાઇઓ તથા છઠ્ઠ—અઠ્ઠમો ઘણા થયેલ. સંઘમાં ચાર સાધર્મિક વાત્સલ્યો થયેલ. લગભગ ૧૮ વર્ષે ગચ્છના સંઘ તરફથી કલ્પસૂત્રનો વરઘોડો ચઢેલ. ૩૫૦૧, ટાંક બોલીને કમલાબ્હેન કાંતિલાલ ઝવેરીએ રામણ દીવો લીધેલ. ભા. વદિ ૪ ના આચાર્ય મ. શ્રી સાગરચંદ્રસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણ તિથિ ઉજવાયેલ. માસખમણ નિમિત્તે સિધ્ધચક્ર મહાપૂજન ધામધુમથી થયેલ. સમરતબેન તરફથી વાસણનું લ્હાણું થયેલ આસો સુદિ ૧ થી ચૈત્ય પરિપાટી થયેલ.

**લીંબડી :** પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી ઠાણા ૨ અને સાધ્વીજી ઠાણા ૯ ચાતુર્માસ અર્થે અત્રે બિરાજમાન છે, વિવિધ પ્રકારની ધર્મારાધના થાય છે. પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના થઇ હતી. તપશ્ચર્યા અઠ્ઠાઇ આદિ, તથા ચોસઠ પ્રહરી પૌષધો થયેલ. નવકારશીઓ, રાત્રીજાગરણ, વરઘોડા રથયાત્રાનો વરઘોડો આદિ બધું સુંદર થયેલ. વ્યાખ્યાન દરરોજ ચાલે છે, વર્ધમાનતપની ઓળીઓ સંઘમાં ચાલે છે, વર્ધમાનતપના પાયાઓ પણ નંખાયા છે. ભાદરવા વદિ ૧૪ ના પૂ. બાપજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવેલ. આસો સુદિ ૧ ના પૂ. પાદ આ. મ. શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ ઉજવાઇ હતી. શ્રી શાંતિજિનભક્તિ સમાજે સંવાદોનો પ્રોગ્રામ કરેલ સંઘ તરફથી તેમને ઉત્તેજન ફાળો થયેલ.

**તમારો વિરોધ જલ્દી નોંધાવો!** શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિ એક જાહેર નિવેદન દ્વારા જણાવે છે કે ભારત સરકારદ્વારા લોકસભામાં રજૂ થયેલ 'રિલીજિયસ પબ્લિક ટ્રસ્ટ બીલ–૧૯૬૦' જે સીલેકટ કમિટિને સોંપાયેલ છે, તેની સામે જૈન સંઘોએ વ્યકિતગત તથા સામુદાયિક પોતાનો વિરોધ નોંધાવવો જરૂરી છે. આ બીલ જૈનોને લાગુ ન પડે તે રીતે જૈનસમાજે મક્કમતાપૂર્વક સંગઠિત બનીને વિરોધ આંદોલનો જાગ્રત કરવા જોઇએ.' તમારો વિરોધ આજે જ ધી ચેરમેન જોઇન્ટ સીલેકટ કમિટિ, રીલીજીયસ પબ્લિકટ્રસ્ટ બીલ ૧૯૬૦, લોકસભા, ન્યુદીલ્હી ' એ રીતે તારો તથા સહીઓ સાથેના ઠરાવો તાત્કાલિક મોકલાવી આપો! જાગો, જૈનો જાગો, તમારા ગૌરવ માટે આજે તમાને સંગઠિત બનીને એકી અવાજે વ્યકત કરવાની જરૂર છે. જો જો, ભૂલમાં જાય નહિ પ્રમાદને ખંખેરીને આટલું કર્તવ્ય આજે જ અદા કરો!

**માંડાણીમાં સિદ્ધચક્ર બૃહત્ પૂજન ;** માંડાણી (રાજસ્થાન) ખાતે પૂ. પંન્યાસજી મહારાજશ્રી જયંતવિજયજી મહારાજ તથા તેઓના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી યતીંદ્રવિજયજી (વ્યાકરણ તીર્થ) ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર થયેલ. તપશ્ચર્યામાં ૨ માસ ખમણ, ૨નવ ઉપવાસ, ૧૫ અઠ્ઠાઇઓ, ૩ સિદ્ધિતપ આદિ તપશ્ચર્યાઓ થયેલ. પર્વાધિરાજની ઉજવણી તથા તપશ્ચર્યા નિમિત્તે શ્રી સંઘ તરફથી શ્રી સિદ્ધિચક્ર બૃહત્ પૂજન ઠાઠથી થયેલ. બહારગામથી ૬૦૦ માણસો આવેલ. વિધિવિધાન માટે અમદાવાદથી શેઠશ્રી ચીનુભાઇ લાલભાઇ આવેલ. સાંજે સાધર્મિક વાત્સલ્ય થયેલ બહારગામના મહેમાનો માટે રસોડું ખુલ્લું હતું એકંદરે આરાધના સુંદર થઇ હતી.

**જૈન ઉપાશ્રયનું ખાતમુહુર્ત :** અમદાવાદમણિનગરખાતે ધાર્મિક ક્રિયાઓ કરવા માટે જૈન–